" શ્રી માંગલિકય ચતુષ્ક. "

—•—

(શાર્દૂલ વિક્રીડિત છંદ.)

(૧)

આજે પંચમ કાળમાં ભવભીતિ, ભવ્યાત્મની ટાળતા,
મિથ્યામોહ મહાંધકાર દળવા, સન્માર્ગ સંભાળવા;
વર્તે છે જયવંત અંત કરવા, સંસારના ફંદને,
વંદો મંગળ એહ શાસનપતિ, શ્રીત્રિશલા નંદને.

(૨)

ધારીને અભિમાન અંતર અતિ, સર્વજ્ઞ પાસે જતા,
પેખ્યા દીન દયાળ શાન્ત પ્રભુને [1]દિવ્યાસને શોભતા;
થાતા [2]વીપ્ર સનાથ નાથ શરણે, અજ્ઞાનને વામતા,
વંદો ગૌતમ આદિએ ગણધરા, સત્કાર્ય આરંભતા.

(૩)

વર્ષાકાળ વિશાળ ભાવ ધરતા, કોશ્યાતણા સ્થાનમાં,
ઉત્યા કામ વિકાર નિશ્ચળપણે, રહેતા સદા ધ્યાનમાં;
વંદો તે સ્થુલિભદ્ર મુનિ મહા, થયા [3]વીરના શાસને,
[4]ધન્યો મુનિ જૈન "દુર્લભ" કવે, કર્મોતણા નાશને.

—⊛⊛⊛⊛—

શ્રીયુત ગુલાબચંદ જીવાભાઇ મહેતા. વલા (વલ્લભીપુર).

નગરશેઠ.



જન્મ વિક્રમ સંવત ૧૯૧૧ ના ભાદ્રપદ શુક્લ પૂર્ણિમા.

ઘેથી આર્ટ પ્રિન્ટિંગ વર્કસ. [illegible] ફોર્ટ, મુંબઇ

અર્પણ પત્રિકા.

શિરછત્ર તીર્થસ્વરૂપ પૂજ્ય પિતાશ્રી

ગુલાબચંદ જીવાભાઇ મહેતા—વળા.

મને બાલ્યાવસ્થાથી જ્ઞાન સંપાદન કરાવવાની આપની અંતઃકરણની ઉત્કંઠા અને સત્પ્રેમ માટે હું આપનો હંમેશાનો ઋણી છું.

પુત્ર પ્રતિ માતપિતાનો પ્રેમ અવર્ણનીય હોય છે. તેમાં પણ જે પિતા જ્ઞાનરૂપી વારસો અહર્નિશ પોતાના સદ્જ્ઞાનવડે પુત્રને અર્પણ કરે છે તે આ ભવ અને પરભવમાં અને વિશેષમાં મનુષ્ય જીંદગીની સાર્થકતામાં અમૂલ્ય ઉપકારક છે.

તે મુજબ આપશ્રીએ આપના સદ્જ્ઞાનવડે આ અલ્પજ્ઞ બાળકને આત્મપ્રેમથી ધર્મમાર્ગમાં તેમજ આત્મહિત માટે જે સદ્ભાવના રેડી છે તે કદિ નહિં વિસરાય તેવો ઉપકાર છે.

ભવ્યજીવોના આત્મહિતાર્થે અલ્પમતિ અનુસાર આ રચાયેલ "દુર્લભ કાવ્ય કલ્લોલ" આપનીજ કૃપાપ્રસાદીનું ફળ હોઇને તે આપના કરકમળમાં અર્પણ કરી કૃતાર્થ થાઉં છું એજ પ્રાર્થના.

લી० હું છું આપનો ચરણસેવક,

બાળ દુર્લભ.

અનુક્રમણિકા.



પ્રસ્તાવિક દોહરા એક. દ્વિ. ત્રિ. અર્થીક મેળવેલા.

દોહરા.

ધન દાટે પૃથ્વી હસે, ઓષધ ખાતા કાળ;
વ્યભિચારી નારી હસે, પતિ ખેલાવત બાળ. ૧

દિયાકા ગુણ તેલહે, દિયા કરો સબ કોય;
પડી વસ્તુ સુજે નહિં, જો કર દિયા ન હોય. ૨

[1]ચરણ ધરત ચિન્તા કરત, ત્યાજત શોર બકોર;
[2]સુવર્ણ કું ઢુંઢત ફીરે, કવિ, વ્યભિચારી, ચોર. ૩

---

૧ ચરણ=પેહેલીઉપમા પાદ. બીજામા પાય=પગ.

૨ સુવર્ણ=પેહેલીઉપમા સારાશબ્દ. બીજામા સુન્દર રૂપ. ત્રીજામાં સોનું, હેમ.

દુર્લભજી વિ૦ ગુલાબચંદ, મહેતા. વળા (વલ્લભીપુર).



શાન્તમૂર્તિ મુનિ મહારાજ શ્રી [illegible] પંન્યાસ [illegible],
શ્રી [illegible]
[illegible] દુર્લભ [illegible]
[illegible] વિક્રમ સંવત [illegible] ના [illegible]

[illegible] મુંબઈ

ઉપોદ્‌ઘાત.

સંગીતમાં એવી શક્તિ છે કે જેથી આત્માને ઉલ્લાસ વધે છે. નિત્યકર્મ આત્મભાવના અને કર્મનિર્જરા અર્થે જે જ્ઞાન આપવામાં મેળવી શકાય છે, તેને બદલે પ્રભાતીયાં, સ્તવન, સજ્ઝાય, આદિ કાવ્ય રચનાદ્વારા તે જ્ઞાન વધારે રસપૂર્વક કરી શકે છે. તેથી પ્રસંગવશાત્ ગુરૂકૃપાથી જે રચના થઇ શકી છે તેનો સંગ્રહ આજે વાંચક વૃંદની સેવામાં રજુ કરતા મને આનન્દ થાય છે.

એ તો સર્વના જાણવામાં છે કે આર્યક્ષેત્રમાં ઉત્તમકુળે મનુષ્ય જન્મ સબળ પુન્યના યોગેજ પ્રાપ્ત થઇ શકે છે ને તેથીજ ઇંદ્રાદિક દેવાધિપ સાહીબી પ્રાપ્ત થયા છતાં પણ ઉપરોક્ત જન્મની ચાહના કરે છે આવો દેવ દુર્લભ મનુષ્ય જન્મ સબળ પુન્યના યોગે પ્રાપ્ત થયા છતાં ઘણી વખત સપ્ત દુર્વ્યસન તેમજ અઢાર પાપસ્થાનક જેના સેવનથી જીવ ભારેકર્મી થઇ અધોગતિને પ્રાપ્ત થાય છે માટે તેવા પાપપ્રસંગોને પારખી તેનાથી બચી જઇએ ત્યારેજ મનુષ્ય જન્મની સાર્થકતા થઈ શકે અને તે પછીજ દ્વાદશ ભાવનાનો અનુભવ થાય તો તેના સેવનથી ક્રોધ, કષાય, માયા, મમત્વ, ઇર્ષા, અહંમમ્ આદિના આત્માને ચડેલા ચીકણા થર સાફ થઇ જાય.

આ ઉપરથી પાપથી બચવા અને દ્વાદશ ભાવનાને સ્હેલાઇથી પીછાણી શકાય તેવી વૃત્તિથી શાસ્ત્રમાં તેના અંગે જે પ્રબોધ છે તે છુટક કાવ્યો રૂપે રચીને આ ગ્રંથમાં મુકવાનો પ્રયત્ન કર્યો છે કે જેથી કાવ્યરસ દ્વારા ધ્યાનસ્થ વૃત્તિ કેળવતાં આત્મા આત્મસ્વરૂપને ઓળખી શકે.

આ ઉપરાંત આ ગ્રંથમાં શ્રી સિદ્ધિગિરિરાજના સ્થળો સ્થળના સ્તવનો, ભવપૂજા તેમજ નવાણું યાત્રા કરનારને અવલથી આખર સુધીની વિધિ કરવામાં ખાસ ઉપયોગી તેમજ તીર્થ મહાત્મ્ય અને અનંત સિદ્ધ દર્શનિક મ્હારા નવાણું યાત્રાના પ્રસંગે સંવત ૧૯૬૮ માં ખાસ રચેલા હતા તે પણ

ॐ નમઃ શ્રી પરમાત્મને.



શ્રીયુત ગુલાબચંદ જીવાભાઇ મહેતા. વળા (વલ્લભીપુર) ના નગરશેઠ (મારા પૂજ્ય પિતાશ્રી) ના જીવનમાંથી ધડો લેવા લાયક નોંધ.

જેમની કૃપા અને શુદ્ધ સંસ્કારથી મેં ધર્મ ઓળખ્યો અને જેમની કાળજીથી હું કંઇક લખી શક્યો તે ઉપકારની યાદમાં મારા પૂજ્ય પિતાશ્રીનું નામ સ્મરણ આ સંગ્રહસાથે જોડવાની મારી ફરજ સમજી શરૂઆતમાં તેમનો ફોટો મુકવાનો મેં નિશ્ચય કર્યો અને તે સાથે તેઓશ્રીના જીવનચરિત્રની નોંધ હું લેવા ધારૂં છું તેમ તેઓશ્રીએ જાણ્યું કે તુરત મને હસતાં હસતાં જણાવ્યું કે–

"દુર્લભ! જીવન ચરિત્રો તો મહાન્ પુરૂષોનાજ શોભે કે જેમણે નિઃસ્વાર્થ દેશસેવા કરી હોય અને અભ્યુદયવાળા અનેક કામોથી અખંડ નામના મેળવી હોય. કેવળ અમુક દીવસે જન્મ, વિદ્યાભ્યાસ, લગ્નાદિ ઉત્સવ, પુત્ર પરીવાર, સંતતીનું સુખ, ધંધાની ધમાલ, અમુક પૈસા થયા, અમુક સંખ્યામાં વાપર્યા, અમુક ઠેકાણે ચડયા પડયા એવા લખાણો જનસમાજને શું કામના છે તે હું સમજી શકતો નથી.

એકંદર મારૂં જીવન મેં સાદું ગુજાર્યું છે. કોઇ જાતનો ડાળ-દંભ નહિ રાખતાં કોઇનું બુરૂં કે છેતરપીંડી કરી નથી. બનતાં સુધી પ્રમાણીકતા જાળવી છે; મને નગરશેઠ તરીકે સંબોધી પ્રજાલીડર તરીકે કહે છે. પરંતુ નાગરીક જનોમાં સહુથી અગ્રપણું અંકાઈ તેવા મારામાં ગુણ હોય એમ હું પોતે માનતો નથી. અલબત્ બનતાં સુધી રાજ્યસાથે વફાદાર રહી જનમંડળનો ચાહ મેળવતા ૬૯ વર્ષ કાઢી નાખ્યાં દરમિયાન મારી ખામીઓ પકડી રાખીને કોઈપણ વ્યક્તિ કડવાશથી મારા સામે જોતી નથી એજ મારા અહોભાગ્ય માનું છું. મારા

* જન્મ સંવત ૧૯૧૧ ભાદરવા શુદ ૧૫

આટલી જીંદગી દરમીયાન કેટલાક આત્મકલ્યાણના તથા વ્યવહારિક સારા કાર્યો પસાર કરતાં મનુષ્યમાત્ર ભૂલને પાત્રછે તે મુજબ દોષ પણ હોય તેને દબાવી કેવળ આત્મશ્લાઘાના ગુણગા જનસમૂહની નીચાતળે મુકવા એ મને પસંદ નથી."

ખરેખર ઉપકારક પુરૂષો હમેશાં નિરાભિમાની હોય છે તેનો મને આ વાતથી પ્રત્યક્ષ અનુભવ થયો, છતાં તેમના જીવન પ્રસંગમાંથી મુખ્ય મુખ્ય બાબતો નોંધી લેવાની મારી હોંશ હું રોકી શકતો નથી તે માટે ક્ષમા માગી લઉં છું.

અમારૂં મહેતા કુટુમ્બ વળામાં કાળા મહેતાના નામથી ઓળખાયછે. કાળા મહેતા અમારા પીતામહ જીવા મહેતા અને મુળજી મહેતા એ ત્રણ સહોદર બંધુ મુખ્ય પુરૂષની આજ્ઞાને આધિન હતા. કાળા મહેતાયે આ સ્ટેટમાં ૩૦ વર્ષ સુધી દીવાનગીરી કરી તે વખતે સ્ટેટના કામ માટે સાહેબ સ્વારીમાં તેઓને ઘણે ભાગે બહાર રહેવું પડતું એટલે એકંદર અમારા પિતામહ જીવાભાઈ સ્ટેટનું માનનીક હોદા સાથે કામ કરતા. તે સાથે રાજ્યકુટંબના બાઇશ્રીઆણંદીબાનો મુખ્યપણે કારભાર કરતા હતા. બાઇશ્રીઆણંદીબા જે અસલ આ રાજ્યના માલેક ઠાકોર સાહેબ હરભમજીના ટીલાયત કુમાર કલ્યાણસિંહજીના ઠકરાણા હતા. તે મંગળસ્વરૂપ ભગવતી દેવી સરખા હતા. તેઓને સંતતી નહિં હોવાથી હાલના રાજ્યકર્તા ઠાકોર સાહેબ વખતસીંહજીના વડવા ઠાકોર સાહેબ પૃથીરાજજીને રાજ્યસુખ મળ્યું. આવી અખંડ સદવૃત્તિથી બાઇ શ્રી મોસુકને જીવાઇમાં ત્રણ ગામ સારા પેદાશવાળા તથા તાલુકાના દરેક ગામમાં માળ, બાપ, કન્યાદાપુ, કમળેજમાં આંબાનું વન વીગેરે કેટલીક સાધન સાથે બહોળો ગરાસ હતો અને રાજ્યના તરફથી સંપૂર્ણ માન જળવાતું હતું. તેઓની નેક નીતીથી જીદગીના છેડા સુધી નોકરી કરતા અમારા પિતામહ જીવાભાઇનું સંવત ૧૯૨૭ ના ભાદરવા વદ ૧ ના અકસ્માત હૃદય બંધ પડવાથી ભવિષ્ય થયું. તે વખતે તેઓને એક પુત્ર-અમારા પિતાશ્રી ફક્ત ૧૧ વર્ષની નાની વયમાં હતા. વય નાની છતાં પુખ્તબુદ્ધિને લઇ બાઇ શ્રી આણુંદીબાનો કારભાર સંવત ૧૯૩૨ સુધી એટલે બાઇ શ્રી હયાત હતા

ત્યાંસુધી તેમણેજ કર્યો. તેમાં ઉપરીનું મન રાજી રાખતા પોતાની આબરૂ ઇજ્જતની પણ વૃદ્ધિ કરી.

બાદ આણંદીબાના સ્વર્ગવાસ પછી પોતે સરાફ ધંધાની લાઇનમાં જોડાયા અને 'આપ રળેલું ખાય બાપથી કરે સવાઇ' એ કહેવત ચરિતાર્થ કરી આ વાતને પાંચ દશકા વીતી ગયા છતાં અત્યારસુધી દિન પ્રતિદિન પોતાની નિષ્કલંક અને વૃદ્ધિગત આબરૂ જાળવી સુખી જીંદગી ગુજારી છે અને કારકીર્દિને દીપાવી છે.

પાલીતાણા અને મહુવા વચ્ચે જ્ઞાતિ બંધારણના કાર્યને અંગે મહુવા વાળાએ પોતાના સ્થળમાં રહેતા અમુક પટણીના ઘરોને જ્ઞાતિમાં લીધા તે સંબંધમાં ક્લેષ ઉત્પન્ન થતાં એટલુંબધુ ગંભીર રૂપ પકડ્યું કે તીર્થભૂમિમાં થતા નવકારશી વિગેરેના જમણવારો અટકી પડયાં અને તે લગભગ ૮ વર્ષ સુધી ક્લેષ લંબાયો. જૈન સમુદાયમાં આવા બનાવથી ખળભળાટ થયો. કેટલાક નામાંકિત પુરૂષો આ તીર્થભૂમિ ઉપર સ્વામી ભક્તિનું મહાન્ પુન્ય ઉપાર્જન કરવા બેનસીબ રહ્યા; જ્ઞાતિ તકરારે આખા ઇતર સમુદાયમાં ગમે તેટલો પ્રયાસ લેવા છતાં તકરારનો બંધવળી કાર્યસીદ્ધિ પતી ન હતી દરમીયાન સંવત ૧૯૬૮ ની સાલમાં હું તથા મારા માતુશ્રી જે નગરશેઠ ઝવેર જેકાભાઇની પુત્રી થાય છે તે શ્રી સિદ્ધગિરિરાજની નવાણું યાત્રા કરતા હરેક તદબીરે આ ક્લેષ દૂર કરવા અમારા પિતાશ્રીયે તનતોડ મહેનત કરી. આ તકરારની શરૂઆતમાંથી તેઓએ સમાધાની કરવા ખામી ન રાખી હતી. મહુવા અને પાલીતાણા બેઇ ઉપર કોરસ્પોન્ડેટ ચલાવી ખાસ સમજુતને માટે વળામાં જ્ઞાતિ આગેવાનોને તેડાવવા આમંત્રણ કર્યું; પરંતુ ભવિતવ્યતા પાક્યા વિના એ વીચાર સળ ન પડયા. છેવટ ઉપર જણાવ્યા મુજબ સંવત ૧૯૬૮ માં ૧ માસ લગભગ પાલીતાણામાં રહી યુક્તિ પ્રયુક્તિથી સહુને સમજાવી સદ્‌ભાગ્યે એ તકરાર નાબુદ કર્યો અને પોતાના વડીલના નામે એ સ્થળ ઉપર પ્રથમ નવકારશી કરવાનું માન સંપાદન કર્યું. ત્યારબાદ અનેક જમણવારો ચાલતા થયા તે એક મહાન્ પુન્ય ઉપાર્જન કર્યું.

વળાના રાજ્યકર્તા ઠાકોર સાહેબ પૃથીરાજજીએ વળાની પાંજરાપોળમાં વાર્ષિક રૂ. ૩૫૦) દરવર્ષ આપવા ઠરાવ કર્યો જે લગભગ ૩૫ વર્ષ સુધી લેવાયા પછે જોડી વધુ રકમને માટે સ્ટેટ સાથે મહાજનને વાંધો પડ્યો તે સુધારવા પ્રયત્ન શરૂ હતો. બલકે હદ કદામહમાં ૨૨ વર્ષ સુધી એ રકમ આવતી અટકી પછી તે છેવટ પોતાની કાર્યદક્ષતાથી અનેક પુરાવા આપી સ્ટેટ કારભારી મે. ચીન સાહેબ કે જેના હાથમાં રાજ્યની સ્વતંત્ર સત્તા હતી તેઓને સમજાવી એપલીકેશનો આપી તથા રાજ્યકર્તા નામદાર ખુદાવીંદ ઠાકોર સાહેબ સાથે સંપૂર્ણ ઇખલાસ જાળવી તે બાબતનો નીવેડો લાવ્યા. રૂ. ૩૫૦) ને બદલે રૂ. ૩૦૦)ની રકમ નક્કી કરી બાવીશ વર્ષની ચડતના રૂ. ૬૬૦૦) તેજુરીના ચોપડે અહીંયા કજ્જાના લીટમાં ચડાવી જમે કરાવ્યા અને સંવત ૧૯૭૩ થી કાયમ યાવતચંદ્ર દીવાકરૌ પાંજરાપોળને રૂ. ૩૦૦) દરવર્ષ મળે જાય એવો લેખિત ઠરાવ મેળવ્યો,

આ શિવાય બહાર ગામથી પાંજરાપોળો દેરાસરો તીર્થસ્થળો વિગેરેની ટીપો આવે તેમાં તેમજ સ્થાનીક સ્થળમાં અષ્ટાન્હિકા મહોચ્છવ, ઉજમણા, મહાન્ સ્નાત્રો ભણાયા, નવું બંધાયેલ જૈન મન્દિરનો પ્રતિષ્ઠ મહોચ્છવ થયો તે વીગેરેમાં પોતાની સ્વશક્તિ અનુસાર આગેવાનપણે ભાગ લઇ દ્રવ્ય વ્યય કરવા ચુક્યા નથી તેમજ કોઇને નારાજ કરેલ નથી.

આત્મકલ્યાણને માટે પૈસા ઉપર, સાતક્ષેત્ર સંબંધે, જીંદગીના છેડા સુધી અમુક રકમ વાપરવા નીયમ લેવાની સાથે વાર્ષિક સદ્વ્યય કર્યા કરે છે. દેવભક્તિ પૂજન પ્રભાવના સ્વામીવત્સલો વીગેરેમાં તથા કેટલાક પોતાના કામમાં કામ રાખી વૃદ્ધ ઉમ્મર હોવા છતાં કર્યે જાય છે. શારિરિક શક્તિ સારી ટકી રહી છે, ઘરપણે પોતાનો અમલ તેમના ઉપર બેસાડવામાં દયા ખાધી છે એ પણ પુર્વ પુન્યની નીશાની છે.

ગોહિલવાડ પ્રાંતની વીશાશ્રીમાળી જ્ઞાતિના ધારાધોરણ નિયમ સંવત ૧૯૫૨ ની સાલમાં ટાણા મુકામે બંધાયેલ જે ધારાનો અમલ શિથિલ થતાં પાલીતાણાના મુખ્ય આગેવાનોને આંહી બોલાવી તથા બીજા તમામ

શા. રણછોડ ભીમજીનો સહી દ. પોતે
શા. ગુલાબચંદ હુકમચંદની સહી દ. પોતે
ધરૂ જેઠા માવજીની સહી દ. પોતે
મેતા જેઠા કુંવરજીની સહી દ. ત્રીભોવન જસરાજ
વોરા ખેચર ગાંડાની સહી દ. પોતે
વોરા જુઠાભાઇ સાકરચંદ
શા. કુંવરજી મોતીચંદની સહી દ. પોતે
સંઘવી નાનચંદ કુંવરજીની સહી દ. પોતે
કુંવરજી મુળચંદ શાહ
મેતા મુળજી મોતીચંદની સહી દ. અનોપચંદ
શા. ગોરધન જીવરાજ દ. પોતે
સંઘવી મેઘજી જુઠા દ. ભાઇચંદ

આ વખતે અમારૂં કુટુમ્બ બહોળું થયેલ છે. અમો ત્રણે ભાગો તેમજ અમારી સંતતી વીગેરે બાળબચ્ચાના સર સંબંધ સારા કુળવાનમાં જોડી લગ્નાદિ પ્રસંગો, વરાખરાના જમણવારો પણ ઇજ્જતના પ્રમાણમાં કરી યશ મેળવેલ છે.

રાજ્ય સાથે વફાદાર રહી તેમના કામ માટે કેટલાક કામોમાં નીમણુક થતાં બજાવી આપતા પ્રજાવર્ગમાં તકરારના અંગે લેવદેવના અંગે સહુ કોઇનો તેમના ઉપર પૂર્ણ વિશ્વાસ હોવાથી અનેક ફેસલા ઠરાવો આપી સહુનો ચાહ મેળવેલ છે. ઉત્તર અવસ્થાયે પણ રાજ્ય અને પ્રજાના પૂર્ણ સન્માનને પાત્ર થયા છે. પ્રજાની અનિવાર્ય હરકતો રાજ્યાધીશ તથા અમલદારો પાસે રોશન કરી બનતા સુધી દૂર કરાવી આ વખતે જોઇએ ત્યારે રાજા પ્રજા વચ્ચે સુસંપ અને ઇખલાસ જામી રહેલ છે તે તેમની કાર્યદક્ષતાનુંજ પરિણામ છે. પરમાત્મા તેમને દીર્ઘાયુ બક્ષો ઇતિશમ્ ૐ શાંતિ.

વલા (વલ્લભીપુર)
વિક્રમ સંવત ૧૯૮૦ના
અશાડ શુક્લ એકાદશી.

લી.
ચરણોપાસક કૃપાકાંક્ષી બાળ,
દુર્લભજી વિ૦ ગુલાબચંદ મહેતા.



"દુર્લભ-કાવ્ય કલ્લોલ."

—※(◎)※—

ગ્રંથારંભે માંગલિક સ્તુતિ.

(હરિગીત છંદ.)

દુર કાઢયું વરસી દાનથી, દાળિદ્ર દિક્ષાં અવસરે,
કહિ લક્ષમાં દુષ્કર્મ જે, ચકચૂર સ્વાત્મબળે કરે;
ભવભય હરણ તારણ તરણ, નમું એહ [1]ચરમ તિરથપતી,
જીનેંદ્ર એ અમ ગ્રંથ રચના-માં, દિયો રૂડી મતી. ૧

શુદ્ધ તત્વનો ભંડાર છે, જિન આગમો સોહામણા,
જાગેલ દ્રઢ શ્રદ્ધાન, ભાવ નિહાળતા તેઓ તણા;
બતલાવવા ભવિ જીવને, નિસ્પૃહવૃત્તિ અંતર ધરી,
સંયમમતિ ગુરૂરાજ એ, નમિયે અમે પ્રેમે કરી. ૨

ટાળવા દુઃખો દુનિયા તણાં, સર્વજ્ઞ ભાષિત ધર્મને,
મન શુદ્ધ શ્રદ્ધાએ ધરિ, ભવિ જાણતા તસ મર્મને;
હૈયુ સુધારે આત્મનો, પડતા બચાવે દુર્ગતી,
તારે [2]ભવાબ્ધિ [3]સુયાન, "દુર્લભ," ધર્મના સેવન વતી. ૩

—※◎※—

૧ ચરમ=છેલ્લા શ્રી મહાવીર સ્વામી ભગવાન. ૨ ભવાબ્ધિ=ભવ સમુદ્ર. ૩ સુયાન=વહાણ.



" પ્રકરણ–પ્રથમ. "

સપ્ત દુર્વ્યસન.

(દોહરા.)

વૃદ્ધિ વિજય સુગુરૂ નમી, સમરી સારદ માય;
સ્હાય કરો ગુરૂ સરસ્વતિ, માગું આપ પસાય. ૧

ધુતક્રિડા માંસ સુરા, વેશ્યાગમન શિકાર;
ચોરી પરસ્ત્રિગમન મળી, સપ્ત વ્યસન સંસાર. ૨

રઝળાવે ભવચક્રમાં, દુઃખ અતિશય થાય;
" દુર્લભ " કહે દુર્વ્યસનનું, વર્ણન હવે કે'વાય. ૩

" ધુતક્રિડા દુર્વ્યસન પહેલું. "

(અવરમદન અલબેલો આતો દિસે અ૦ એ રાગ.)

ધુતક્રીડા દુઃખકારી, દિસે અતી ધુતક્રીડા દુઃખકારી;
ફળ કિંપાક સમાન સુન્દરતા, ખાતા પ્રાણ ખુવારી; દિસે૦ ૧
વારિ તણા વમળે ચડી પામર, નિડરપણું હ્યે સ્વિકારી; દિસે૦ ૨
સાટા સોદા અફિમ રૂ પેટી, વર્ષા રૂતુ તણા રી; દિસે૦ ૩

સંક્રાતરિયો પાસા પતાદિક, વિધવિધ યુક્તિ પ્રસારી; દિસે૦ ૪
જંગી અફીણી કેફી રફંગા, જેના ગુલામ જુગારી; દિસે૦ ૫
વિણુ મહેનત મનવાંછિત સુખની, પાથરી જાગ પથારી; દિસે૦ ૬
જાર માતા અતિ લાલચુ એટી, નકટે નાત વધારી; દિસે૦ ૭
પાંડવ સરિખા પૂર્ણ પ્રતાપી, હાર્યા દ્રૌપદી નારી; દિસે૦ ૮
બાર વરસ લગી વન દુઃખ વેઠ્યાં, ભમિયા જેમ ભીખારી; દિસે૦ ૯
નળ દમયંતી સતી તજી વનમાં, પામ્યો વેળા નઠારી, દિસે૦ ૧૦
બહુ મૂલા મોતીના પાણી, હરવા ઔષધિ ભારી; દિસે૦ ૧૧
વિણુ મોતે મરતા કરી સાહસ, આબરૂદાર વેપારી; દિસે૦ ૧૨
દુર્ગુણ દુર્વ્યસનો બહુ પ્રગટે, જો જો અધિક વિચારી; દિસે૦ ૧૩
સ્વજન સરલ રગાવાના રસ્તા, ગ્રહણ કરો સુખકારી; દિસે૦ ૧૪
"દુર્લભ" કહે દુર્વ્યસનો તજવા, દુર્જન સંગ નિવારી; દિસે૦ ૧૫

માંસ ભક્ષણ દુર્વ્યસન બીજું.

(રઘુપતિ રામ હૃદયમાં રહેજો રે. એ રાગ.)

ભક્ષાભક્ષ વિવેક ન જાણે રે, પરમાટી વાપરતા ખાણે રે;
દયા લેશ ન ઉરમાં આણે, બોળે પણ આર્યનું દુર્વ્યસની રે.
બૂરી ટેવ પડી નાહકની (એ આંકણી) બોળે૦ ૧
મુંગા પ્રાણી અહોનિશ મરતા રે, દયાહિન કસાઈઓ હણતારે;
કંપી ઉઠે હૃદય સાંભળતા;.................................બોળે૦ ૨
બેં બેં શબ્દ પોકારતા બકરારે, ગળે વાય બાંધી દાતરડા રે;
ગૌમાતના રખડે આંતરડા;.................................બોળે૦ ૩
જાળ નાખીને જળચર હણતારે, પડ્યા પાસલે બહુ તરફડતારે;
ઉગ્ર પાપો ગ્રાહક શિર ચડતા;.................................બોળે૦ ૪

ગૌચર જીવ અનાથને બાંધેરે, તીર તરકસ કામઠા સાંધે રે;
મરે જીવ વિના અપરાધે;..............................ઓળે૦ ૫
શૂરવીર ક્ષત્રિયો વ્હારે ચડતારે, પૂર્વકાળના દાખલા જડતારે;
ગૌમાતનું હરણુ સાંભલતા;..............................ઓળે૦ ૬
વનવાસનાં દુઃખ ભોગવતારે, ગુપ્તવેશમાં પાંડવો ફરતારે;
થયા પ્રસિદ્ધ હરણુ સાંભળતા..............................ઓળે૦ ૭
જેવું દુઃખ પોતાને થાયરે, અન્ય જીવને તેમ જણાયરે;
કહો કર્મથી કેમ છુટાય ?..............................ઓળે૦ ૮
તામસ ગુણુ જેહથી થાય રે, પ્રગટે બહુ વિષય કષાય રે;
બૂરાં કૃત્યનાં ફળ દુઃખદાય;..............................ઓળે૦ ૯
ખર્ચ અધિક ખોરાકમાં આવે રે, વળી આરોગ્યતાને હઠાવે રે;
સારા ડૉકટર મત એ બતાવે;..............................ઓળે૦ ૧૦
વાતો કરતાં મુખ ગંધાય રે, સુજ્ઞ પાસે બેઠા સંકોચાય રે;
આર્ય ધર્મનું મૂળ ખવાય;..............................ઓળે૦ ૧૧
જુઓ આર્યના સ્વચ્છ આહાર રે, કયાં ભયંકર માંસ વિકાર રે;
જેવો આહાર તેવો ઉદ્દગાર;..............................ઓળે૦ ૧૨
સસ્તા સુન્દર જુઓ ખોરાકરે, અનાજ કઠોળના પાકરે;
ઘીઇ, દુધ, સાકર ને શાક;..............................ઓળે૦ ૧૩
મેવા મીઠાઇ મળતા અપારરે, વિધવિધ વૃક્ષોનાં ફળ છે શ્રીકારરે,
નિષ્પાપી વનસ્પતિ આહાર;..............................ઓળે૦ ૧૪
પુષ્ટિ સાથે આરોગ્યતા દેતારે, જુઓ આર્ય ખોરાકમાં લેતારે;
વિધવિધ પાક બનાવતા નેતા;..............................ઓળે૦ ૧૫
ભલા ભારત ભૂમિ વાસીરે, જુઓ ફરજ તમારી તપાસી રે;
બુદ્ધિ પામ્યાની એહ સાબાશી;..............................ઓળે૦ ૧૬

અહિંસા પરમો ધર્મ તમારો રે, મૂંગા પ્રાણીને મરતા ઉગારો રે;
" દુર્લભ " નરજન્મ સુધારો.........................ઓળે૦ ૧૭

" સુરાપાન દુર્વ્યસન ત્રીજુ."

(રોધક છંદ.)

શોખની ખાતર થાય ખુવારી, તે નડ્યે ઝટ હિમ્મત ભારી;
જે વ્યસનેથી થતી હલકાઈ, પાન સુરાનું તજો દુઃખદાઈ. ૧
પ્રાણ પરાધિનતા ઝટ પામે, સંગ કુસંગ અતી દુઃખ જામે;
નીર્ગળિતા પ્રગટે ન નવાઈ, પાન સુરાનું તજો દુઃખદાઈ. ૨
કેફ કર્યાથી દિવાની જણાયે, સાર અસારનું ભાન હણાયે;
બાપણમાં ભય ખૂબ દખાઈ, પાન સુરાનું તજો દુઃખદાઈ. ૩
ગામ ગરાસ જશે ધન કાયા, ભૂલ થતા મરતા બહુ ડાહ્યા;
આબરૂ આખર જાતી તણાઈ, પાન સુરાનું તજો દુઃખદાઈ. ૪
અધિપતી થઈ દુશ્મન ગાજે, સામતસિંહ હણ્યો મૂળરાજે;
એ પરિણામ સુરાની વડાઈ, પાન સુરાનું તજો દુઃખદાઈ. ૫
રાણકદેવી સતી શિર થાયે, કુડું કલંક દીધું મદિરાયે;
સર્વ કુટુંબ ગયું ચગદાઈ, પાન સુરાનું તજો દુઃખદાઈ. ૬
પુત્ર સુરાવ્યસની નિજ થાતા, દારૂથી શહેર ખુવારિ બળાતા;
જાય વને હરિ પ્રાણ હણાઈ, પાન સુરાનું તજો દુઃખદાઈ. ૭
ક્રોધ કષાય અધર્મથી જાગે, માર પડે બહુ પાંસળિ ભાંગે;
દુર્ગુણ સર્વ વસે દિલમાંહિ, પાન સુરાનું તજો દુઃખદાઈ. ૮
થાય કલંકિત લંપટ પૂરા, દુર્વ્યસનો વળગે ન અધૂરા;
જીંદગી એ રીત જાતી જણાય, પાન સુરાનું તજો દુઃખદાઈ. ૯

કુસંગનો સહુ દૂર નિવારો, માર્ગ તણું અભિમાન વિસારો;
" દુર્લભ " કર્મની ફર્જ ભરાય, પાન સુરાનું તજો દુ:ખદાઇ. ૧૦

" વેશ્યાગમન દુર્વ્યસન ચોથું."

(ભુજંગી છંદ.)

મહા મોહના પાસમાં બાંધી મારે, કટાક્ષો કરીને કુવામાં ઉતારે;
બહુ યુક્તિઓ સ્વાર્થ માટે બતાવે, કરે હાથ વેશ્યા ભલા ભોગિ ભાવે. ૧

સજે શોભતા વસ્ત્ર ખાસા મજાના, થયા મોહના રાણિ કામી પ્રજાના;
મદાંધી ઘણા મોરલીમાં લડાવે, કરે હાથ વેશ્યા ભલા ભોગિ ભાવે. ૨

બહૂ ઋદ્ધિવંતો થકી પ્રીત બાંધે, કરી આંધળા ભીંત ને કામ સાધે;
અતી શોભતી આકૃતીમાં દબાવે, કરે હાથ વેશ્યા ભલા ભોગિ ભાવે. ૩

અતીશે મધુરા સ્વરે ગાન ગાતી, કરે કામ કંદર્પના ગૂણ જાતી;
બનાવી બહૂ હાવ ભાવો લડાવે, કરે હાથ વેશ્યા ભલા ભોગિ ભાવે. ૪

કુસંગે ચડી યારિમાં મગ્ન થાતા, કહે લંપટો લોક રસ્તે જણાતા;
નહિં મોહના તાનમાં ભાન આવે, કરે હાથ વેશ્યા ભલા ભોગિ ભાવે. ૫

ઘરે નિત્ય મોવાળતી નારિ દેખે, ફુહાતા પિતા માત સામે ન પેખે;
કહે હીત માટે નહિ ધ્યાન આવે, કરે હાથ વેશ્યા ભલા ભોગિ ભાવે. ૬

ગણીકા તજે સુમતી શેઠ જેવા, સતી કંથ લીલાવતી ફાવિ લેવા;
ખરા પ્રેમ કેરી પરીક્ષા બતાવે, કરે હાથ વેશ્યા ભલા ભોગિ ભાવે. ૭

તજી રાજ્ય ત્રિવિક્રમે હાથ જોડ્યો, પ્રિયા સૂત છોડી કુસંગે ફસાયો;
તજી હાલ બુરે બીજા સંગ જાવે, કરે હાથ વેશ્યા ભલા ભોગિ ભાવે. ૮

થશું રોગ ચાંદી પ્રમેહાદિ થાયે, હરે શૂરતા લક્ષ્મિને તેજ જાયે;
પછી સામું જોવાં અરે કોણ આવે, કરે હાથ વેશ્યા ભલા ભોગિ ભાવે. ૯
દયા દાન ધર્મો થતા સંગ નાસે, મહા મોહના બંધનો જેથી ભાસે;
મળે આબરૂ ઠેઠ સૂધી ન આવે, કરે હાથ વેશ્યા ભલા ભોગિ ભાવે. ૧૦
મહા પાપ સંતાપનું સ્થાન જાણો, ફસાયે નહિં એહને પંથ શાણો;
મળ્યો "દુર્લભ" ક્યાં મનુજન્મ આવે, કરે હાથ વેશ્યા ભલા ભોગિ ભાવે ૧૧

આહિડાકર્મ–શીકાર દુર્વ્યસન પાંચમું.

(રાગ–સોરઠ.)

વ્હાલા આર્ય બન્ધુ ! પામરની અરજ સ્વીકારજો રે,
ખરે શુદ્ધ ધર્મ તત્વનું મૂળ દયા દિલ ધારજો રે.
પાપ અઘોર કર્યાં કયા ભવમાં, જન્મ થકી મૂંગા જંગલમાં;
અમે તો નિરાધાર વનવાસી પશુ સંભાળજો રે. વ્હાલા૦ એ આંકણી
જતી અનેક તેતર હરણુંઓ, રોજ મયૂર વાનર સસલાઓ;
વિધ વિધ રૂપ પણ આત્મ સમાન વિચારજો રે. વ્હાલા૦ ૨
ગો બ્રાહ્મણ પ્રતિપાળ ગણાયે, નિરાધાર શરણે નહી ધાયે;
શૂરવીર ક્ષત્રિય ધર્મ ખરો દિલ ધારજો રે. વ્હાલા ૩
શસ્ત્ર સઘળાં પ્રગટ્યાં શામાટે ? ગામ ગરાસ પ્રજા હિત સાટે;
રક્ષણ કરી દુશ્મન દૂર કરવા ધારજો રે. વ્હાલા૦ ૪
તૃણ મુખ દઈ દુશ્મન જો આવે, હદ ઉપરાંતનો રોષ સમાવે;
માફ કરી દો અભય ક્ષત્રી અવધારજો રે. વ્હાલા૦ ૫
રાંકથી રાંક પ્રજામાં રે'તાં, તૃણ ચરી વગડે સુખ દુઃખ સ્હેતાં;
નિર્ભય કરવા સખ્ત કાયદા ધારજો રે. વ્હાલા૦ ૬

પારધી પડી અમ પાછળ ફરતા, દયાહીન પ્રાણો બહુ હરતા;
સહુને વ્હાલા પ્રાણ એ સૂત્ર સુધારજો રે. વ્હાલા૦ ૭
વાડ તણી જો ધાડ જણાયે, રક્ષક તે ભક્ષક જો થાયે;
ક્યાં જઈ રહેવું અનુકંપા દિલ ધારજો રે. વ્હાલા૦ ૮
ક્ષત્રિય વૈશ્ય બ્રાહ્મણ શૂદ્રોના, આશ્રમ ચાર ભલા આર્યોના;
અહિંસા પરમો ધર્મ સહુ સંભાળજો રે વ્હાલા૦ ૯
અભય વૈશ્ય બ્રાહ્મણથી પામ્યાં, આપ તણા નથી દિલ દુભાવ્યાં;
કરગરી કરીએ પોકાર આપ ઉગારજો રે. વ્હાલા૦ ૧૦
પ્રજા સર્વ માનો દિલ સરખી, બીન તકસીર લહો તે પરખી;
પાલક ધર્મ તમારો વ્હારે પધારજો રે. વ્હાલા૦ ૧૧
શૂરવીર ક્ષત્રી અમ વારે આવે, શૂદ્ર સ્હેજમાં સમજી જાવે;
ફારગતિ લખીને “ દુર્લભ ” પ્યાર વધારજો રે. વ્હાલા૦ ૧૨

ચોરી દુર્વ્યસન છઠું.

(રાગ–બનજારા.)

પરધન હરી મન હરખાઈ, તજો ચોરી વ્યસન દુઃખદાઇ,

આરંભે આડંબર એનો, મતિહીણા માને મજેનો રે;
મેળવવા જ્યાં ત્યાં જાય..................તજો ચોરી૦ એ આંકણી

કૂડે કાટલે તોલે માપે, ઠગી મુગ્ધ જનોને આપે રે;
રૌદ્ર ધ્યાનમાં જીંદગી જાય.................તજો ચોરી૦ ૨

વિત્ત ખૂબ હરામનું આવે, પછી મોજ મજા ઉડાવે રે;
સૂઝે નહિ ઉદ્યમ કાંઈ.........................તજો ચોરી૦ ૩

સત્ય જીવન સુસંગતિ ચૂંક, નીતિ ન્યાય પરેલે મૂકે રે;
સદ્બુદ્ધિ જાય રીસાઇ..........................તજો ચોરી૦ ૪
સોને ધન સારૂં લાગે, જાતાં ઘા કાળજે વાગે રે;
હિંસક લેનાર ગણાઈ..........................તજો ચોરી૦ ૫
પરધન પરપ્રાણ સમાન, હરતાં હોય પૂર્ણ હેરાન રે;
અનુભવથી તુર્ત જણાઇ..........................તજો ચોરી૦ ૬
તૃણમાત્ર પડેલું વાટે, નથી હક્ક લેવાને માટે રે;
શાસ્ત્રોમાં સાફ મનાઈ..........................તજો ચોરી૦ ૭
ઘટ પાપનો પૂર્ણ ભરાયે, પછી ચોરી ચાહન થાયે રે;
એ હાથ પડ્યો ન ભુંસાઈ..........................તજો ચોરી૦ ૮
હર વખતે ચોરી થાતાં, શકદાર સદાય મરાતા રે;
ઠરી ઠામ ન બેસે કયાંઇ..........................તજો ચોરી૦ ૯
ધર્મ ધ્યાન દયા દૂર જાવે, રૌદ્ર ધ્યાન અહોનિશ ધ્યાવે રે;
આખર પામે હલકાઈ..........................તજો ચોરી૦ ૧૦
આ ભવ એ રીત દુઃખ પાવે, પરભવ મરી નરકે જાવે રે;
શંકા નહિં તેમાં જરાઈ..........................તજો ચોરી૦ ૧૧
"દુર્લભ" નરભવ આહારે, કર્યાં કર્મ ભોગવવા ભારે રે;
ચેતી લેતાં સુખદાઇ.......................... ..તજો ચોરી૦ ૧૨

પરસ્રીગમન દુર્વ્યસન સાતમું.

(રાગ ધન્યાશ્રી.)

પરદારાની પ્રીત, તજીએ પરદારાની પ્રીત;
ભવસાયરમાં પૂર્ણ ભમાડી, નાખે નરકે ખચીત. ત૦ ૧



" પ્રકરણ બીજું. "



" અઢાર પાપસ્થાનક."

(દોહરા)

ત્રિશલા નંદન વંદિએ, શ્રી મહાવીર જીનરાય;
દુર્લભ કાવ્ય કલ્લોલનું, આગળ વર્ણન થાય. ૧
હિંસા અસત્ય અદત્ત અને, મૈથુનાદિક ચાર;
પરિગ્રહ મુર્છા ક્રોધ, માન, માયા અષ્ટમ ધાર. ૨
લોભ રાગ દ્વેષ કલહ, તેરમે અભ્યાખ્યાન;
પૈશૂન રતિ અરતિ પછી, પરપરિવાદનું સ્થાન. ૩
માયામૃષા મિથ્યાત્વશલ્ય, પાપસ્થાન અઢાર;
રઝળાવે ભવચક્રમાં, કહિયે તાસ વિચાર. ૪

પ્રાણાતિપાત પાપસ્થાનક પહેલું.

(રાગ—સોરઠ.)

પ્રાણી પાપસ્થાનક પહિલું હિંસા ટાળીએરે;
શુદ્ધ ધર્મ તત્ત્વનું બિજ દયા નિત્ય પાળીએરે. (એ ચાલ)
દયા ત્યાગી જગ જીવો હણતા, મરણ અનંત લહે ભવ ભમતા;
પરમાત્માના શુભ વાક્ય શાસ્ત્ર નિહાળીએરે. પ્રાણી૦ ૧

હિંસક કર્મ કર્યું એકવારે, હોય વિપાકે દસગણું ભારે;
સહસ્ર કોડીગણું [1]તિવ્રભાવ સંભાળીએરે. પ્રાણી૦ ૨

માતપિતાના લાડ ન માણે, જન્મથી દુઃખ દાળિદ્ર પ્રમાણે;
વ્હાલા વૃંદતણો વિયોગ અકાળે ભાળીએરે. પ્રાણી૦ ૩

હિંસા ભગિની બુદ્ધિ અતિસે, વૈશ્વાનર અંતરમાં દિસે;
કરતી અન્યાય અપાર અધર્મ નિહાળીએરે. પ્રાણી૦ ૪

સુભુમ બ્રહ્મદત્ત પાપાચરતા, રૌદ્રધ્યાન પ્રમત્ત રહિ મરતા;
નરક અતિથી નૃપના હાલ નિહાળીએરે. પ્રાણી૦ ૫

મર કેતા દુઃખ થાય અનંતુ, હણતા કેમ દુભાય ન જંતુ;
આત્મવત્ ગણી સર્વની જયણા પાળીએરે. પ્રાણી૦ ૬

ક્ષમાપુત્રી વિવેક વરાવે, દયાવંત વરતા જસભાવે;
હિંસા ખલતા દૂર થતી તવ ભાળીએરે, પ્રાણી૦ ૭

સહુને વ્હાલા પ્રાણ નિહાળી, સમભાવે રહેવું સંભાળી;
તજી હિંસા જીનવર આણા 'દુર્લભ' પાળીએરે. પ્રાણી૦ ૮

મૃષાવાદ પાપસ્થાનક બીજું.

(રઘુપતિ રામ હૃદયમાં રહેજોરે—એ રાગ.)

બીજું પાપસ્થાનક મૃષાવાદરે, દુર્ધ્યાન વધે વિખવાદરે;
અધર્મ વધે ઉન્માદ, ભવિજન સત્ય છીરન નહિ મુકોરે
કલ્પવૃક્ષે કુવાડો ન મુકો......(એ આંકણી) ભવિજન૦ ૧

વધે વેરખેદ અવિશ્વાસરે, બહુ જીવને ઉપજે ત્રાસરે;
થાયે જેહથી દોષ અભ્યાસ,..........................ભવિજન૦ ૨

---

૧ તિવ=સહસ્રગણું તિવતર=કોટીગણું તિવતમ=સહસ્ર કોટીગણું.

વસુ નામે જુઓ ભૂપાલરે, મિથ્રવાણી વદિ વિકરાલરે;
મૃષાવાદે ગયો રસાતાલ,..........................ભવિજન૦ ૩

એકવાર જુઠા ઠગી જાયરે, બધું સાચ જુઠામાં તણાયરે;
લાંબો કાળ ટકે ન ઉપાય,..........................ભવિજન૦ ૪

બહુ વેઠતા આબરૂ જાતારે, ખુરે હાલ દુઃખી બહુ થાતારે;
થાયે દુનિયામાં ખુબ અથડાતા,..........................ભવિજન૦ ૫

લ્હેણુ દેણુ કંકાસને વાદરે, ખતપત્રો જુબાનીને દાદરે;
આણી વખતમાં રહિયે આબાદ,..........................ભવિજન૦ ૬

સત્યવાદી ન ભાખે અલિકરે, બોલે કાયમ ઠાવું ઠીકરે;
હરિશ્ચંદ્ર જુઓ સાહસિક,..........................ભવિજન૦ ૭

કૂડા આળ કલંક ન દીજેરે, દુર્બુદ્ધિ અનર્થ ન કીજેરે;
સત્ય 'દુર્લભ' પંથ રહીજે..........................ભવિજન૦ ૮

અદત્તાદાન પાપસ્થાનક ત્રીજું.

(વ્હાલા વેગે આવોરે દયા દિલ લાવોરે—એ રાગ.)

ત્રીજું પાપનું સ્થાનરે, તજો અદત્તાદાનરે;
પરધન પથ્થર માનીયે હોજી.
એ વ્યસને જગચોર નિષ્ઠુર ગણાય૦........ત્રીજુ૦ (એ ટેક)

સાખી.

ખુણે ખાંચરે આંગણે વાટ ઘાટ બજાર;
પડી વસ્તુ કદિ પારકી ગ્રહો નહિં તલભાર.
શકદાર થતા બહુ હાનિરે૦..........................પરધન૦ ૧

સાખી.

આ ભવ પરભવ દુ:ખ ઘણા રૌદ્રધ્યાન બહુ થાય;
વિત્ત અન્યાય ટકે નહિં દાળિદ્રરે દિલમાંય.
પાપ અમાપ ક્યો માની રે..............................પરધન. ૨

સાખી.

જિમ જલમાં નાખ્યો થકો તળે જાય અય: ગોલ;
ચોર કઠોર કરમ કરી પામે નરક નીટોલ.
નિ:સંદેહ તજો નાદાની રે..............................પરધન. ૩

સાખી.

મુગ્ધ લોક ઠગવા ભણી કરે અતિ ચતુરાઇ;
કુડે કાટલે આપતા, કરિ ભેળ સેળ હરખાઇ.
હાંસલમાં તરતી વાની રે..............................પરધન. ૪

સાખી.

નાઠયું પડયું વળી વિસર્યું થાપણ રાખ્યું જેહ;
લુણી ધરો તાણી જતાં આખર આપે છેહ.
જ્ઞાની ગાંઠ તજો સહુ પ્રાણી રે..............................પરધન. ૫

સાખી.

હક્ક છિનવો નહિં કોયના રંક હોય કે રાય;
લાંચ ખુશામતમાં પડી કરો નહિં અન્યાય.
તજો દાણ ચોરી સહુ પ્રાણી રે..............................પરધન. ૬

સાખી.

ચોરી વ્યસન તજી દેવતા ચોર રોહણીયો થાય;
મત અદિ સુર સુખ ભોગવે પૂરવ પુન્ય પસાય.
કરો ન્યાયથી દ્રવ્ય કમાણી રે..............................પરધન. ૭

સાખી.

પરધન હરતા પારકા પ્રાણ અતિ દુઃભાય;
હિંસક લેનારા ઠરે અનુભવથી અંકાય.
રહી જાશે " દુર્લભ " કહાણી રે.......................પરધન. ૮

અબ્રહ્મચર્ય—મૈથુન પાપસ્થાનક ચોથું.

(એ વ્રત જગમાં દીવો, મેરે પ્યારે એ વ્રત જગમાં—એ રાગ.)

પાપ સ્થાનક ચોથું ત્યાગો મેરે પ્યારે પાપ સ્થાનક ચોથું ત્યાગો;
દુર્ગતિ મૂળ અબંભ કુશીલતા પાપ ભયંકર ભાસે,
તપ જપ ધ્યાન ક્રિયાદિ કરણી સુકૃત સઘળા નાસે.—મેરે પ્યારે. ૧
અધર વિદ્રુમ સ્મિત ફુલ સરીખા અંગોપાંગ રૂપાળા,
ભ્રકુટિમાં ભરમાવતી અબળા ગુણ વન દહવા જ્વાળા.—મેરે પ્યારે. ૨
ફળ કિંપાક સમાન સુંદરતા મધુ લિપ્ત અસીધારા,
રામા દેખી રાચો ન સજ્જન આખર હાલ નઠારા.—મેરે પ્યારે. ૩
રાજ્યધાની મોહરાયની દીસે કેક અકાળે મરાતા,
દશ શિર રાવણ રણમાં રખડયા હરણ સીતાનું થાતા.—મેરે પ્યારે. ૪
આ ભવ કષ્ટ અનંતા વેઠી પરભવ નરકમાં જાતા,
અપકીર્તિ ગોત્રે મશીકૂર્ચક જેહ પ્રતાપે થાતા.—મેરે પ્યારે. ૫
કામ કુંભ કલ્પદ્રુમ સમાન આ નરભવ એળે ગાળે,
આપદા સકળ વસે અંતરમાં ચિન્તા જીવન પ્રજાળે.—મેરે પ્યારે. ૬
અબ્રહ્મચારીનું ધાર્યું ધરાપર ફળતું નથી કોઇ કાળે,
ગુપ્ત ગુન્હાના ફળ અતિ બુરા ભોગવે જઇ પાતાળે.—મેરે પ્યારે. ૭

સરિતા સમાન સકળ બીજા વ્રત શિયળ રત્નાકર શાજે,
સુરસાન્નિધ્ય મનવાંછિત એ વ્રત ફળતા એક અવાજે.—મેરે પ્યારે.
મંત્ર ફળે જગકીર્તિ વાધે નવનિધિ શીયળથી પામે,
ચારિત્ર મૂળ સમકિત વૃદ્ધિ હેતુ ઠરી બેસે શુભ ઠામે.—મેરે પ્યારે.
શેઠ સુદર્શન ને શૂળી ટાળી હેમ સિંહાસન સ્થાપે,
શીયળ પ્રભાવે દિવ્યધ્વનિથી નભો મંડળ જસ વ્યાપે.—મેરે પ્યારે.
અનંગ ક્રીડા કરવા નથી નરભવ શાશ્વત સુખડાં લેવાં,
શિયળ સન્નાહ ધર્યા તન "દુર્લભ" અમર થયા જન એવા.—મેરે પ્યા

પરિગ્રહ પાપસ્થાનક પાંચમું.

(પુનમ ચાંદની પુરી ખીલી અહિં રે.—એ રાગ.)

પાંચમું પાપનું સ્થાન પરિહરો રે, પરિગ્રહ મમતા દોષનું મૂ
નવ વિધ પરિગ્રહ હદ સંક્ષેપીએ રે.
પરિગ્રહ મુર્છા વશ સહુ પ્રાણીને રે, તપ જપ ધ્યાન ધર્મ પ્રતિ
....નવ. (એ ટેક

સાખી.

ધન, ધાન્ય, વાસ્તુ, અને, દ્વિપદ, ચતુષ્પદ, રૂપ;
ક્ષેત્ર, કુપ્ય, સુવર્ણની, વાંચ્છા દુર્ગતી કુપ.
શક્તિ પ્રમાણ વિચારી વ્રત લઇ મન નિગ્રહ કરો રે,
ડૂબે સાયર મધ્યે ભારાક્રાંત સુયાન..........................નવવિધ.

સાખી.

ગ્રહ સકળ અવધિ નડી, સ્થાન થકી બદલાય;
પરિગ્રહ ગ્રહ છે અભિનવો, સ્થાન ભ્રષ્ટ નહિં થાય.

માત પિતા સુત સ્ત્રીના નામે પરિગ્રહ ફેરવે રે,
નિયમ ઉપર વધતા દુર્બુદ્ધિ મોહે થાય..........નવવિધ૦ ૨

સાખી.

અહંમમ મુર્ચ્છા પરિહરો, અવિનાશી પરતંત;
સમભાવે સુખ પામીએ, મુનિ પણ પરિગ્રહવંત.
પરિગ્રહ મોહ વશે ફરતા જગ મધ્યે લીંગીયારે,
મન વચ કાયુ તજી કુમતિ રજ ધરતા શિર.....નવવિધ૦

સાખી.

મધુ સંચય માખી કરે, કોણ રળે કોણ ખાય;
પરિગ્રહ મુર્છા વશભર્યા, તત્ત્વ કેમ શોધાય.
અજ્ઞાન કષ્ટ કરે અસંતુષ્ટ પરિગ્રહ ભર્યારે,
મુષક કરંડક કાપી સાપનું ભક્ષણ થાય..........નવવિધ૦ ૪

સાખી.

સાઠ સહસ સુત સગરને, તોપણ તૃપ્તિ ન થાય;
ગોધનમાં કુચીકર્ણનું, જીવતર એળે જાય.
અવિનાશી આત્મા અતિ કઠિન કર્મ ભારે ભરેરે,
છંડી તત્ત્વ વસ્તુ ગ્રહે લોહ વણીક જેમ ભાર.....નવવિધ૦ ૫

સાખી.

મહા મોહ મદિરા વશે, કાઢયો અનંતો કાળ,
પરિગ્રહ મુર્છાએ ભર્યા, સુખી ન ઇંદ્ર ભૂપાળ;
સમતાપૂર્વક પરિગ્રહ ત્યાગી જીવન ગાળતારે,
સુખીયા દિસે જગમાં સમભાવે મુનિરાજ........નવવિધ૦ ૬

સાખી.

પરિગ્રહ ભવો ભવ મેળવી, કિધા કષ્ટ અપાર;
લક્ષ ચોરાશી યોનીમાં, ભમતા આવ્યો ન પાર.

નિયમ હદે રહિ સમતાપૂર્વક જીવન ગાળીયેરે,
કનક પરિગ્રહ વશ જગ હુએ નંદ સકર્ણુ.......નવવિધ ૭

સાખી.

અનંત પરિગ્રહ ભોગવ્યા, તોપણ તૃપ્તિ ન થાય;
ઈંધણ સમૂહ અગ્નિ મુખે, વારી વિના ન બુઝાય.
સંતોષ વારી સમ અડગ મતે બુઝાવીએરે,
'દુર્લભ' તત્ત્વ ગ્રહણ કરતા શાશ્વત સુખ થાય.....નવવિધ૦ ૮

ક્રોધ પાપસ્થાનક છઠ્ઠું.

(ત્રીશ વરસ ઘરમાં વસ્યારે સુખભર વામાનંદ—એ રાગ.)

પાપસ્થાનક છઠ્ઠું તજોરે, ક્રોધ કષાયનું મૂળ,
તપજપ ધ્યાન સંયમ વૃતોરે, ધર્મ ક્રિયા પ્રતિકૂળ;
તજો સહુ ક્રોધનેરે, ક્રોધ તે બોધ નિરોધ. (એ ટેક) તજો૦ ૧
અંતર ક્રોધ સમાવીયેરે, લાગે સ્વઆશ્રમ દાહ,
ભજના બાળે અન્યનુરે, ત્રુટતા પ્રશમ પ્રવાહ. તજો૦ ૨
દંદ શુદ્ધ ધર્મ કર્મનુરે, અનંત કાળથી થાય;
ક્રોધ મહા મલ્લ દુરિતનોરે, નરકનું દ્વાર જણાય. તજો૦ ૩
ચારિત્ર ફળ ક્રોડ પૂરવનુરે, આતમ ભાવના જાય,
બે ઘડી ક્રોધ વિવશ થતારે, ભારે અનર્થ જણાય. તજો૦ ૪
તપ તપતા મુનિ આકરોરે, ધરતા અતિ વૈરાગ્ય,
શિષ્યના ક્રોધ થકી થયોરે, ચંડકોશીયો નાગ. તજો૦ ૫
સજ્જન ક્રોધ કરે નહિરે, દુરજનથી રહે દૂર;
ક્રોધી મુખે કટુ બોલણારે, કંટક સરિખા ક્રૂર. તજો૦ ૬

મોહક કષાયનું કરી રહ્યારે, વીષ હળાહળ ખાય,
આ ભવ દુઃખ અતિ પામતાંરે, ઉદય ભવાંતરે થાય. તજો૦ ૭
લોભ નિમિત્ત ટાળવા પ્રેરે, રોકે આવતા કર્મ,
' દુર્લભ ' સંવર આદરોરે, આત્માને શિવશર્મ. તજો૦ ૮

માન પાપસ્થાનક સાતમું.

([illegible] ગઢમઢી મારી [illegible] —એ રાગ)

તજો સાતમું પાપનું સ્થાન હો–કહે માન અતિશે ભુંડારી.
ટાંટ૦ (એ ટેક)

જાતિ કુળ ઐશ્વર્ય રૂપ બળ, તપ લાભ વિદ્યા આઠે મદ;
કરે [illegible] ભારી હો.... .... કહે૦ ॥ ૧ ॥
[illegible] આદિ વારિ, [illegible] વિમળ મતી વારિ;
[illegible] હો.... .... કહે૦ ॥ ૨ ॥
[illegible] દુર્યોધન [illegible] હારે;
[illegible] .... કહે૦ ॥ ૩ ॥
[illegible];
[illegible] .... કહે૦ ॥ ૪ ॥
[illegible],
[illegible] .... કહે૦ ॥ ૫ ॥
[illegible]
[illegible] .... કહે૦ ॥ ૬ ॥
[illegible]
[illegible] .... કહે૦ ॥ ૭ ॥

સાવધાન રહી માનને તજીયે, ધ્યાન ધવલ સમતા અહીં ધરીયે;
" દુર્લભ " લઘુતા સુખકારી હો. .... કરે૦ ॥ ૮ ॥

માયા પાપસ્થાનક આઠમું.

વટ સાવિત્રિ વ્રત આજ પુરણ કરીયેરે (રાસડો) એ રાગ.

તજો આઠમું પાપનું સ્થાન માયા પ્રાણીરે,
તનધન જોબન પરિવાર અસ્થિર જાણીરે;
ભૂમિશય્યા કૃશ અન્ન લહિને રહેતારે,
તપ જપ વ્રતમાં લયલિન કષ્ટો સ્હેતારે.
ધરી ધીરજ દીર્ઘ કાળ તન દમો,
માયા શલ્યે પ્રતિકુલ થાયરે, માયાવશો ગર્ભે અનંત પામીયે.
પરિસહો સકળ સુલભ ગણે મુનિ,
તેથી દુષ્કર માયા ત્યાગરે—માયાવશે૦
દંભ અસતિ પરે બહુ ધરનારા, હૃદય મુખે ભિન્ન ભિન્ન મતિ ન્યારા,
ભવસાયર તે ડુબનારા પ્રાણી માયાને ત્યાગો;
અંતરનો અંધકાર નિવારો, ખટકો મનમાં એ ટકશે તમારો,
" દુર્લભ " સુધરે જન્મારો—પ્રાણી માયાને૦ ૧

લોભ પાપસ્થાનક નવમું.

(શાર્દુલ વીક્રિડિત છંદ.)

છાંડો પાપનું સ્થાન લોભ નવમું, દુર્ધ્યાન વાધે અતી,
જેથી સર્વ વિનાશ કીર્તિ ઘટતા, વાંકી જણાયે મતી;
જ્ઞાની સજ્જન ત્યાગતા શુચિ જનો, ઝાંખી જણાતી રતી,
લોભે સંપ વિનાશ સુખી ન પ્રજા, લોભે દુઃખી ભૂપતી. ૧

ચિન્તા માંહિ સદાય લોભી ફરતા, જાતા મરી દુર્ગતી,
લોભી ધર્મ વિમૂખરે જગતમાં, અન્યાય કર્તા અતી;
લોભે જાય પતીત બોલી ફરતા, ગર્જે વહે પાધરા,
લોભી સ્વાર્થ સર્યા પછી છટકતા, સામું ન જોતા જરા. ૨
ચાહે રંક હજાર પામી લખને, લોભે વધે કોટિને,
કોટ્યાધીશ ચહે ભુપાલ પદવી, ચક્રી મહા મોટિને;
ચક્રી ચાહ ધરે થવું સુર ચહે, ઇંદ્રો તણી રિદ્ધિને,
તૃષ્ણા માપ ન થાય લોભિ મનનું, પામે નહીં સિદ્ધિને. ૩
જ્ઞાને માપ સમુદ્રનું મતિ થકી, કોઇ બતાવી શકે,
તેવા બુદ્ધિ નિધાન લોભ જલધી, માપે ન શક્તિ થકે;
બાળે પેટ ન ખાય ખર્ચિ ન શકે, દાને ન આશા કરી,
ઝાલે કાળ કરાળ છેવટ જતા, રે' હાથ જાતા ઘશી. ૪
મૂકી પુષ્કળ લક્ષ્મિ પ્રાણિ જગમાં, એકાકિ કર્મે જતા,
લોભી મમ્મણ શેઠ જેમ તજીને, નર્કે દુઃખો વેઠતા;
વાધે લોભ લઘૂપણે મૂળ થકી, તૃપ્તી નહીં પામતા,
લોભી મોહ વશે ડૂબે અધવચે, સુયાનને વામતા. ૫
કીડીને કણ જો મળે ગજ પ્રતે, હારો મળે ક્યાં થકી,
આવે આવ ઉલેસતા જ વિરડે, વારી તણી જો નકી;
છાંડો દોષ અથોભ લોભ સરવે, સંતોષને ધારતા,
સંતોષે સુખ સર્વ " દુર્લભ " કહે, સંસાર નિસ્તારતા. ૬

રાગ પાપસ્થાનક દશમું.

(હરિગીત છંદ.)

તજો રાગ પાપસ્થાન દશમું, કેશરી વડરાય છે,
વિષયાભિલાષી મંત્રિ, જેના કાર્યમાં પંકાય છે;

છોરૂ પ્રપંચી પંચઇંદ્રિય, કાર્યસકળ જમાવતા,
હરિહર બ્રહ્મા પુરંદરાદિ, સબળજે વશ નાચતા. ૧
અતિ લબ્ધિવંત આષાઢ ભૂતિ, નાખિ નટી વશ પડ્યાં,
શ્રુતનિધિ નંદિષેણજી, રાગેથી વેશ્યા કર ચડ્યા;
બાવિશ જીન પણ પૂર્વ રાગેથી, અહે વાસો વશા,
કુણ હિન પામે તાગ એવિ રાગની બહોળી દશા. ૨

રાગે વદ્યા જન નરકને, નિગોદના દુઃખ ભોગવે,
છે વજબંધ સમાન તોપણ, હૃદય રાગેથી દ્રવે;
રેતા અડગ સ્થુલિભદ્ર ચાતુર્માસ કોશ્યાને ઘરે,
કરવા કસોટી ગયા મુનિ પણ, રાગથી પાછા ફરે. ૩

રહિ રાગ વશ તપ જપ કર્યા, સૂત્રાર્થ મનમાં ધારતા,
તોપણ નહિં મુક્તિ વર્યા, ભવચક્રના ફળ ચાખતા,
ઉપાય નહીં અમૃત વિષે, જ્યાં વિષચારો શું કરે,
ગૌતમ તજી મહાવીર પરના, રાગને કૈવલ વરે, ૪

રહનેમી ચીર નિર્ધાવતા, રાજુલ દેખીને ચુકે,
કર્યો રાગ જેણે રાંક તેના ગન્ધુ થૈ વૃત શું મુકે;
પ્રતિબોધતા રાજુલસતી, દેવર મુનીને ઉદ્ધર્યા.
તજી રાગ આલોયણ લહિ. વૃતમાં રહી મુક્તિ વર્યા. ૫

જે શુભ સદાગમ સંગતે, રહિ રાગને છતી ગયા,
ચારિત્ર ધર્મ વિવેકથી, અપ્રમત્ત શૈલેશી થયા;
નરસ્ત્વ તેના મીર ન ચળે, રાગથી દઢતા કદા,
" દુર્લભ " વરે સુખ શાશ્વતા, જે રાગથી ન્યારા સદા. ૬

દ્વેષ પાપસ્થાનક અગીયારમું

(શાન્તિ પ્રભુજી સુખ દાતા ત્રાતા તારો મનેરે–એ રાગ.)

ધરવું નહિં પાપસ્થાન અગ્યારમું કુડું મનેરે;
દ્વેષ તજો દુઃખકારીરે, અદ્વેષ શિવસુખ કારીરે;
સુખ દુઃખ સહુ કર્મે થાતા, અનર્થ દંડ સપડાતા;
દ્વેષી કર્મે બંધાતા ભવ અટવીમાં ભમેરે– ધરવું. ૧

દોષ બેંતાલીશ ટાળીરે, આહાર એષણા પાળીરે;
જો દ્વેષ હૃદયમાં આવે, ધૂમ્ર દોષ શામતા થાવે,
કુરગુડુ પરે સમચિત્ત રાખી મુનિ નિર્દોષે જમેરે. ધરવું. ૨

પ્રથમાંગ યોગ અદ્વેષરે, સાધન સુલભ સુવિશેષરે;
તપ જપ કિરિયા વ્રત કરતા, મુનિ ઉગ્ર વિહારે ફરતા,
તે દ્વેષને ધારણ કરતા શાશ્વત સુખ વમેરે. ધરવું. ૩

નિર્ગુણી ગુણ ન જાણેરે, ગુણાર્થ દોષમાં તાણેરે;
ચારિત્ર ધર્મ ગુણ સમતા, દ્વેષી સર્વે સુખ વમતા,
અન્યાય અતિ મન ધરતા કષ્ટો વેઠે તનેરે. ધરવું. ૪

ગુણિયલને ગુણ રાગીરે, કીર્તિ જગમાં તસ જાગીરે;
ગુણ ગ્રહવા રાગને ધરતા, આત્માવત્ સહુને ગણતા,
સમચિત્ત નિર્ગુણીપર ધરતા દુષ્કર્મોને દમેરે. ધરવું. ૫

સહે અગ્નિ હેમ ટીપાશેરે, ઉત્તમના ગુણ પ્રકાશેરે;
જે તત્ત્વ રમણમાં રમતા, મનમન્દિર કાયમ સમતા,
“ દુર્લભ ” સંસાર ઉદ્ધરતા કીર્તિ કોટિ ગમેરે. ધરવું. ૬

કલહ પાપસ્થાનક બારમું.

(પ્રીતલડી બંધાણીરે અજીત જીણંદશું—એ રાગ.)

પાપસ્થાનક બારમું કલહ નિવારીએ.
જે વશ દુર્ગતિ મૂળ વધી વડ થાય જો;
અંતર માંહે પ્રગટે પૂર્ણ મલિનતા,
મહાન રોગ કમળાને નેત્ર છવાય જો. પાપ૦ ૧
દંત કલહ કાયમ અહમાંહે વાધતા,
હરિમ સંપ વિવેક વિનાશ જણાય જો;
મર્યાદા ઉલ્લંઘન કલહ વશે કરી,
કરતા અનાદર હાથે તેજ હણાય જો. પાપ૦ ૨
ગ્રહિણી પ્રતે કહે કંઇ નથી કોઈ કામની,
બુદ્ધિ વિનાની દિસે પૂર્ણ ગમાર જો;
ક્રોધમુખી ધિઃકાર ઘણા છે તુજને,
તુજથી સારો કળીયુગ હૃદય વિચારજો. પાપ૦ ૩
અજ્ઞાને સાંખે નહિં પાપિણી નાથનું,
સામું બોલતાં જેને જરી ન વિચાર જો;
પાપી વડીલ છે તારા તું શ્યા કામનો,
દંપતી એવા દુઃખી સદા સંસાર જો. પાપ૦ ૪
કલેપી કંટક સરખા વેણો કાઢતા,
લઘુ ગુરૂને આચાર ભ્રષ્ટ જણાય જો;
જેથી મૌન ધરિ અળગા રહેતા ગુણી,
પામે સુખ અનંત સદા વખણાય જો. પાપ૦ ૫
કાયમ કલહ વશે સદ્ગુણો નાસતા,
સંયમ કલહ વશે નિરર્થક થાય જો;

કલહ નિમિત્ત વિવેકી તુર્ત ખમાવતા,
લઘુ ગુરૂ આરાધક તે શાસ્ત્રે ગણાય જો,   પાપ૦ ૬

કલહ સમાવે અંતરમાં તે વિરલા,
ઉપસમ સાર કહ્યો શાસ્ત્રે નિરધાર જો;
નારદ નારી નિર્દય હૃદય કલહ સદા,
સજ્જન સુશીલ જન વારે કલહ વિચારજો.   પાપ૦ ૭

જર, જમીન, જોરૂ, ત્રણ સુતો કલેશના,
જેહ નિમિત્તે કલહ વધે સંસાર જો;
જ્ઞાની દિલ દરીયાવથી કલહ નિવારતા,
'દુર્લભ' દિલ આગળ શું કલહનો ભારજો.   પાપ૦ ૮

અભ્યાખ્યાન પાપસ્થાનક તેરમું.

(શી છબી લાગે છે પ્યારી જીનંદા તોરી શી છબી. એ રાગ.)

અભ્યાખ્યાન નિવારો, સુગુણ નર અભ્યાખ્યાન નિવારો;
પાપ સ્થાનક તેરમું સેવે, તે જન જગમાં અકારો.   સુ૦ ૧
પાપ અમાપ ચડે શિર નાહક, સુકૃત સરવે હારો.   સુ૦ ૨
અછતા આળ વદે જગ જનના, દુઃખી અતિશે થનારો.   સુ૦ ૩
અછતે દોષે અભ્યાખ્યાને, ન્યારો નમત મળનારો.   સુ૦ ૪
મિથ્યા અભિમાની મુખ છુટા, અભ્યાખ્યાની ધારો.   સુ૦ ૫
દોષીત દોષ થકી બંધાયે, અંતર એમ વિચારો.   સુ૦ ૬
મીથ્યામતી દસ સંજ્ઞા ભેદે, અભ્યાખ્યાન વિચારો.   સુ૦ ૭
ગુણ અવગુણ પલટી દેખાડના, ભેદ અતી વધનારો.   સુ૦ ૮
અછતા આળ ચડાવે પરને, તે નિજ દુઃખ અંગારો.   સુ૦ ૯

ઉપશમ ભાવે ચિત્ત પ્રસન્નતા, સુકૃત ધન મળનારો. સુ૦ ૧૦
'દુર્લભ' જીન મત દિલમાં ધરતા, પામીએ ઇષ્ટ કીનારો. સુ૦ ૧૧

પૈશૂન પાપસ્થાનક ચૌદમું.

(બનજારા-રાગ.)

પાપસ્થાન ચતુર્દશ ભારી, પૈશૂન વ્યસન દુઃખકારી.
ઉપકાર પરે પરે કરતા, બદલામાં કલહ ને ધરતા રે;
સુધરે નહીં ટેવ નઠારી,..............................પૈશૂન૦ ૧
કવળ માત્ર આહારને લેતા, નહીં શ્વાન વિસારી દેતા રે;
પણ પિશૂન પ્રબળ વિકારી,..............................પૈશૂન૦ ૨
વાયસ ઉજ્વલ નહીં થાવે, કદિ [1]પયથી સ્નાન કરાવે રે;
મહા મલિન હૃદય વિકારી,..............................પૈશૂન૦ ૩
સ્વાર્થ સાધવા સ્નેહ જણાવે, પછી ખળ સન્મુખ થઇ લતે રે;
નિર્દયતા હૃદય પ્રસારી,..............................પૈશૂન૦ ૪
સદ્ગુણ ચાડીમાં જાવે, ખ્યાતી સુકૃત ગુમાવે રે;
વિશ્વાસ તજે નરનારી,..............................પૈશૂન૦ ૫
મહા મલિન મુખ સંતાડે, નિર્મળ કુળ કલંક લગાડે રે;
ગુમાવે સોબત સારી,..............................પૈશૂન૦ ૬
સજ્જન નહીં દોષને ધરતા, છાની રહે નહીં નિર્મળતા રે;
[2]ભસ્મે [3]માંજ્યો કાચ સુધારી,..............................પૈશૂન૦ ૭

---

૧ દુધથી. ૨ રાખે. ૩ માંજ્યો-ઉટક્યો.

વાતો બહુ પારકી લાવે, તે આપણી વાત ઉડાવે રે;
નારદ વિદ્યા અધિકારી,..પૈશૂન૦ ૮
વર્ષાકાળ જવાસો સુકાતો, તેમ ગુણથી પિશૂન સુંજાતો રે;
ધરો "દુર્લભ" બોધ વિચારી,................................પૈશૂન૦ ૯

રતિ અરતિ પાપસ્થાનક પન્નરમું.

(ત્રીશ વરસ ઘરમાં વસ્યારે, સુખભર વામાનંદ—એ રાગ)

રતિ અરતિ મન કલ્પનારે, કારણ કાર્ય નિમીત્ત,
પાપસ્થાન પરિહરશોરે, પન્નરમું દ્દઢ ચિત્ત;
ચેતો ભવિ ચિત્તથીરે, રતિ ત્યાં અરતિ હોય,
એકત્ર એ રીતથીરે. (એ આંકણી) ૧

મન પંખી પંથે ચડેરે, રતિ અરતિ દોય પાંખ;
શુદ્ધ સમાધિયે રૂંધુંરે, સ્થિર રહે આત્મનિસાખ. ચેતો૦ ૨

મન પારદ નિશ્ચળ રહેરે, રતિ અરતિ પર્યાય;
અગ્નિમૃત પારદ થતારે, સિદ્ધિ કલ્યાણની થાય. ચેતો૦ ૩

રતિ વશે અરતિ ન કીજીયેરે, ગત વસ્તુનો શોક;
અજ્ઞાને અવિવેકથીરે, કષ્ટ સહે જીવ ફોક. ચેતો૦ ૪

રતિ અરતિ નથી વસ્તુથીરે, અંકિત મન આકાર;
અંગજ વલ્લભ જેમ પ્રજારે, મળ મેલ જુ લીખ
નપ્યાર. ચેતો૦ ૫

તેણે મન કલ્પીત માનીયેરે, સત્ય નહીં પર્યાય;
જેમ વેચી વસ્તુ તણીરે, ચિંતા વિમુખ જણાય. ચેતો૦ ૬

રતિ અરતિ જે નવી ગણેરે, સુખ દુઃખ સર્વ સમાન;
તે પામે સુખ સંપદારે, વાધે અધિક તસવાન.   ચેતો૦ ૭
કમઠ ધરણેંદ્ર પ્રતે રહેરે, સમચિત્તે જીનરાય;
તેમ ' દુર્લભ ' દઢ નિશ્ચયેરે, કર્મથી જીવ મુકાય.   ચેતો૦ ૮

પરપરિવાદ પાપસ્થાનક સોળમું.

(તુમે બહુ મંત્રીરે સાહીબા મારે તો મન એક—એ રાગ)

પરપરિવાદ વ્યસન તજો, પરનિન્દા અસરાલ;
મુખરી જેહ મત્સર ભર્યો, તે જન ચોથો ચંડાલ;
પાપસ્થાનક તજો સોળમું. (એ આંકણી)   ૧
તપ, જપ, ધર્મ, ક્રિયા વિધી, નિન્દક ને સવી ફોક;
કિલ્બિષ દેવ તે ઉપજે, એ ફળ પામતા રોક.   પાપ૦ ૨
તપ અજીરણ ક્રોધ છે, જ્ઞાન અજીરણ માન;
ક્રિયા અજીરણ તેમ કહ્યું, નિન્દક હોય નાદાન.   પાપ૦ ૩
આહાર અમૃત થઈ પરિણમે, જઠરા પ્રબળ જો થાય;
નિન્દા વ્યાધી અજીરણે, વમન વિકાર જણાય.   પાપ૦ ૪
સદગુણ ત્યાગી નિન્દા કરે, હૃદય અજીરણ થાય;
આત્મિક દ્રવ્ય ગુમાવતા, મહામતિ મંદ જણાય,   પાપ૦ ૫
રૂપ કરૂપ જોઈ પારકા, નિરખો નિજ નિજ અંગ;
નિન્દા નિમિત દૂરે ટળે, પરકાસે બીજું અંગ.   પાપ૦ ૬
ક્રોધ વશે કુશીલીયા, દેતા અવગુણ ભાખ;
નિંદ્ય વચન તેહ જાણીયે, દશવૈકાલીક શાખ.   પાપ૦ ૭

દોષ દૃષ્ટિએ નિન્દા ચડે, ગુણ દૃષ્ટિ હોય રાગ;
પ્રથક પ્રથક દોષે સહુ ભર્યા, સર્વગુણ વીતરાગ. પાપ૦ ૮

અવગુણ પરિમલ વાસના, નિન્દક મુખ જણાય;
પરગુણ ગ્રાહી જગ વિરલા, દર્શનથી ગુણ થાય. પાપ૦ ૯

સરખો હુક જગ જીવનો, છાંયો ઠામ ન ઠાય;
વખત વખત બદલા કરે, તડકો પણ ત્યાં જણાય. પાપ૦ ૧૦

પરનિન્દા સહુ પરિહરો, પગ નીચે બળે આગ;
આત્મ શ્લાઘા ' દુર્લભ ' થતા, ભાવઠ જાયેરે ભાગ. પાપ૦ ૧૧

માયામૃષાવાદ પાપસ્થાનક સત્તરમું.

(મનહર—છંદ.)

સત્તરમું પાપસ્થાન, માયા મૃષાવાદ તજો,
જે વશે અનંત દોષ, અવનીમાં બાંધીયે;
સત્યતા ધરી હમ્મેશ, નીતિના નિશાને રહી,
કપટ અસત્ય તજી, કાર્ય નિજ સાધીએ;
સદ્‌ગુણતા છવાય, કીર્ત્તિ કાર્યમાં ગવાય,
તેહ જીવ્યા જગમાંય, ચિત્તની સમાધીયે;
મોટા જો કરે ઠગાઈ, ઠાલી ઠરે ચતુરાઈ,
કપટ તણી કમાઈ, ખાતા જન વ્યાધીયે. ૧

અસત્ય જીવન એ તો, વિષને વધાર્યા જેવું,
હાથે ધરી હથીયાર, આપણું બગાડીયે;
મનરૂપી વાઘબાળ, વકાર્યું ન હાથ રહે,
બગડ્યાને પગ ભરી, ચાલતું જગાડીયે;

ધંધામાં મચાવે જંગ, આપણને કરે તંગ,
માયા મૃષાવાદ રંગ, અંગમાં લગાડશે;
સ્વાર્થમાં ચળેલું મન, કપટ જુઠાણું કરી,
દેતાં પાછું હાથ આવી, કેમ પાર પાડશે. ૨

કપટ કળા કળાય, પંડિત પ્રસંગ માંય,
તેથી મુખ ભુંડું કરી, નિત્ય દુર ભાગતા;
દંભી મૃષાવાદી મીઠા, નારીના ચરિત્ર જેવા,
દુર્ગતિના ભાગી મૂંઢ, મહાપાપ બાંધતા;
જુઠો જેનો ઉપદેશ, ઠગવા ધરેલો વેશ,
ઉન્માર્ગ બતાવી ડુબે, બીજાને ડુબાડતા;
જુઠું બોલી પેટ માટે, પ્રપંચો અપાર કરે,
જેથી જ્ઞાનિ ગુણીમન, અંકુશમાં રાખતા. ૩

અવિનાશી આત્મધન, ચતુર લુંટાય તારૂં,
જાણ થઈ દંભમાયા, મોહમાં ફસાય છે;
ઘણા કાળ ભૂલ્યો બાજી, પસ્તાયો પૂરણ પણ,
ચિત્તવૃત્તિ છુટી સુકે, આશ્ચર્ય જણાય છે;
સમકિત દ્રષ્ટિ મન, ચાંપતા ઉપાયે થોભે,
શ્રુત જ્ઞાન ધર્મધ્યાન, ધારી નિજ દિલમાં;
માયા મોહને નિવારી, સત્યપણું છોડે નહીં,
બલીહારી 'દુર્લભ' એ, જનની અખિલમાં. ૪

મિથ્યાત્વશલ્ય પાપસ્થાનક અઢારમું.

(તિરથની આશાતના નવી કરીયે—એ રાગ.)

મિથ્યાત્વની કુસંગતિ નવી કરીએ,
હાંરે નવિ કરીએરે નવિ કરીએ;
હાંરે સમકિત સદા અનુસરીએ,
હાંરે શુદ્ધ ધર્મને ધાર (એ ટેક) મિથ્યાત્વ૦ ૧

મિથ્યાત્વ પાપ અઢારમું પરિહરીએ,
હાંરે સમકિત સદાગમ ધરીએ;
હાંરે ભવસાયર જેહથી તરીએ,
હાંરે અહિ મિંઝા પ્રેમ— મિથ્યાત્વ૦ ૨

મિથ્યાતે વાહ્યા પ્રાણીયા કરે ખોટું,
હાંરે પીતકમલીનું દુઃખ મોટું;
હાંરે અમૃત અન્ન મિથ્યા ખોટયું,
હાંરે કરણી વિપરીત— મિથ્યાત્વ૦ ૩

સત્તર પાપથી મોટકું મિથ્યાપાપ,
હાંરે ઉત્સૂત્રે થાય સંતાપ;
હાંરે અનંત સંસારીની છાપ,
હાંરે તપ જપ વૃત ફોક— મિથ્યાત્વ૦ ૪

વીરસેન સુરસેનને ધરો ચિત્તે,
હાંરે કહી સમકિતની નિર્યુકતે;
હાંરે સમકીત મિથ્યાત્વની ભકતે,
હાંરે લાભ ખોટ વિચાર— મિથ્યાત્વ૦ ૫

ધર્મે અધર્મ માનતો મૂઢ પ્રાણી,
હાંરે અધર્મમાં ધર્મ નિશાની;

હાંરે શુદ્ધ માર્ગની વાત ન માની,
હાંરે હૃદય સંદેહ— મિથ્યાત્વ૦ ૬

ઉન્માર્ગમાં ખરો માર્ગ જે પિછાણે,
હાંરે કુસાધુને સાધુ જાણે;
હાંરે સાધુને કુસાધુ પ્રમાણે,
હાંરે રહે શંકાશીલ— મિથ્યાત્વ૦ ૭

જીવે, અજીવ, અજીવે, જીવને જાણે,
હાંરે સિદ્ધ માંહે અસિદ્ધતા માને;
હાંરે અસિદ્ધમાં સિદ્ધ પિછાણે,
હાંરે દસ સંજ્ઞા ટાળ— મિથ્યાત્વ૦ ૮

નિજ નિજ મતની સ્થાપના અભિગ્રહીક,
હાંરે અનભિગ્રહીક ગણે સહુ (મત) ઠીક;
હાંરે જાણી તાણે અભિનિવેશીક,
હાંરે કરે ખેંચાતાણ— મિથ્યાત્વ૦ ૯

સંશય તે જીન વચનમાં ધરે શંકા,
હાંરે અનાભોગ અવ્યકત આતંકા;
હાંરે મિથ્યા મોહ વશે હોય રંકા,
હાંરે ટાળો પાંચ મિથ્યાત— મિથ્યાત્વ૦ ૧૦

લૌકિક દેવગુરૂ પર્વ ને મનધારે,
હાંરે લોકોત્તર તીન ન વારે;
હાંરે રત્ન કાચને એક વિચારે,
હાંરે તજો ખટ્ મિથ્યાત— મિથ્યાત્વ૦ ૧૧

અવિનય મિથ્યાત સેવતા ભૂલ્યા પ્રાણી,
હાંરે અક્રિયા મિથ્યાત પીછાણી,
હાંરે અજ્ઞાન મિથ્યાત સેતાની,
હાંરે આશાતના તેમ— મિથ્યાત્વ૦ ૧૨

દસ, પાંચ, ષટ્ ચાર, એ પચ્ચવીશ,
હાંરે મિથ્યાત્વ કહ્યા જગદીશ;
હાંરે તજી સમકિત ધરીએ જગીશ,
હાંરે ટળે નરક નિગોદ— મિથ્યાત્વ૦ ૧૩

અનાદિ અનંત મિથ્યાત્વ છે સાદિ સાંત,
હાંરે અનાદિ સાંત મિથ્યાત;
હાંરે તિમ સાદિ અનંતની વાત,
હાંરે ચઉભંગી એહ— મિથ્યાત્વ૦ ૧૪

દુષ્ટ શત્રુ મહારોગ છે અંધકાર,
હાંરે મહા શસ્ત્ર એ નરક દુવાર;
હાંરે દુઃખ દારિદ્ર ગહન કાંત્તાર,
હાંરે તજો જાણી એમ— મિથ્યાત્વ૦ ૧૫

યાવત્ મિથ્યાભાસ છે લેશમાત્ર,
હાંરે દુર્ગંધથી વાસીત પાત્ર;
હાંરે સંસારની ત્યાંસુધી યાત્ર,
હાંરે કહે જ્ઞાની એમ— મિથ્યાત્વ૦ ૧૬

પૂછે કેવલજ્ઞાનીને કોઇ પ્રાણી,
હાંરે સંસારની કેઇ નીશાની;
હાંરે ઉત્તરમાં એહ કહાણી,
હાંરે મિથ્યાત્ત સંસાર— મિથ્યાત્વ૦ ૧૭

મિથ્યાત્વ જે લવલેશ દિલ ન રાખે,
હાંરે સમકિત સુરતરૂ ફળ ચાખે;
હાંરે શુદ્ધ " ધર્મરત્ન " ની શાખે;
હાંરે " દુર્લભ " ભવપાર— મિથ્યાત્વ૦ ૧૮

કળશ.

(હરિગીત છંદની ચાલમાં.)

એ પાપસ્થાનક આત્મહિત, શત્રુ સમજ [1]અઢારશે;
ઉપયોગપૂર્વક છંડતાં, નિજ આત્મ નિર્મળતા થશે, ૧
[2]આશ્રવરૂપી નીર હંસ સરમાં, આવવા નાળાં રૂપે;
કરિ મલિન આત્મ કુબ્રાકતા, અજ્ઞાન વશ દુર્ગતિ કુપે. ૨
તપ વન્હિતાપે સોચવો, આશ્રવ ખપાવે નિર્જરા;
અટકાવવા તસ આવ સંવર, ભાવ સાધન સુખકરા. ૩
ઇંદ્રિય પૂરણ શુભ યોગ પામી, ચેતવા સાધન ભરી;
ઓગણી અડસઠ્ઠ વિક્રમાદિત્ય, સંવતે રચના કરી. ૪
[3] આવશ્યક, વિધે આલોવતા, કાયમ ભવિ ડરતા રહે;
"દુર્લભ" કહે શુભ તત્ત્વ અંતર, સમજતા તેઓ ગ્રહે. ૫

ઇતિ " અઢાર પાપસ્થાનક પ્રકરણ બીજું " સમાપ્ત.



૧ અઢારે. ૨ કર્મરૂપી પાણી. ૩ પ્રતિક્રમણમાં.



પ્રકરણ ત્રીજું.

દ્વાદશ ભાવના.

(દોહરા.)

શ્રી સંખેશ્વર પ્રણમિએ, ત્રેવિશમાં જીનરાય;
ભાવના દ્વાદશ વર્ણવું, સમરી સારદ માય. ૧

અનિત્ય, અશરણ, સૃષ્ટિની, એકત્વ, અન્યત્વરૂપ;
અશૂચિ, આશ્રવ, નિર્જરા, સંવર, લોક સ્વરૂપ. ૨

બોધિ દુર્લભ, ધર્મ, એ, ભાવના બાર પ્રકાર;
"દુર્લભ" રોગ નિવારવા, મનન કરો સુવિચાર. ૩

અનિત્ય ભાવના પહેલી.

(રાગ—માઢ.)

દેખો દુનિયાવાસી, તત્ત્વ તપાસી; વસ્તુ વિનાશી,
જોતા ભાસે ન નિત્ય.
ક્ષણ ક્ષણ ફરતા, જાયે પર્યાયો, ભાવના ભાવો,
બાજી સર્વ અનિત્ય.

દીર્ઘપણા કાળે કેંક ચાલતી, અંતે સર્વ વિનાશ,
પદાર્થ માત્ર અનિત્ય છે જગના, મોઘા ધરીને આશ;

વિવિધ સુખવાસી, આખર નાશી; જાતા તપાસી,
ચેતી લ્યો દૃઢ ચિત્ત. .... દેખો૦ ૧

દીર્ઘ આયુષ્યથી દેવો સુખી નહિં; માનો દુનિયામાંય;
અનંતકાળ અપેક્ષાએ તે પણ, આયુષ્ય ખૂટી જાય.
દેખો પુદ્ગલ બાજી, અહીંવે બાજી, વિણસે તાજી,
જૂઠી જણાયે રીત. .... દેખો૦ ૨

તંદુરસ્ત પ્રભાતે જે દીઠા, પામતા સંધ્યાએ કાળ;
પુષ્પ ખીલ્યાં દિનકર કિરણે પ્રહ, ખરતા સાંજે નિહાળ.
કોમળ વય નાની, ખીલે જુવાની; જરાયે હાનિ,
સ્થિતિ તત્તન્નિમિત્ત. .... દેખો૦ ૩

લક્ષ્મી ચપળ બદલે બહુ સ્થાનો, અધવચ આપે છેહ;
વ્હાલા પ્રિયજનોનો સમાગમ, ટકવા પૂર્ણ સંદેહ.
ઉગ્યો અસ્ત થવાને, જન્મ્યો જવાને; વેગે હવાને,
ધ્વજા પરે સ્થાપિત. .... દેખો૦ ૪

ધવળ મંગળ ઋદ્ધિ સિદ્ધિ વૈભવ, દીઠા જે ઘરમાંય;
પાશેર અન્ન માટે પડે સાંસાં, માગી ખાતા જણાય.
ગજકર્ણની જેવા, ચંચળ તેવા; જાણીને એવા,
ટાળો મોહ ખચીત. .... દેખો૦ ૫

હે જીવ! શાન્ત્ય સુત ગોરવધન, તન પણ તારૂં ન હોય;
નારી સહોદર અંત સમયમાં, કામ ન આવે કોય.
વિદ્યુત્ ચમકારો, સ્વપ્ન વિચારો; ટકે શું ધારો,
સંધ્યા સમયના ચિત્ર. .... દેખો૦ ૬

અજ્ઞાનથી મારાપણું જેમાં, માનો તે સર્વ અનિત્ય;
જ્ઞાન દર્શન ચારિત્ર ને સત્‌ચિત્, આનંદ એ ગુણ નિત્ય.

10 9

10 2

મુકાવા પંજે નિ-શ્ચય નય નહીં સર્વ મરણે;
જતા જન્મારે જો, અશરણ ખરે આત્મ શરણે. ૪
જુઓ માયા કાયા, પરભવ જતાં વૈભવ જશે;
અનિત્યો સાધીના, સકળ જગ તત્ત્વો રખડશે;
કરેલા જે કામો, શુભ અશુભ તે સાથ મરણે;
જતા જન્મારે જો, અશરણ ખરે આત્મ શરણે. પં
વિચારો આત્માનું, અતુલ બળ જો ધારિ મનમાં;
વિકાસે ચર્ણોના, નિરૂપમ ગુણો આવિતનમાં;
રહે સાથે કર્મો, સુખ દુઃખ કરે જ્ઞાનિ વચણે;
જતા જન્મારે જો, અશરણ ખરે આત્મ શરણે. ૬
ગુણો આત્માના જે, અવનત થયા તે પ્રગટવા;
ગ્રહો તત્ત્વો એવા, નિજ નિજ ગુણે સન્મુખ થવા;
ખરા ભાવે ભાવો, અશરણ તરે દિવ્ય નયણે;
જતા જન્મારે જો, અશરણ ખરે આત્મ શરણે. ૭
થતો આત્મા પોતે, સ્વબળ પરમાત્મા અખિલમાં,
ખપાવે જો કર્મો, સ્વગુણ પ્રગટે શુદ્ધ દિલમાં;
તરે ને તારે ' દુર્લભ ' શરણ એ ખાસ મરણે,
જતા જન્મારે જો, અશરણ ખરે આત્મ શરણે. ૮

સંસાર–ભાવના. ત્રીજી.

(શાર્દુલ વિક્રીડિત છંદ.)

જો સંસાર વિષે સદાય ભવમાં, કર્મે ફરે પ્રાણીઓ,
કાપે પંથ ઘણો રહે સ્થળ વિષે, [1]જેવો ફરે [2]ઘાણીઓ;

---

૧ બળદ. ૨ ઘાણીમાં.

કાર્યાકાર્ય વશાત એજ નિયમે, કાળો અનંતા થયા,
જાણ્યો મર્મ સુજાણ એહ જગનો, તે પ્રાણી મોક્ષે ગયા. ૧

રાજા રંક સુખી દુઃખી સુરનરો, કંપે ઘણા સ્થાનમાં,
વિદ્વાનો મુરખા ગુણી ગુણહિણા, દ્વેષી ગુણે માનમાં;
અદ્વેષી ગુણરાગિ રૂપ ચળકે, કદ્રૂપ કર્મે થયા,
જાણ્યો મર્મ સુજાણ એહ જગનો, તે પ્રાણી મોક્ષે ગયા. ૨

પામ્યો પૂર્ણ સંબંધ આત્મ ભવમાં, ફર્તા પિતા માતના,
સ્ત્રી, પુત્રી, સુત, શેઠ, નોકર અને, શત્રુ તથા મિત્રના;
દેહાતીત જણાય આત્મ સમજી, ન્યારા નિરાગે રહ્યા,
જાણ્યો મર્મ સુજાણ એહ જગનો, તે પ્રાણી મોક્ષે ગયા. ૩

આસક્તિ સ્વજનો પ્રતે જગતમાં, સારાપણે જો ઠરે,
તે રાગે નિજ ઇષ્ટ કાળ વિરહે, સંતાપ જીવો કરે;
માનો આત્મ સમાન સર્વ હિતમાં, કલ્યાણ પ્રેમે થવા,
જાણ્યો મર્મ સુજાણ એહ જગનો, તે પ્રાણી મોક્ષે ગયા. ૪

પામ્યો કાળ અનંત ચાર ગતિમાં, ચોરાશિ માંહે ભમે,
નાચ્યો નાટક પાત્રરૂપ વિવિધે, મેળા વિયોગોક્રમે;
વેઠ્યા નર્ક નિગોદ દુઃખ અતિશે, પુન્યે મનુષ્યો થયા,
જાણ્યો મર્મ સુજાણ એહ જગનો, તે પ્રાણી મોક્ષે ગયા. ૫

સંસારે સુખ શોધતાં વમળમાં, આત્મા નિહાળ્યો નહીં,
કસ્તૂરી મૃગવાસ શોધન ફરે, છે પાસ અટવી મહીં;
ફર્તા બાહ્ય વિચાર વસ્તુ સુખમાં, કાંતાર પંથે વહ્યા,
જાણ્યો મર્મ સુજાણ એહ જગનો, તે પ્રાણી મોક્ષે ગયા. ૬

સંસારે સુખ છે જરાપણ નહીં, ઉદ્દેશ જાણો નહીં,
જોતાં તે સુખ ઇન્દ્રજાળ સરખાં, જાતાં જણાયે સહી;

રેતા ત્યાગિ કુટુંબ જાય રડતા, મોહે ન તૃષ્ણા થયા;
જાણ્યો મર્મ સુજાણ એહ જગનો, તે પ્રાણી મોક્ષે ગયા. ૭

રે'તા સંત સમાગમે સમજતા, જીવો ચડે ભાવમાં,
માને વૈભવ દુઃખગર્ભિત સુખો, જ્ઞાને થિ વૈરાગ્યમાં;
આ સંસાર અસાર 'દુર્લભ' તરે, કર્મે નિરાળા થયા,
જાણ્યો મર્મ સુજાણ એહ જગનો, તે પ્રાણી મોક્ષે ગયા. ૮

અનિત્ય સંસાર ભાવનાષ્ટક: સદર.

(શિખરિણી છંદ.)

અનંતી વેળા આ, ભવઅટવિમાં ચાર ગતિમાં,
ભમે પૂરા પ્રાણી, નરભવ લઈ સુસ્ત બંનમાં
વિચારી જો વેગે, વખત વિતતાં કાળ પકડે,
નથી કોઐ તારૂં, નરભવ તણું શ્રેય બગડે. ૧

અસારે સંસારે, વિષય સુખમાં મગ્ન ધનમાં,
બધી બાજી જૂઠી, વિણસતિ ખરે વાર પળમાં;
ટકે શું સંધ્યાના, સમય ગગને રંગજ ચડે,
નથી કોઐ તારૂં, નરભવતણું શ્રેય બગડે. ૨

ફસાવે મસ્તાની, જગત પર માયા મમતમાં,
ફસાવી કુકૃત્યો, પરહિત હરાવે વતનમાં;
લટે વ્હાલા ભ્રાતા, ઘર ઘર જણાતા હુંજવડે,
નથી કોઐ તારૂં, નરભવ તણું શ્રેય બગડે. ૩

પિતા માતા ભ્રાતા, પ્રિય સુત સુતા આદિ જગમાં,
મળેલો મેળો આ, નહી સમજ નાસે વિપતમાં;

કહે સ્વાર્થે સારો, કર અટકતાં વેત તગડે,
નથી કોએ તારૂં, નરભવ તણું શ્રેય બગડે. ૪

સગા વ્હાલા હંસા ! સિમ સુધિ સહૂ આવી વળશે,
કિધેલા જે કામો, પરહિત તણાં સાથ મળશે;
ગુણો કે દુર્ગુણો, નગર જન જો ગાય વગડે,
નથી કોએ તારૂં, નરભવ તણું શ્રેય બગડે, ૫

અનંતા નીગોદે, દુઃખ સહેન કીધાં વિપતમાં,
મહા પુણ્યે પામ્યો, નરભવ હવે ચેત મનમાં;
કરો એવાં કામો, ફરીન જગમાં જીવ રખડે,
નથી કોએ તારૂં, નરભવ તણું શ્રેય બગડે. ૬

અવિનાશી આત્મા, વપુ વિણુસતું રાગ તજીએ,
દયાથી દીનોની, વિપત હરવા યત્ન કરિએ;
સહૂને આત્માવત્, ગણી અટકિએ સર્વ ઝગડે,
નથી કોએ તારૂં, નરભવ તણું શ્રેય બગડે. ૭

જુઠી કાયા માયા, પર કદિ નહી રાગ ધરિએ,
જિનાજ્ઞાએ ચાલો, ભવજલધિથી તોજ તરીએ;
જુઓ વૈરાગ્યેથી, શિવપુર નકી " દુર્લભ " જડે,
નથી કોએ તારૂં, નરભવ તણું શ્રેય બગડે. ૮

એકત્વ ભાવના ચોથી.

(રાગ—ઝુલણા છંદ.)

જન્મતા સર્વ એકાકિ જંતુ જુઓ, જાય એકાકિ આયુષ્ય ખુટે,
સાંધનારા નહિ ચતુર સંસારમાં, સ્થિતિ પૂરણ થતા દોર ત્રુટે;

ખાધું પીધું નહિ દાન દીધું નહિ, પરિગ્રહો મેળવ્યા મોહ દાવે,
હાથ ઘસતા જતા કાળ આધિન થતા, આખરે જીવ એકાકિ જાવે ! ૧

બાંધતો કર્મ એકાકિ તે ભોગવે, મેળવ્યું તે રહી જાય બાકી,
સ્વજન સંબંધી સ્ત્રી પુત્ર અળગા થશે, કાળ છેવટ લઈ જાય ઢાંકી;
કાર્ય અકાર્ય આરંભતા ચેતવું, પુણ્ય ને પાપ દોય સાથ આવે,
હાથ ઘસતા જતા કાળ આધિન થતા, આખરે જીવ એકાકિ જાવે. ૨

જ્ઞાન ચક્ષુ થયા બંધ વિચારી જો, મોહરાજા તણો મંત્ર ભારે,
હું અને મારૂં માની રહ્યો મમતમાં, વઠતણું બીજને જો વધારે;
થાય વિસ્તાર સંસારનો એ રીતે, તારૂં લુંટાય નિહાળ ભાવે,
હાથ ઘસતા જતા કાળ આધિન થતા, આખરે જીવ એકાકિ જાવે ૩

જીવ સંહારી લાખો ચડી યુદ્ધમાં, દીધી તાબે જુઓ પૃથ્વી આખી,
ચક્રીહરિ છેવટે કાળ તાબે થયા, પરભવે જો ગયા પૃથ્વી પાખી;
શ્રીપતિ ભૂપતિ ખાલી હાથે જુઓ, વૈભવો સર્વ મૂકી સિધાવે,
હાથ ઘસતા જતા કાળ આધિન થતા, આખરે જીવ એકાકિ જાવે. ૪

પૂર્ણ મદમસ્ત સંપૂર્ણ હેરાન થઈ, રાવણે લાજ ગુમાવી નાખી,
જાય એકાકિ કર્મે કરી નરકમાં, કીર્તિ રામે કરી ન્યાય રાખી;
દુષ્ટ કાર્યો તણાં કર્મ પહોંચી વળે, હસ્તથી સર્વ સત્તા ગુમાવે,
હાથ ઘસતા જતા કાળ આધિન થતા, આખરે જીવ એકાકિ જાવે. ૫

સાહિબી દેખી અનિત્ય સંસારમાં, નાશ વિવેક પામ્યો સ્વકેરો,
બે ઘડી નહિ મળે ધર્મ માટે જુઓ, વખત વીતાવી દે મોહઘેરો;
લાડી ગાડી અને વાડીની મોજમાં, આળપંપાળ માંહિ ભુલાવે,
હાથ ઘસતા જતા કાળ આધિન થતા, આખરે જીવ એકાકિ જાવે. ૬

વસ્તુ અનિત્યમાં જ્ઞાન સમ્યક્ થકી, જો વિવેકે વિચારે ધરામાં,
નિજરૂપે નિજ વસ્તુ ગતિ જગતમાં, જાણતો તત્ત્વ જે અંતરમાં;

ઔષધિ એહ જ્ઞાને ચડે હાથમાં, તો સમર્થ ત્વરાએથી થાવે,
હાથ ઘસતા જતા કાળ આધિન થતા, આખરે જીવ એકાકિ જાવે. ૭

ત્યાગિ, અનિત્ય આ સાહીબીને રહ્યા, ચક્રી એકાકિ જો આત્મ ભાવે,
વલય દ્રષ્ટાંત દેખી મિથિલા પતિ, ત્યાગી એકાકિ નમિરાજ થાવે;
"દુર્લભ" દેખી અસ્થિર સંસાર આ, જો તર્યાં આત્મ એકાકિ ભાવે,
હાથ ઘસતા જતા કાળ આધિન થતા, આખરે જીવ એકાકિ જાવે. ૮

અન્યત્વ–ભાવના પાંચમી.

(સવૈયા–એકત્રિશા.)

લક્ષ ચોરાશી ભવમાં ફરતા, સરવે સ્વારથ દાખે નેહ,
કાળ અનંતા લાલન પાલન, કરી પોષેલો વિણસે દેહ;
તારૂં કોઇ નથી આ જગમાં, તું કેનો સાચો આધાર,
વપુ વિનાશી તું અવિનાશી, બાહ્ય વસ્તુ અન્યત્વ વિચાર. ૧

ધન સુવર્ણ ઘર સકળ વૈભવો, છત્રપતિ શાણા શીરદાર,
ચક્રી પ્રમુખ મૂકી સહુ જાતા,, તે મારા ગણતો સંસાર;
પરિગ્રહ મૂર્છા તૃપ્ત ન થાવે, અજ્ઞાને વધતો હદપાર,
વપુ વિનાશી તું અવિનાશી, બાહ્ય વસ્તુ અન્યત્વ વિચાર. ૨

સગા સંબંધી સંસારે જો, છંડે સ્વારથ સરતા જેહ,
ભરત બાહુબલ યુદ્ધ મચાવે, નિરખી એ બાંધવના નેહ;
શ્રેણિક ને બંધનમાં નાખી, પીડે તાત ને પુત્ર અપાર,
વપુ વિનાશી તું અવિનાશી, બાહ્ય વસ્તુ અન્યત્વ વિચાર. ૩

મળે જેમ મેળો તીરથમાં, તરૂવાસી પંખી રહે રાત,
સ્વજન સંબંધી ચાર ગતિમાં, અનંત કીધા જાયે દેહાન્ત;

રાગ દ્વેષ ધરતા હૃદયે જો, બંધન બે મોટા સંસાર,
વપુ વિનાશી તું અવિનાશી, બાહ્ય વસ્તુ અન્યત્વ વિચાર. ૪

અહં મમ મંત્ર થકી આ જગમાં, મોહતણું જામેલું જોર,
પારકી આશ રૂપી ફાંસીમાં, નાવ ડુબાવ્યું દઈને નોર;
કાળ અનંત મથે સુખ માટે, શાશ્વત સુખ પોતે કરનાર,
વપુ વિનાશી તું અવિનાશી, બાહ્ય વસ્તુ અન્યત્વ વિચાર. ૫

ચક્રી ભૂપતિ શ્રેષ્ઠી નિહાળો, અમલદાર કીર્તિ બહુમાન,
કાછ પાછ વળી અપભ્રાછ, પુદ્ગલબાજી સર્વ નિદાન;
જેના રાજ્ય વિષે દિનકર પણ, અસ્ત ન થાયે તે જાનાર,
વપુ વિનાશી તું અવિનાશી, બાહ્ય વસ્તુ અન્યત્વ વિચાર. ૬

સર્વ પદાર્થ નિહાળો ન્યારા, ચેતનની ઉપાધિ તપાસ,
શરીર પુદ્ગલો ન્યારા રૂપે, પુદ્ગલ જાણ અજીવ વિનાશ;
આત્મ દ્રવ્યથી ન્યારા સર્વે, પૃથક્ પૃથક્ રૂપો નિરધાર,
વપું વિનાશી તું અવિનાશી, બાહ્ય વસ્તુ અન્યત્વ વિચાર. ૭

નિર્મમ સુત દેખી મરૂદેવી, એ ભાવે પામ્યા ભવપાર,
વીર શિષ્ય ગૌતમ એ ભાવે, કેવલ શ્રી પામ્યા શ્રીકાર;
અન્યત્વ ભાવ ભવિહિત "દુર્લભ" ધરતા આત્મ વરે શિવનાર,
વપુ વિનાશી તું અવિનાશી, બાહ્ય વસ્તુ અન્યત્વ વિચાર. ૮

અશુચિ-ભાવના. છઠ્ઠી.

(હરિગીત-છંદ.)

આત્મા તણાં શુભ કાર્યનું, સાધન શરીર વિચારિએ,
સર્વસ્વ સાર શરીર ગણતા, આત્મ ભૂલ સુધારિએ;

પુણ્યે મળ્યો નરદેહ ઉત્તમ, આત્મહિત વધારિએ,
શુચિહીન ઔદારિક વપુ, તસરાગ ચેતન ! વારીએ. ૧

મચકોડતો મુખ દેખતાં, દુર્ગન્ધ પુદ્‌ગલમાં ભરી,
કફ મૂત્ર મળ કાયમ વહે, જો નગર ખાળ પરે જરી;
મસ્તક ઉંધે મળમાં રહે, દુઃખ ગર્ભનાજ વિચારીએ,
શુચિહીન ઔદારીક વપુ, તસરાગ ચેતન વારીએ. ૨

મળ મૂત્રમાંસ રૂધિર અસ્થિ, મેદ રસ મજ્જા ભર્યું,
કૃમિ શ્લેષ્મ આમય વીર્યનસ, જાળિ વીંટિ ચર્મે જડયું;
રૂપ બાહ્ય દેખી રીજતા, અંતર અશુચિ ધારીએ,
શુચિહીન ઔદારિક વપુ, તસરાગ ચેતન ! વારીએ. ૩

ધરો પુષ્પમાળ બરાસ કસ્તૂરી, સુગંધાદિ તને,
કરવા સમર્થ મલિન જાણી, શરીર ચેતી લ્યો મને;
પરભવ જતાં છોડ્યાં શરીર, અપાર ચેતન ! ધારીએ.
શુચિહીન ઔદારિક વપુ તસ રાગ ચેતન વારીએ. ૪

જાડા તણા ઘરની મરામત, કામ જોગી સહુ કરો,
કસરત અને બ્રહ્મચર્યથી, શૂરવિરતા અંગે ધરો;
નોકર તણું પોષણ કરિ, શુભ કામ લેવા ધારીએ,
શુચિહીન ઔદારિક વપુ, તસરાગ ચેતન ! વારીએ. ૫

રહેવું નહિં વશ શરીરને, આળસ તજી ઉદ્યમ કરો,
ધાર્મીક વ્યવહારીક સુધરે, કાર્ય કેળવણી ધરો;
છંડી અન્તરરાગ ઉપયોગથી, એવા હિત ધારીએ,
શુચિહીન ઔદારિક વપુ, તસરાગ ચેતન ! વારીએ. ૬

[illegible]
[illegible]

ઉપયોગી જાણી દેહ કાણુ, આત્મ પૂર્ણ વધારિએ,
શુચિહીન ઔદારિક વપુ, તસરાગ ચેતન ! વારીએ. ૭

મંડપ વિષે કનકે મઢી, ભોજન ભરી કુમરી ખડી,
ઢાંકણ ખસેડી ભુજવ્યા, દુર્ગન્ધ ત્યાં છુટી પડી;
તાર્યા અશુચિ ભાવ "દુર્લભ" મિત્ર મલ્લીકુમારીએ,
શુચિહીન ઔદારિક વપુ, તસ રાગ ચેતન ! વારીએ. ૮

આશ્રવ-ભાવના સાતમી.

(રૂચિરા-છંદ.)

ક્ષણે ક્ષણે શુભ અશુભ કર્મનો, ચેતો ચેતન બંધ પડે,
અવિરતિ, કષાય, મિથ્યાત્વ, યોગ, સહકારણ એ ચારવડે;
પુણ્ય પાપ બાંધી ભોગવવા, ઉદય જુઓ જ્યારે આવે,
કાર્ય થતાં નિષ્કામ વૃત્તિયે, આશ્રવ ત્યાગ ભવિ થાવે. ૧

મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય, અને, માધ્યસ્થ, ભાવથી દિલ ભરે,
શુભ કર્મ બાંધે તે પ્રાણી, અંતર ભાવ એ ચાર હરે;
આર્ત રૌદ્ર, વળી વિષય, કષાયે, અશુભ કર્મ બંધન થાવે,
કાર્ય થતાં નિષ્કામ વૃત્તિયે, આશ્રવ ત્યાગ ભવી થાવે. ૨

પરિહર આશ્રવ પંચ જેહના, દસમું અંગ પ્રપંચ કહે,
હોયે જે હિંસા કરતા જન, તેહ કટુક વિપાક લહે;
મિથ્યા વચણ નડે વસુ નૃપને, પરધન મંડિકને તાવે,
કાર્ય થતાં નિષ્કામ વૃત્તિએ, આશ્રવ ત્યાગ ભવિ થાવે. ૩

ઈંદ્રાદિક સુર કઈક રોળવ્યા, શિયળ ચુકતા સંસારે,
બ્રહ્મદત્ત પરિગ્રહની મમતાયે, નરક દુઃખ પામ્યો ભારે;

પુણ્યે મળ્યો નરદેહ ઉત્તમ, આત્મહિત વધારિએ,
શુચિહીન ઔદારિક વપુ, તસરાગ ચેતન ! વારીએ. ૧
મચકોડતો મુહ દેખતાં, દુર્ગન્ધ પુદ્‌ગલમાં ભરી,
કફ મૂત્ર મળ કાયમ વહે, જો નગર ખાળ પરે જરી;
મસ્તક ઉંધે મળમાં રહે, દુઃખ ગર્ભનાજ વિચારીએ,
શુચિહીન ઔદારીક વપુ, તસરાગ ચેતન વારીએ. ૨
મળ મૂત્રમાંસ રૂધિર અસ્થિ, મેદ રસ મજ્જા ભર્યું,
કૃમિ શ્લેષ્મ આમય વીર્યનસ, જાળિ વીંટિ ચર્મે જડ્યું;
રૂપ બાહ્ય દેખી રીજતા, અંતર અશુચિ ધારીએ,
શુચિહીન ઔદારિક વપુ, તસરાગ ચેતન ! વારીએ. ૩
ધરો પુષ્પમાળ બરાસ કસ્તૂરી, સુગંધાદિ તને,
કરવા સમર્થ મલિન જાણી, શરીર ચેતી હયો મને;
પરભવ જતાં છોડ્યાં શરીર, અપાર ચેતન ! ધારીએ.
શુચિહીન ઔદારિક વપુ તસ રાગ ચેતન વારીએ. ૪
ભાડા તણા ઘરની મરામત, કામ જોગી સહુ કરો,
કસરત અને બ્રહ્મચર્યથી, શૂરવિરતા અંગે ધરો;
નોકર તણું પોષણ કરિ, શુભ કામ લેવા ધારીએ,
શુચિહીન ઔદારિક વપુ, તસરાગ ચેતન ! વારીએ. ૫
પડવું નહિં વશ શરીરને, આળસ તજી ઉદ્યમ કરો,
ધાર્મીક વ્યવહારીક સુધરે, કાર્ય કેલવણી ધરો;
છંડી અનાદર રાગ ઉપયોગી, થવા દિલ ધારીએ,
શુચિહીન ઔદારિક વપુ, તસરાગ ચેતન ! વારીએ. ૬
ધરી કાળજી ઉચીત કુદરત, કાયદે વર્તી અને,
વિવેક દીર્ઘ વિચાર તન્દુરસ્તી, પૂર્ણ ધરો તને;

ઉપયોગી જાણી દેહ કાણુ, આત્મ પૂર્ણ વધારિએ,
શુચિહીન ઔદારિક વપુ, તસરાગ ચેતન ! વારીએ. ૭

મંડપ વિષે કનકે મઢી, ભોજન ભરી કુમરી ખડી,
ઢાંકણુ ખસેડી મુંજવ્યા, દુર્ગન્ધ જ્યાં છુટી પડી;
તાર્યા અશુચિ ભાવ "દુર્લભ" મિત્ર મલ્લીકુમારીએ,
શુચિહીન ઔદારિક વપુ, તસ રાગ ચેતન ! વારીએ. ૮

આશ્રવ–ભાવના સાતમી.

(કુંડિયા-છંદ.)

ક્ષણે ક્ષણે શુભ અશુભ કર્મનો, ચેતો ચેતન બંધ પડે,
અવિરતિ, કષાય, મિથ્યાત્વ, યોગ, સહેકારણ એ ચારવડે;
પુણ્ય પાપ બાંધી ભોગવવા, ઉદય જુઓ જ્યારે આવે,
કાર્ય થતાં નિષ્કામ વૃત્તિયે, આશ્રવ ત્યાગ ભવિ થાવે. ૧

મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય, અને, માધ્યસ્થ, ભાવથી દિલ ભરે,
શુભ કર્મ બાંધે તે પ્રાણી, અંતર ભાવ એ ચાર ઠરે;
આર્ત રૌદ્ર, વળી વિષય, કષાયે, અશુભ કર્મ બંધન ફાવે,
કાર્ય થતાં નિષ્કામ વૃત્તિયે, આશ્રવ ત્યાગ ભવી થાવે. ૨

પરિહર આશ્રવ પંચ જેહના, દસમું અંગ પ્રપંચ કહે,
હાંશે જે હિંસા કરતા જન, તેહ કટુક વિપાક લહે;
મિથ્યા વચણુ નડે વસુ નૃપને, પરધન મંડિકને તાવે,
કાર્ય થતાં નિષ્કામ વૃત્તિએ, આશ્રવ ત્યાગ ભવિ થાવે. ૩

ઈંદ્રાદિક સુર કડક રોળવ્યા, શિપળ ચુકતા સંસારે,
બ્રહ્મદત્ત પરિગ્રહની મમતાયે, નરક દુઃખ પામ્યો ભારે;

પુણ્યે મળ્યો નરદેહ ઉત્તમ, આત્મહિત વધારિએ,
શુચિહીન ઔદારિક વપુ, તસરાગ ચેતન ! વારીએ. ૧
મચકોડતો મુહ દેખતાં, દુર્ગન્ધ પુદ્ગલમાં ભરી,
કફ મૂત્ર મળ કાયમ વહે, જો નગર ખાળ પરે જરી;
મસ્તક ઉંધે મળમાં રહે, દુઃખ ગર્ભનાજ વિચારીએ,
શુચિહીન ઔદારીક વપુ, તસરાગ ચેતન વારીએ. ૨
મળ મૂત્રમાંસ રૂધિર અસ્થિ, મેદ રસ મજ્જા ભર્યું,
કૃમિ શ્લેષ્મ આમય વીર્યનસ, જાળિ વીંટિ ચર્મે જડયું;
રૂપ બાહ્ય દેખી રીજતા, અંતર અશુચિ ધારીએ,
શુચિહીન ઔદારિક વપુ, તસરાગ ચેતન ! વારીએ. ૩
ધરો પુષ્પમાળ બરાસ કસ્તૂરી, સુગંધાદિ તને,
કરવા સમર્થ મલિન જાણી, શરીર ચેતી હયો મને;
પરભવ જતાં છોડ્યાં શરીર, અપાર ચેતન ! ધારીએ.
શુચિહીન ઔદારિક વપુ તસ રાગ ચેતન વારીએ. ૪
ભાડા તણા ઘરની મરામત, કામ જોગી સહુ કરો,
કસરત અને બ્રહ્મચર્યથી, શૂરવિરતા અંગે ધરો;
નોકર તણું પોષણ કરિ, શુભ કામ લેવા ધારીએ,
શુચિહીન ઔદારિક વપુ, તસરાગ ચેતન ! વારીએ. ૫
પડવું નહિં વશ શરીરને, આળસ તજી ઉદ્યમ કરો,
ધાર્મીક વ્યવહારીક સુધરે, કાર્ય કેલવણી ધરો;
છંડી અનાદર રાગ ઉપયોગી, થવા દિલ ધારીએ,
શુચિહીન ઔદારિક વપુ, તસરાગ ચેતન ! વારીએ. ૬
ધરી ટાળજી ઉચીત કુદરત, કાયદે વર્તી અને,
વિવેક દીર્ઘ વિચાર તન્દુરસ્તી, પૂર્ણ ધરો તને;

ઉપયોગી જાણી દેહ કારણ, આત્મ પૂર્ણ વધારિએ,
શુચિહીન ઔદારિક વપુ, તસરાગ ચેતન ! વારીએ. ૭
મંડપ વિષે કનકે મઢી, ભોજન ભરી કુમરી ખડી,
ઢાંકણ ખસેડી બુજવ્યા, દુર્ગન્ધ જ્યાં છુટી પડી;
તાર્યા અશુચિ ભાવ " દુર્લવા " મિત્ર મલ્લીકુમારીએ,
શુચિહીન ઔદારિક વપુ, તસ રાગ ચેતન ! વારીએ. ૮

આશ્રવ–ભાવના. સાતમી.

(રૂચિરા–છંદ)

ક્ષણે ક્ષણે શુભ અશુભ કર્મનો, ચેતો ચેતન બંધ પડે,
અવિરતિ, કષાય, મિથ્યાત્વ, યોગ, સહકારણ એ ચારવડે;
પુણ્ય પાપ બાંધી ભોગવવા, ઉદય જુઓ જ્યારે આવે,
કાર્ય થતાં નિષ્કામ વૃત્તિયે, આશ્રવ ત્યાગ ભવિ થાવે. ૧
મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય, અને, માધ્યસ્થ, ભાવથી દિલ ભરે,
શુભ કર્મ બાંધે તે પ્રાણી, અંતર ભાવ એ ચાર કરે;
આર્ત રૌદ્ર, વળી વિષય, કષાયે, અશુભ કર્મ બંધન ફાવે,
કાર્ય થતાં નિષ્કામ વૃત્તિયે, આશ્રવ ત્યાગ ભવી થાવે. ૨
પરિહર આશ્રવ પંચ જેહના, દસમું અંગ પ્રપંચ કહે,
હોંશે જે હિંસા કરતા જન, તેહ કટુક વિપાક લહે;
મિથ્યા વયણ નડે વસુ નૃપને, પરધન મંડિકને તાવે,
કાર્ય થતાં નિષ્કામ વૃત્તિએ, આશ્રવ ત્યાગ ભવિ થાવે. ૩
ઈંદ્રાદિક સુર કંઈક રોળવ્યા, શિયળ ચુકતા સંસારે,
બ્રહ્મદત્ત પરિગ્રહની મમતાયે, નરક દુ:ખ પામ્યો ભારે;

સેવ્યાં શત્રુપણું ભજતાએ, પાંચે દુર્ગતિ લઇ જાવે,
કાર્ય થતાં નિષ્કામ વૃત્તિએ, આશ્રવ ત્યાગ ભવિ થાવે.
છિદ્ર સહિત નાવા જલધિમાં, નીર ભરાતા ડુબાડે,
તિમ હિંસાદિક આશ્રવ પાંચે, પાપે પીંડ ભરી પાડે;
મૃગ, પતંગ, ગજ, અલિ, માછલા, એક વિષયી દુઃખી થાવે,
કાર્ય થતા થતા નિષ્કામ વૃત્તિએ, આશ્રવ ત્યાગ ભવિ થાવે. ૫
પંચેન્દ્રિય વશ પ્રાણી થાતા, દુઃખી સુખ તે કેમ લહે,
હાસ્ય નિંદ વિકથા વશ પડતા, નરક નિગોદે દુઃખ વહે;
પુરવધર શ્રતધર જેવાઓ, સબળ થકી પણ જે ફાવે,
કાર્ય થતા નિષ્કામ વૃત્તિએ, આશ્રવ ત્યાગ ભવિ થાવે. ૬
પુણ્ય પાપ શી રીતે બાંધી, ભોગવતા પ્રાણી જગમાં,
સવિસ્તાર સ્વરૂપ ગ્રહો, નવતત્ત્વ થકી ભવિયણ મનમાં;
કર્મ બંધાય સરાગ પ્રવૃત્તિ, આશ્રવ એહ જુઓ ભાવે,
કાર્ય થતા નિષ્કામ વૃત્તિએ, આશ્રવ ત્યાગ ભવિ થાવે. ૭
વિષય વાસના ત્યાગી સરવે, પંચેન્દ્રિય વશ જેહ કરે,
સુખ દુઃખ કર્મ આધિન જાણી સહુ, સમતા પુરણ દિલ ભરે;
"દુર્લભ" નરભવ જીત મેળવે, કર્મ થકી તેઓ ફાવે,
કાર્ય થતા નિષ્કામ વૃત્તિએ, આશ્રવ ત્યાગ ભવિ થાવે. ૮

સંવર—ભાવના આઠમી.

(સવૈયા—બત્રીશા.)

આશ્રવ રોધ કરે તે સંવર, રોધત કર્મ નવા સહુ કામે,
સમ્યગ્ જ્ઞાન મિથ્યાત્વ તજે, ધરિ વિરતિ ભાવ અવિરતિ વામે;

ક્રોધ થવા નિર્મૂળ ક્ષમા ધર, નમ્રપણું અભિમાન નિવારે,
સંવર ભેદ ધરો ચિત્તમાં ભવિ, દ્રવ્ય ભાવ એ દોય પ્રકારે. ૧

માયા સરલપણાથી નિવારત, લોભે તજે ભવિયણ સંતોષે,
એ રીત જીતિ કષાય તમામ, રહે ડરતા મન કાયમ દોષે;
મન-વચ-કાય-તણા શુભયોગ, અશુભયોગ પર જીત વધારે,
સંવર ભેદ ધરો ચિત્તમાં ભવિ, દ્રવ્ય ભાવ એ દોય પ્રકારે. ૨

સંવર સર્વને દેશ થકીએ, દોય પ્રકાર થતા સુખકારી,
સર્વ પ્રકાર ધરે તે સંવર, જેહ અયોગી કેવળ ધારી;
દેશ થકી સંભવતો સંવર, રોધત આશ્રવ ત્રણ પ્રકારે,
સંવર ભેદ ધરો ચિત્તમાં ભવિ, દ્રવ્ય ભાવ એ દોય પ્રકારે. ૩

આશ્રવ પુદ્ગલ જેહ અટકતા, જીવ પ્રતે શુભ ભાવ હઠાવે,
અથવા છેદ કરે શુભ ભાવથી, દ્રવ્ય ભેદ સંવર દિલ આવે;
ભાવ ભેદ ભવ સ્થિતિ સુધારત, નિજ સ્વભાવ રમણુતા ધારે,
સંવર ભેદ ધરો ચિત્તમાં ભવિ, દ્રવ્ય ભાવ એ દોય પ્રકારે. ૪

સમિતિ ગુપ્તિ સુધી ધરીને મન, શાંત સુધારસ મગ્ન બનાવે,
વિરસ વિષયરસ પુષ્પ રખડતો, મન અલિ સંવર ભાવ હઠાવે;
લાભ અલાભ સુખ દુઃખ શાતા, મૃત્યુ જીવન સમાન વિચારે,
સંવર ભેદ ધરો ચિત્તમાં ભવિ, દ્રવ્યભાવ એ દોય પ્રકારે. ૫

પરિગ્રહ છોડી સંયમ લેવા, સંથારો કરવા મન ધારે,
ક્યારે વખત મળે શુભ એવો, શ્રાવક કાયમ એમ વિચારે;
શત્રુ મિત્ર સમભાવ રહેતા, માન અને અપમાન નિવારે,
સંવરભેદ ધરો ચિત્તમાં ભવિ, દ્રવ્યભાવ એ દોય પ્રકારે. ૬

મુનિવર આશંસા કરતા મન, સૂત્ર પઠન કરશું ગુરૂ પાસે,
એકલ મલ્લ રહી પ્રતિમા શુભ, સંલેષણુ ધરવા ઉલ્લાસે;
સર્વ જીવ હિત ચિંતવતા મન, સાધ્ય કરી સહુ કાર્ય સુધારે,
સંવર ભેદ ધરો ચિત્તમાં ભવિ, દ્રવ્ય ભાવ એ દોય પ્રકારે. ૭

સત્ય વચન મુખ પૂર્ણ દયા મન, પરધન પરહરિએ શુભ ભાવે,
કામ તજો ધરિ શીલ સન્નાહ, પરિગ્રહ નવ તજતા સુખ થાવે;
વીર તનું "દુર્લભ" વીરપણે, ઉપસર્ગ પરિસહ ધૈર્ય વધારે,
સંવર ભેદ ધરો ચિત્તમાં ભવિ, દ્રવ્ય ભાવ એ દોય પ્રકારે. ૮

નિર્જરા–ભાવના નવમી.

(વસંતતિલકા વૃત.)

સંચેલ કર્મ દલ ભાવ તપાદિ વારે,
તે નિર્જરા સમજ ચેતન બે પ્રકારે;
પેહ્લી સકામ તપ બાર પ્રકાર થાવે,
તે નિર્જરા સ્વરૂપ સર્વ વિચાર ભાવે. ૧

કરતા ઉણોદરિ સદા પર્વે ન ખાવે,
સંક્ષેપિ દ્રવ્ય તજતા રસ દેહ તાવે;
પંચેન્દ્રિયો વિષય રોધત સર્વ ભાવે,
તે નિર્જરા સ્વરૂપ સર્વ વિચાર ભાવે. ૨

પ્રાયશ્ચિતં વિનય ઉત્તમ ઝાણુધારે,
વ્યાપાર સર્વ તનુનો વ્યુત્સર્ગ વારે;
વૈયાવચાદિક સઝાય ખટે નિભાવે,
તે નિર્જરા સ્વરૂપ સર્વ વિચાર ભાવે. ૩

છો બાહ્યભેદ ખટ અંતરના સુધારે,
બારે પ્રકાર તપતા તપ કર્મ વારે;
ધરતા સકામ વિરતિ સ્વયમેવ ભાવે,
તે નિર્જરા સ્વરૂપ સર્વ વિચાર ભાવે. ૪

ચાપે સ્વરૂપ મળ હેમ નિવારિ તાપે,
એ રીત આત્મ કરમો તપવન્હિ કાપે;
સંચેલ કર્મ તજતા નિજરૂપ થાવે,
તે નિર્જરા સ્વરૂપ સર્વ વિચાર ભાવે. ૫

નિષ્કારણે સહત ટાઢ તવાય તાપે,
વેઠે ક્ષુધા વિરતિ ભાન વિના અમાપે;
જાણો અકામ નહિ લાભ વિશેષ થાવે,
તે નિર્જરા સ્વરૂપ સર્વ વિચાર ભાવે. ૬

કરતા કષાય સહુમંદ તપાગ્નિ તાપે,
ધ્યાનાંતરે વિરતિ ભાવ સુભાવ થાપે;
ઇચ્છા રહીત કરતા તપ લાભ થાવે,
તે નિર્જરા સ્વરૂપ સર્વ વિચાર ભાવે, ૭

કાપેલ મેલ જલ તુંબ તરે સ્વભાવે.
જો આત્મ તેમ મળ કર્મ નિવારિ થાવે;
કર્મો ખપાવી સુખ "દુર્લભ" મોક્ષપાવે,
તે નિર્જરા સ્વરૂપ સર્વ વિચાર ભાવે. ૮



લોકસ્વરૂપ–ભાવના દશમી.

(મનહર છંદ.)

ઉર્ધ્વ પુરૂષ આકાર, પગ પ્હોલા કરીને,
કર દોય થાપ્યા કટી, ચિત્તમાંહે ધારિયે;
ચૌદરાજ લોકતણું સ્વરૂપની ઝાંખી થવા,
એહિજ આકાર એહ, લોકને વિચારીયે;

જેમાં ધર્મ, અધર્મને, આકાશ, પુદ્‌ગલ, જીવ,
કાળરૂપ, ષટ્‌દ્રવ્ય, જાણીયે રહેલ છે;
ત્રણુ લોકનું સ્વરૂપ, ભાવથી વિચારે ભવિ,
એહિજ લોક સ્વભાવ, ભાવના કહેલ છે. ૧

માછલાને ચાલવાની, ગતિમાં વારિની સ્હાય,
એ રીતે સ્હાય સદ્ગુ, જીવ પ્રતે થાય છે;
ચલાવે ધર્માસ્તિકાય, સ્થિર બેસવામાં અને,
વસ્તુ સ્થાપવામાં તત્વ, અધર્માસ્તિકાય છે;
અવકાશ આપે આકાશાસ્તિકાયનો સ્વભાવ,
પૃથક સહાય એમ, તત્વમાં રહેલ છે. ત્રણુ૦ ૨

દુધથી ભરેલ પાત્રમાં પાશેર ખાંડ જતાં,
છલકાઈ નહિ જતાં, સમાવેશ થાય છે;
દુધ પરમાણુ વચ્ચે, વચ્ચે જે જગ્યા રહેલ,
આ જગ્યામાં જાણો તત્વ, આકાશાસ્તિ કાય છે.
પૃથ્વી વાદળા ગિર્યાદિ, જેના પરિણામ રૂપે,
પુદ્‌ગલાસ્તિકાય તેહ દ્રવ્યને ગણેલ છે. ત્રણુ૦ ૩

ચેતના લક્ષણવાળો, કર્મ તણો ભોક્તા જેહ,
જીવ જાણી લ્યો જરૂર, એહને ગણાય છે;
વસ્તુને જુઓ જે ક્ષણ, ક્ષણમાં બદલનાર,
નવીન ને જુનું જેહ, કરતો જણાય છે;
સમયથી આપનાર, જરૂર એ જાણી લેવો,
કાળ તત્વ એ પ્રમાણે, દ્રવ્ય છો રહેલ છે. ત્રણ૦ ૪

નર આકૃતીયે ઘટ, દ્રવ્યથી ભરેલ પૂર્ણ,
પુદ્દગલ ભરેલ જેમ, કાજલની કૂપલી;
ઉપજત વિણસત, થીર પણ રહે વળી,
સાતરાજ દેશુણરે, ઉર્ધ્વ તિરિય મલી;
બારદેવ લોકતણાં, સ્થાન ઉર્ધ્વલોકમાંહે,
સુરજ્ત આકારે જેહ, જાણીએ રહેલ છે. ત્રણ૦ ૫

નાભિ નજદિક નર, તિરિય આદિ રહેલ,
તિર્છા લોક જાણો તેહ, ઝલરી આકાર છે;
વેત્રાસન ને આકાર, અધોલોક નિચે રહ્યા,
સાત નારકીયો તીહાં, દુઃખ પારાવાર છે;
દ્વિપ સમુદ્ર અસંખ્ય, જીવ એહ લોકમાંહે,
સિદ્ધ શિલા શિરપાસ, ઉજલી રહેલ છે. ત્રણ૦ ૬

રચના એ લોકતણી, કોઇ કરનાર નહીં,
તેમ તેને નહીં કોયે, કરમાં ધરેલ છે;
સ્વયં સિદ્ધ નિરાધ.ર, લોકએ વિચારો ભવિ,
સર્વજ્ઞ કથિત નહીં, સંશય ભરેલ છે;

ઈશ્વર રચિત એહ, લોક પ્રતે માને જેહ,
તેહ પ્રભુ આણુા થકી, અળગા રહેલ છે. ત્રણ૦ ૭

માન મિથ્યામત વારી, આત્મના ખપી જીવોએ
જીનવર આણુા ચિત્ત, નિઃશંક નિર્ધારવી;
રાગ દ્વેષ કષાયાદિ, લોકમાં ભમાડનાર,
તેથી જીત થવા સહુ, વૃતિયો ને મારવી;
અજર અમર પદ, નિષ્કલંકતા એ મળે,
"દુર્લભ" ઉમેદ ભવિ, દિલમાં રહેલ છે. ત્રણ૦ ૮

બોધિ દુર્લભ–ભાવના અગ્યારમી.

(હરિગીત છંદ.)

જન્મો અનંતા કીધ ઉત્તમ, સ્થિતિ પામ્યા આખરે,
દૃષ્ટાંતથી દસ દોહિલો, નરજન્મ વસુધામાં ધરે;
પંચેન્દ્રિ પૂરણ દેહ મળવો, દુલ્લહો વિચારીયે,
બોધિ રયણ શુભ ભાવ દુર્લભ, હૃદયમાંહે ધારીયે. ૧

આ આર્યભૂમિ ક્ષેત્ર ઉત્તમ, કૂળ મળવું આકરૂં,
વિતાવી વિઘ્ન અનેક પુન્યાયે, થયું કદિ પાધરૂં;
આરોગ્યતા સામગ્રી દુષ્કર, યોગ સર્વ વિચારીયે,
બોધિ રયણ શુભ ભાવ દુર્લભ, હૃદયમાંહે ધારીયે. ૨

ઈચ્છા શ્રવણ શુદ્ધ ધર્મની, કરવા કદિ મન ઉલ્લસે,
નિઃસ્વાર્થ સહ ગુરૂયોગ મળવો, દુલ્લહો અતિશે દિસે,
શ્રદ્ધા કઠિન સર્વજ્ઞ ભાષીત, ધર્મની વિચારીયે,
બોધિ રયણ શુભ ભાવ દુર્લભ, હૃદયમાંહે ધારીયે. ૩

સિદ્ધાંત સાંભળવું કઠિન, અતિ દોહિલું તસ ધારવું,
વિવેક પૂર્વક જ્ઞાનથી તે, કઠિન અંગ ઉતારવું;
સદ્દહણા થવી શુદ્ધિ કઠિનજ, તે ઉપર વિચારીયે,
બોધિ રયણ શુભ ભાવ દુર્લભ, હૃદયમાંહે ધારીયે. ૪

સાંમગ્રી સરવે પામી, મૂઢપણે નહિં ગુમાવવું,
વિત્યો વખત ઉત્તમ ફરી, મળશે નહિં દિલ લાવવું;
ગુરૂ કૃપા મહાપુણ્યના, શુભ ઉદયથી વિચારીયે,
બોધિ રયણ શુભ ભાવ દુર્લભ, હૃદયમાંહે ધારીયે. ૫

બોધિ રયણ ઉવેખી કોણ પડે, વિષયના પાસમાં,
ચિન્તામણી છોડી ગ્રહે કુણ, કાંકરો નિજ હાથમાં;
ખરહોડમાં ગજને ગુમાવા, શી રીતે વિચારીએ,
બોધિ રયણ શુભ ભાવ દુર્લભ, હૃદય માંહે ધારીયે. ૬

ફરતા અનંતી વાર ભવમાં, મોહથી મુંઝયા ખરે,
કાઢયો અનંતો કાળ સરવે, જ્ઞાન મળતા સાંભરે;
તે પામવા પુણ્યે મળેલો, વખત શુભ વિચારીયે,
બોધિ રયણ શુભ ભાવ દુર્લભ, હૃદય માંહે ધારીયે. ૭

સદ્ અસદ્દનું વિવેક પૂર્વક, જ્ઞાન સાચું પામતા,
સર્વજ્ઞ ભગવાને કથેલા, પંથમાં તે ચાલતાં;
એ તત્ત્વનો વિચાર ધરવા, જ્ઞાન પૂર્ણ વધારીયે.
બોધિ રયણ શુભ ભાવ "દુર્લભ" હૃદયમાંહે ધારીયે. ૮

ધર્મ—ભાવના બારમી

(હરિગીત છંદ.)

જોયું સ્વરૂપ તમામ, કેવળ જ્ઞાનથી સંસારનું,
નિઃસ્વાર્થ બુદ્ધિવડે કરેલું, કામ અતિ ઉપગારનું
જગ જંતુ હિત અર્થે કરિ, ઉપદેશ જગમાં વિચર્યા
સર્વજ્ઞ ભાષિત ધર્મ ભાવ, ધરિ ભવિ ભવજલ તર્યા. ૧
ઈચ્છા રહિત વીર દેશનાનો, શબ્દ કાને આવતા,
પામ્યો અતિશે લાભ રોહણીયો, જુઓ રસ્તે જતા;
તે વિતરાગ પ્રભુ તણી, વાણી પ્રતે શ્રદ્ધા ભર્યા,
સર્વજ્ઞ ભાષીત ધર્મ ભાવ, ધરિ ભવિ ભવજલ તર્યા. ૨
અજ્ઞાનથી ભવ ભ્રમણ કરતા, રજળતા સંસારમાં,
પ્રાણી પ્રતે ધરતા સદાયે, દૃષ્ટિ જે ઉપગારમાં;
સદ્જ્ઞાન શિખવનાર, તારક બુદ્ધિયે મુક્તિ વર્યા,
સર્વજ્ઞ ભાષીત ધર્મભાવ, ધરિ ભવિ ભવજલ તર્યા. ૩
નિર્મમ નિરાગી પણે બતાવ્યો, પંથ જેણે પાધરો,
તે સત્યમાર્ગ પ્રતે સહૂ જન, પ્રેમ પૂર્વક આદરો,
એ મહા કૃપાળુ દેવને દિલ, શુદ્ધ ભાવ ધરિ ધર્યા,
સર્વજ્ઞ ભાષીત ધર્મ ભાવ, ધરિ ભવિ ભવજલ તર્યા. ૪
હિંસા, અસત્ય, અદત્ત, મૈથુન, પરિગ્રહો મૂર્છા તજે,
નિર્મમ નિરાગી વિતરાગ પ્રતે, અતિ ભાવે ભજે;
છક્કાય રક્ષક નિઃસ્પૃહિ ગુરૂ, ધર્મબુદ્ધિયે ધર્યા,
સર્વજ્ઞ ભાષીત ધર્મભાવ, ધરિ ભવિ ભવજલ તર્યા. ૫
સર્વજ્ઞ ભગવાને કહેલો, ધર્મ દશવિધ યતિ તણો,
વ્રત બાર શ્રાવક ધર્મનો જે, બોધતસ સોહામણો;

એ રીત ધરે યતિ શ્રાવકો જે, ધર્મદ્વિવિધે, ઉચ્ચર્યા,
સર્વજ્ઞ ભાષીત ધર્મ ભાવ, ધરિ ભવિ ભવજલ તર્યા. ૬
શ્રદ્ધા સહિત સિદ્ધાંતદ્વારા, એહ વાણી સાંભળે,
સદ્ અસદ્ તત્વ વિચાર, શુદ્ધજ્ઞાન તેહ પ્રતે મળે;
વર્તન સુધારી વરતતાં જો, જીવ અતિશે ઉદ્ધર્યા,
સર્વજ્ઞ ભાષીત ધર્મભાવ, ધરિ ભવિ ભવજલ તર્યા. ૭
તે ધર્મના દાતારને તસકાર્ય, દ્વારા જાણતા,
મિથ્યાત્વ અજ્ઞાને કરિ નહિં, કાચને મણિ ધારતા;
"દુર્લભ" અતિશે તત્વ બોધિ, બિજ શુદ્ધજ્ઞાને વર્યા,
સર્વજ્ઞ ભાષીત ધર્મભાવ, ધરિ ભવિ ભવજલ તર્યા. ૮

કળશ.

(હરિગીત છંદની ચાલમાં.)

ઔષધ ઉત્તમ રોગ, પિતાદિકને જેમ સંહરે
અથવા પ્રચંડ પવન, વાદળ સમૂહને જેમ વિખરે. ૧
તેમ સ્વરૂપ દ્વાદશ ભાવનાનું, શુદ્ધ ભાવવડે ધરે;
તે મોહ રૂપ મળ નાશ કરતા, કર્મથી જીતે ખરે. ૨
રાગ દ્વેષ કષાય, આદિ કર્મ કાનુનો ઠરે;
શત્રુપણું એ ભાવનાથી, જાણતા અળગા કરે. ૩
જીતાય સર્વ કષાય પામે, ઉચ્ચ સ્થિતિ આખરે;
સુયાન ભવજલ તારવા એ, ભાવથી ભવિજન તરે. ૪
સંવત ઓગણી ઓગણોતેર, સંવતે રચના કરી;
શુદ્ધભાવ"દુર્લભ"ધ.રતા, સુખ શાશ્વતાં ભવિઃયો વરી. ૫
ઇતિ દ્વાદશ ભાવના પ્રકરણ ત્રીજું સમાપ્ત.



પ્રકરણ ચોથું.

શ્રી સિદ્ધગિરીરાજના સ્તવનો.

(દોહરા.)

દેવ યુગાદિ પ્રણમીએ, સમરૂં શારદ માય;
શ્રી સિદ્ધાચળ તિર્થના, સ્તવન રચું સુખદાય. ૧

શ્રી સિદ્ધગિરિરાજની તલાટીનું સ્તવન પહેલું.

(પ્રભુ પાર્શ્વ જીનેશ્વર ભેટોરે, ભવ દુઃખ હરવા સાર—એ રાગ.)

વિમલાચલ તીરથ ભેટોરે, ભવિ ભવસાયર તારે,
ચૌદ ક્ષેત્ર ત્રણ ભૂવનમાં, એ સમ તીરથ નહિં કોઈ,
રૂડી તળાટી જોઈરે, અદભૂત રચના ભારે. વિમલા० ૧
ગિરી દેખી લોચન ઠરતા, જ્યાં સમોસર્યા જીનરાઈ
ભવિ મુક્તાફલ શું વધાઈરે, આતમહિત સુધારે. વિમલા० ૨
છડીદાર શોભતા નિરખો, સુન્દર ચોઘડીયા વાગે
આનંદ હૃદયમાં જાગેરે, પ્રભૂ પગલા જુહારે. વિમલા० ૩
અનંત જીવ એ તીરથે, સમોસર્યા ભવિપ્રાણી
વળી સિદ્ધ અનંતા જાણીરે, કરતા ભક્તિ ઉદ્ધારે. વિમલા० ૪
દૂર દેશથી યાત્રિક આવે, મહિમા અપૂર્વ સાંભળતા
સિદ્ધક્ષેત્ર તળાટી મળતારે, તીરથ સેવા સારે. વિમલા० ૫

પંચામૃત કળશ ભરીને, અભિષેક કરિ જીન પૂજેરે;
ભવો ભવના પાતિક ધ્રુજેરે, પૂજો અષ્ટપ્રકારે. વિમલા૦ ૬
ભાવના આંગીને રચના, વળીદાન સુપાત્રે દીજે;
લાહો એ તીરથ લીજેરે, ભાવે વિવિધ પ્રકારે. વિમલા૦ ૭
તીરથપતિ પૂર્વ નવાણું, એ તીર્થ પધાર્યા જાણી,
તીરથ ફરસે ભવિપ્રાણીરે, "દુર્લભ" જન્મ સુધારે. વિમલા૦ ૮

શ્રી બાબુ પ્રાસાદ મંડન રૂષભજિન સ્તવન બીજું.

(ક્યાંથી આ સંભળાય મધુર સ્વર ક્યાંથી આ સંભળાય—એ રાગ.)

સિદ્ધક્ષેત્ર મોઝાર ભવિકજન સિદ્ધક્ષેત્ર મોઝાર
રમણિક બાબુતણા પ્રાસાદે, ભેટો નાભિ કુમાર. ભવિકજન૦ ૧
આંગી અનોપમ હીરા ઝલકે, કંઠે નવસરો હાર;
ઝલકી રહ્યો મુગટ મસ્તકપર, કાને કુંડલ સાર. ભવિકજન૦ ૨
મોગર લાલ ગુલાબ માલતી, વિધ વિધ પુષ્પનાહાર,
શશીસમ શાંત મુદ્રા શોભીતી, ઝલકત જ્યોતી અપાર. ભવિક૦ ૩
થાય કૃતારથ ભેટી ભવિકજન, આતમતણા આધાર;
પૂર્વ નવાણું વારએ તીરથે, આવી કીધો ઉપગાર. ભવિકજન૦ ૪
નાથ ચરિત્ર નિહાળી સમરતા, થાય સફળ અવતાર;
"દુર્લભ" દરિસન દેખી અમારાં, નેત્ર ઠર્યાં આવાર. ભવિકજન૦ ૫

શ્રી સિદ્ધગિરિરાજના રસ્તાની માહીતી આપતું સ્તવન ત્રીજું.

(ત્રીશ વરસ ઘરમાં વસ્યારે, સુખભર વામાનંદ–એ રાગ.)

કલ્પતરૂ પ્રવહણ દધિરે, શત્રુંજય ગિરિરાય;
અઢિય દ્વિપમાં એ સમોરે, તીર્થ નહિં ફલદાય;
ભેટો ભવિ ભાવથીરે, ભવજલ તરવા નાવ. ભેટો૦ (એ ટેક.)
નયણે નિહાળી એ તીર્થનેરે, સેવો થઇ સાવધાન;
મુક્તા સોવન ફુલડેરે, વધાવિયે બહુમાન. ભેટો૦ ૧
શ્રી સિદ્ધક્ષેત્ર તલાટીએરે, પ્રથમાદિ જિનપાય;
જાતા પ્રથમ જુહારીએરે, ભાવ સહિત ભવિ ત્યાંય. ભેટો૦ ૨
કાંકરે કાંકરે એ ગિરિરે, સિધ્યા જીવો અનંત;
અવિધી દોષ નિવારીનેરે, ભાવે ભવિ ફરસંત. ભેટો૦ ૩
પાગે ચડંતા આગળેરે, આદિ અજીત જિનરાય;
શાન્તિ ગૌતમ સ્વામીનારે, વંદો પ્રથમ ત્યાં પાય. ભેટો૦ ૪
નજીક મનોહર નિરખીયેરે, બાબૂતણો પ્રાસાદ;
નાભિરાયા સૂત ભેટતારે, વાધે અતિ આલ્હાદ. ભેટો૦ ૫
આગળ ધોળી પરવ ટુંકેરે, ભરત ચક્રીના પાય;
નમી વરદત પગલા સોહેરે, નીલી પરવ મધમાંય. ભેટો૦ ૬
આદિશુભ નમિ આગળેરે, નિરખો કુંડ કુમાર;
હીંગલાજ હડે જતારે, ચડીયે પૂરણ પ્યાર. ભેટો૦ ૭
તીહાં કળી કુંડ નમી પાસનારે, પગલે કરીને પ્રણામ;
માન મોડીયો ચડી અનેરે, સાલાકુંડ વિશ્રામ. ભેટો૦ ૮

મઢાગાળી પંથે જતાંરે, પ્રભુજી ચૈત્ય જણાય;
નિરખીયે અતિ નેહથીરે, આનંદ અંગ ન માય. બેટો૦ ૯

નારદ અયમંતા અનેરે, શાંબપ્રદ્યુમ્ન કહિવાય;
મનોહર મુરતી પ્રભુમીએરે, ભાંગે ભવની ભીડ. બેટો ૧૦

રામ ભરત શુક થાવચ્ચારે, સેલગ હંસા શીવજાય;
પાંચે મુરતિ પ્રભુજીનીરે, હેમકુંડની પાસ. બેટો ૧૧

ભુખણ કુંડે જતા વહેરે, સુકોશલ મુનિ પાય;
હનુમંત વીર આગે જતાંરે, બે મારગ ફંટાય. બેટો૦ ૧૨

ડાબી બાજુ રામપોળનેરે, જાતા પંથે સદાય;
સન્મુખ ચઢું છુ નહીરે, કદમગિરિ નિરખાય. બેટો૦ ૧૩

જાળી મયાળી ઉવયાળીનીરે; સુંદર મુરતિ જણાય;
જાતા જમણી બાજુએરે, પ્રભુમો પ્રેમથી ત્યાંય. બેટો૦ ૧૪

વામ દિશે સન્મુખ જતાંરે, દેવકી સુત ખટજોડ;
એમ ઉત્કૃષ્ટે ભાવથીરે, નમિયે દ્વિ કર જોડ. બેટો૦ ૧૫

રામપોળમાં પેસતાંરે, નજીક કુંતાસર ગાળ,
મોતીશાએ પૂરાવીનેરે, બાંધી ટુંક રસાળ. બેટો૦ ૧૬

સ્થિરતા પૂર્વક ભાવથીરે, સુંદિર ધ્યાન લગાવ;
વાઘણ પોળે જતા કહેરે, "દુર્લભ" ભાવના ભાવ. બેટો૦ ૧૭

શ્રી સિદ્ધગિરિરાજની નવ ટુંકોના સ્તવન.

નવટુંકનું સ્તવન ચોથું.

(વ્હાલા વેગે આવોરે, દયા દિલ લાવો રે–એ રાગ)

શ્રી સિદ્ધાચલ ધ્યાવોરે, ભાવના ઉત્તમ ભાવોરે;
ભાગ્ય ફળ્યા ભવિ ભેટતા હોજી.
નવ નિધાન સમ નવ ટુંકો મનોહાર. શ્રી સિદ્ધા૦ (એ ટેક)

સાખી.

શાંત મુદ્રા અતિ શોભતી, પ્રતિમાઓ મનોહાર;
સુશોભિત સુંદર પ્રથમ, શાન્તિનાથ દરબાર.
શાન્તિ શાન્તિ પ્રસારીરે..............................ભાગ્ય૦ ૧

સાખી.

મૂળનાયક તીરથપતિ, ચૌમુખ પ્રતિમા ચાર;
પ્રથમ ટુંકે બિરાજતા, બોધિ બીજ દાતાર.
સમભાવ રહ્યા ચિત્ત ધારીરે.....................ભાગ્ય૦ ૨

સાખી.

નિર્મમ સૂત નિહાળતાં, સમવસરણુ મોઝાર,
અન્યત્વભાવ શીવસુખ વર્યાં, મરૂદેવી સુવિચાર.
ધ્યાન ધરો ભવિ ધારીરે..........................ભાગ્ય૦ ૩

સાખી.

બીજી ટુંક બિરાજતા, નાભિરાયા કુળભાણુ;
મૂળ નાયક ચિન્તામણી, પાર્શ્વ ચતુર સુજાણુ.
ત્રીજી ટુંક જુહારીરે...........................ભાગ્ય૦ ૪

સાખી.

નંદીશ્વર ના દેહરા, ચોથી ટુંક મનોહાર;
બાવન ચૌમુખ શોભતા, રૂચક કુંડલે ચાર.
વાવડીયો મનોહારીરે..............................ભાગ્ય૦ ૫

સાખી.

અજીતનાથ પંચમ ટુંકે, છઠ્ઠી નાભિકુમાર;
સાત, આઠ, નવમી ટુંકે, ઓહજ જગદાધાર
મૂળનાયક મનોહારીરે..............................ભાગ્ય૦ ૬

સાખી.

અઢળક દ્રવ્ય ખરચી અને, લાહો પૂરણ લીધ;
નામ અમર તીરથે કર્યાં, નરભવ પાવન કીધ.
'દુર્લભ' જન્મ સુધારીરે..............................ભાગ્ય૦ ૭

શ્રી શાન્તિનાથ જિન સ્તવન ૫ મું.

(દશા આ શી થઈ મારી, કરમની છે ગતિ ન્યારી. એ રાગ)

શાન્તિ પ્રભુ શાન્તિના દાતા, નમો નવ ટુંકમાં જાતા.

સાખી.

અભય કર્યો પારેવડો, અર્પણ કરિ નિજ દેહ;
મેઘરથ ભવમાં ધરી, પૂર્ણ દયા ગુણ ગેહ.
કૃપાસિન્ધુ જગત્ ત્રાતા, નમો શીવસુખના દાતા. શાન્તિ૦ ૧

સાખી.

તૃણવત્ તજી ષટખંડના, અસ્થિર સુખ સંસાર;
શાશ્વત સુખ વરવા ભણી, લીધો સંયમ ભાર.
વધ્યો વૈરાગ્ય મન ધ્યાતાં, ખપાવ્યા કર્મના ખાતાં. શાન્તિ૦ ૨

સાખી.

આત્મ સત્તા પ્રગટાવીને, પામ્યા કેવલજ્ઞાન;
તરણ તારણ બહુ જીવને, તારી તર્યા ભગવાન.
તીરથપતી સોળમા ધ્યાતા, "દુર્લભ" ગુણ સેવકો ગાતા. શાન્તિ૦ ૩

પ્રથમ ટુંક.

શ્રી ચૌમુખજીનું સ્તવન. ૬ ઠું.

(બલિહારી રસિયા ગિરધારી સુન્દર સ્યામ હો તજી અમને—એ રાગ.)

બલિહારી જીનજી જાઉં વારી રૂષભનાથ આપો અમને,
વિમલાચલ વાસી શીવતણા સુખનેજી;

પ્રથમ ટુંકે બિરાજે ચૌમુખ ચારેજી.
મૂર્તિ મનોહર મોહનગારી— રૂષભનાથ૦ ૧

સમકીત મૂળ દિલ દરિસને ધારેજી,
સેવકના ચિત્તને સુધારી— રૂષભનાથ૦ ૨

ચૌમુખ આપે વ્હાલા દેશના દઇનેજી,
તાર્યા અતિશે નરનારી— રૂષભનાથ૦ ૩

યાત્રાએ આવી ભવિજન શુભ ભાવેજી,
નરક તિર્યંચ ગતિ વારી— રૂષભનાથ૦ ૪

પંચમ કાળે ભેટયા પુન્ય પસાયેજી,
"દુર્લભ" દરિસન દિલ ધારી— રૂષભનાથ૦ ૫

" બીજી ટુંક. "

શ્રી આદિનાથ જિનસ્તવન. ૭ મું

(વ્હાલા વેગે આવો રે, દયા દિલ લાવો રે—એ રાગ)

બીજી ટુંક મોઝારરે, નિરખો નાભિ કુમાર રે;
ભાવ સહિત ભવિ ભેટીયે હોજી.
પૂર્વ નવાણું વાર પધાર્યા એ તીર્થ. બીજી (એ ટેક)

સાખી.

જીન તનુ ફરસી ભૂમિકા, જીવ અનંતા સિદ્ધ;
અજીત શાન્તિ જીનેશ્વરે, ચોમાસું જ્યાં કીધ.
નમિયે નેહ વધારી રે— ભાવ૦ ૧

સાખી.

નિર્મમ નિરાંગીપણે; નિરખતા પ્રભુ માત;
તતક્ષણ શીવસુખ પામીયા, એ રીતે ભલીભાત.
સેવકને દ્યો મતિ સારી રે— ભાવ૦ ૨

સાખી.

તીર્થપતિ નિહાળતા, તીર્થ ગુણ ધરનાર;
" દુર્લભ " ધ્યાનાનળ ભવિ, પામે ભવનો પાર.
નરભવ આતમ સુધારી રે— ભાવ૦ ૩

શાશ્વત અઠ્ઠાયે સુરવરો જ્યાં આવે રે,
પૂજે વાંદે જિનરાજ ભક્તિ ભાવે રે.
" રચના મુનિદ્ર અતિ શોભતી જુઓ;
ભાવે ભક્તિ સહિત એહ રે, સિદ્ધગિરિ તીર્થમાં ભવિ ત્હુહારયો
શાસ્ત્ર વિષે સુન્દર મહત્વતા લખી,
ભેટતા ભવ દુઃખ જાય રે—સિદ્ધગિરિ૦
સુરવર ભુવણુ નમો જિન પ્યારા, ભાવતા એહ તીરથમાં સારા;
રૂચક કુંડલે ચાર ચાર, ભવિજન ભાવથી નિરખો;
પૂજા ભક્તિ ઉદ્ધાર વિચારો, નિર્મળ "દુર્લભ" દરિસને પારો;
સુધરે નર જન્મારો, ભવિજન ભાવથી નિરખો.

" પાંચમી ટુંક. "

" શ્રી અજીતનાથ જિન સ્તવન ૧૦ મું. "

(ધીમા ધીમા ચાલોને મારા સાસુ રે, એ રાગ.)

નમો અજીત જીનંદ ધર્મ ધીર રે,
વિમલાચલ પાંચમી ટુંક વિષે;
મૂળ નાયક ગુણ ગંભીર રે— નમો૦ (એ ટેક

સાખી.

અંતર વૈરી દૂર કર્યા, આત્મિક ધન હરનાર;
અજીત થયા પ્રભુ આપથી, નામ અજીત નીરધાર.
ક્ષમા આદિ અનંત ગુણ અંગ ધર્યા, ઘન ઘાતી કરમ પ્રભુ દૂર ક

સાખી.

કેવળ જ્ઞાન વરી અને, તીર્થ સ્થાપના કીધ;
ચરણે આવ્યા જીવને, કઈક ઉદ્ધારી લીધ.
કૃપાસિન્ધુ કૃપા કરી પૂર્ણ તમે, ઉપગાર અતિ ભવિ દિલ રમે;
તીર્થ તિ........................૨ રે........................ નમો૦ ૨

સાખી.

ચોમાસું સિદ્ધક્ષેત્રમાં, કીધું શ્રી જિનરાય;
અંતીમ વખત જગદીશ્વરૂ, તારંગ તીરથે જાય.
શીવ રમણી વર્યા સમભાવ તમે, "દુર્લભ" દરિસન ભવિ દિલ રમે;
તારે તિ... ....૨ રે..................................નમો૦ ૩

"છઠ્ઠી ટુંક."

શ્રી આદિનાથ જિન સ્તવન ૧૧ મું."

(વ્હાલા વેગે આવો રે, દયા દિલ લાવો રે. એ રાગ.)

મરૂદેવીના જાયા રે, કંચન વરણી કાયા રે;
પ્રથમ પ્રભુજી ભેટિયે હો જી.
શ્રી સિદ્ધાચલ છઠ્ઠી ટુંક મોઝાર............મરૂદેવી૦ (એ ટેક)

સાખી.

સિદ્ધાચલ તીરથપતિ, ત્રણ ભુવનમાં સાર;
સફળ નયણુ આજે થયા, નિરખ્યા નાભિકુમાર.
પુન્ય દશા બહુ જાગી રે— પ્રથમ૦ ૧

સાખી.

ચાર ગતિમાં ભટકતાં, શરણે આવ્યા આજ;
જન્મ મરણુ દુઃખ ટાળીને, રાખો પ્રભુ અમ લાજ.
જીવની બીડો ભાંગી રે પ્રથમ૦ ૨

સાખી.

ભરતાદિક અસંખ્યને, તાર્યા શ્રી જીનરાજ;
સાંભળી શરણે આવીયા, સારો સેવક કાજ;
" દુર્લભ " દરિસન હવે માંગીરે..............પ્રથમ૦ ૩

" સપ્તમ ટુંક. "

શ્રી આદિનાથ જિનસ્તવન ૧૨ મું.

(તારણી હુજથી નથીરે જુદાઇ—એ રાગ.)

વંદીયે તમને શીવસુખવાસી, શાન્ત મુદ્રા ધરે ધ્યાન અભ્યાસી;
નાભિરાયા મારૂદેવીકે નંદન, અસ્થિર જગના સુખથી ઉદાસી. વં૦ ૧
નિર્મમ નિર્મોહિ નીરખી પ્રભુ, પ્રથમ થયા માતા શીવવાસી. વં૦ ૨
ભરતાદિક અસંખ્ય તર્યા ભવ, ધ્યાનાનળ ધરતા તુમ આશી. વં૦ ૩
તપ્ત સુશોભિત સપ્તમ ટુંકે, કુમતિ ભય નિહાળતા નાશી. વં૦ ૪
પૂરવ પુન્ય પસાય મળ્યા પ્રભુ, પદપંકજ પ્રણમું અવિનાશી. વં૦ ૫
તરણ તારણ તારો ભવ દુઃખથી, "દુર્લભ" સેવક શરણ તપાસી. વં૦ ૬

" આઠમી ટુંક. "

શ્રી આદિનાથ જિનસ્તવન ૧૩ મું.

(નામ જપું નિત્ય તારું સુન્દર શામળીયા—એ રાગ)

ધ્યાન ધરૂં નિત્ય તારૂં આદિ જીનેશ્વરજી,
મનડું લોભાણું મારૂં દેખી જીનવરજી;
તુમ ચરણે નયણાં અમ લાગ્યા,

મનવાંચ્છિત ફળીયા મેં માગ્યા;
ભાગ્ય પૂરવના જાગ્યા— આદિ૦ ૧

સંયમ ગ્રહિ ગોચરીયે ફરતા,
કેઈ મણી માણીક મોતી ધરતા;
ભેટણા વિધવિધ કરતા— આદિ૦ ૨

વરસી તપ વિચરતા થાવે,
શેલડી રસ શ્રેયાંસ વ્હોરાવે;
પર્વ અખાત્રીજ થાવે— આદિ૦ ૩

દાન સુપાત્ર પ્રથમ દઈ ભાવે,
નિર્મળ ક્ષાયિક સમકિત પાવે;
શ્રી શ્રેયાંસ શીવ જાવે— આદિ૦ ૪

પૂર્વ નવાણું વાર પધાર્યા,
તીર્થપતિ બહુ જીવને તાર્યા;
અંતર વૈરી હાર્યા— આદિ૦ ૫

કુંતાસર ગાળો પુરાવે,
અદ્ભુત આઠમી ટુંક બંધાવે;
શેઠ મોતીશા ભાવે— આદિ૦ ૬

શેઠ સુત સંઘવી થઇ આવ્યા,
તીર્થપતિ તખતે પધરાવ્યા;
ભવિજનને મન ભાવ્યા— આદિ૦ ૭

શાંત મુદ્રા મન મોહનગારી,
શાન્તવૃત્તિ થઇ નિરખી અમારી;
"દુર્લભ" દિલ સુધારી— આદિ૦ ૮

"નવમી ટ્રંક."

" શ્રી વાઘણપોળ મંડન શ્રી શાન્તિનાથ જિન સ્તવન. ૧૪ મું "

(પ્રભુ પાર્શ્વ જીનેશ્વર ભેટો રે શીવસુખ વરવા સારૂ—એ રાગ)

શ્રી શાન્તિ જીનેશ્વર ભેટોરે ભવદુઃખ હરવા સારૂ,
કંચનગિરિ વાઘણ પોળે, સુશોભિત તખ્ત બિરાજે;
યાત્રિક ભેટે અતિ ભાવે રે, દરિસન લાગે પ્યારૂ. શ્રી શાન્તિ૦ ૧

સંસાર ચક્ર ભવ ભમતા, પ્રભુ જાગ્યુ ભાગ્ય અમારૂ;
પૂરવ ભવ પુન્ય પસાયે રે, પામ્યો શરણ તમારૂ. શ્રી શાન્તિ૦ ૨

નિર્મળ જ્યોતિ મુખ ઝળકે, શશી સમ શાન્તિ વિસ્તારી;
અદ્‌ભુત કાન્તિ મન ધારીરે, થાય પ્રફુલિત પ્યારૂ. શ્રી શાન્તિ૦ ૩

જેમ મીન વસે જળમાંહિ, તિમ તુમ ચરણે ચિત્ત લાગ્યુ;
શુભ ધ્યાન હૃદયમાં જાગ્યું રે, અંતર વેરી વારૂ. શ્રી શાન્તિ૦ ૪

અસ્થિર જગના સુખ જાણી, વૈરાગ્ય વર્યો મન વસતા;
ખટ ખંડ સાહિબી તજતારે, શીવસુખ વરવા પ્યારૂં.શ્રી શાન્તિ૦ ૫

ઘનઘાતી કર્મ ખપાવો, પ્રભુ આત્મસત્તા પ્રગટાવે;
કેવલ પામી શીવ જાવે રે, તારી કર્મકને તારૂ. શ્રી શાન્તિ૦ ૬

એક ભવમાં શાન્તિ પ્રભુજી, ચક્રી જીનપદવી પાવે;
ગુણ ગણુતા પાર ન આવે રે, કાર્ય સુધારો મારૂ. શ્રી શાન્તિ૦ ૭

તુમ સરિખા નાથ એ તીરથે, ભેટી ભવ દુખડા વારૂ;
"દુર્લભ" દરિસન દિલ ધારૂ રે, શાન્તિ સ્મરણ ધરનારૂ. શાન્તિ૦ ૮

"શ્રી હાથીપોળના સ્તવનો."

"શ્રી સીમંધર જિન સ્તવન ૧૫ મું."

(વિમલાચલ વાસી મારા વ્હાલા સેવકને વિસારો નહીં—એ રાગ)

શ્રી સિમન્ધર જીન મારા વ્હાલા સેવકને વિસારો નહીં,
એ...............વિસારો નહીં,
તુમ વિણુ કોણુ ભવ દુઃખ વારે, જીનંદ આપ જાણો સહી.
આ...............પજાણો સહી,
મહાવિદેહ ક્ષેત્રે બિરાજો, કરતા અતિ ઉપકાર;
પંચમકાળે જ્ઞાની વિરહે, અમને કોણ આધાર. પ્ર૦(૨) સેવક૦
કર્ણ પવિત્ર થયા સાંભળતાં, પ્રભુજી આપનું નામ;
પણ નયણા પ્રભુજી તુમ વિરહે, હારી બેઠા હામ. પ્ર૦(૨) સેવક૦
સરિખા સર્વ પ્રતે પ્રભુ રાખો, અંતર ટાળો એહ;
જ્ઞાની વિના અમ અંતર કેરા, કુણ ટાળે સંદેહ. પ્ર૦(૨) સેવક૦
તિમિર ટળે સરવે સ્થાનેથી, થાતા રવિ પ્રકાશ;
તેમ જ્ઞાની સમકિત આપીને, પૂરે સહુની આશ. પ્ર૦(૨) સેવક૦
મેઘવૃષ્ટિ કરતા અવનીમાં, નગણે ઠામ કુઠામ;
રાય રંક સરિખા મન ધારે, મોટાના એ કામ. પ્ર૦(૨) સેવક૦
દેવ ઘણાં તુમ પાસે સાહિબ, એક મોકલો આપ;
અરજી ઉર ગ્રહો સેવકની, કૃપા કરો અમાપ. પ્ર૦(૨) સેવક૦ ૬
એકવાર મળો મુજ સાહિબ, શુદ્ધ મને કરૂં સેવ,
સ્હેજે કાર્ય સરે સેવકનાં, તો દેવાધિદેવ. પ્ર૦(૨) સેવક૦ ૭
પદપંકજ પ્રભુનું વિમલાચલ, તીરથ ચૈત્ય મોઝાર;
તુંજ પ્રતિમા તુંજ સરીખી વ્હાલા, 'દુર્લભ' દિલ આધાર પ્ર૦(૨) સે૦૮

શ્રી રાયણ પગલાનું સ્તવન ૧૬ મું.

(પ્રીતલડી બંધાણીરે અજીત જીણંદશું—એ રાગ)

સોહામણા શત્રુંજય શિખર ઉપરે,
સુંદર રાયણ તરૂવર શીતળ છાંયજો;
મરૂદેવા સુત ફાગણ સુદી આઠમી દીને,
પૂર્વ નવાણું વાર પધાર્યા ત્યાંય જો. સોહામણા૦ ૧

ત્રણ ભુવનમાં એહ સમો તીરથ નહીં,
સ્વયંમુખ સમવસરણમાં કહેતા નાથજો;
મનોહર પદ પંકજ પ્રભુજીના પ્રણમીયે,
ભાવસહિત નિરખતા ભવિજન ત્યાંયજો. સોહામણા૦ ૨

પાવન કીધી તીર્થપતિયે ભૂમિકા,
જીહાં કને સિધ્યા સાધુ અનંતી ક્રોડજો;
તીર્થ અનુકૂળ દેવતણા વાસાય છે,
જગમાં નહીં કોઈ તરૂવર એહની જોડજો. સોહામણા૦ ૩

પ્રીત ધરી પ્રદક્ષિણા દેતા એહને,
ખીર ઝરે જેહ ઉપર પુન્ય પસાયજો;
ત્રીજે ભવ ભવિ ભાવે ભવદુઃખ વારીને,
શાશ્વત શીવસુખના વાસી તે થાય જો. સોહામણા૦ ૪

પુંડરિક મુનિ પંચક્રોડ સહિત મુક્તિ વર્યા,
પુંડરિક ગિરિવર નમિયે ધરિને નેહજો,
જપતા ગુણ એ તીરથ તીર્થપતિ તણાં,
મનવાંછિત ફળતા શીવસુખ લહે તેહ જો. સોહામણા૦ ૫

" શ્રી હાથીપોળના સ્તવનો. "

" શ્રી સીમંધર જિન સ્તવન ૧૫ મું. "

(વિમલાચલ વાસી મારા વ્હાલા સેવકને વિસારો નહીં—એ રાગ)

શ્રી સિમન્ધર જીન મારા વ્હાલા સેવકને વિસારો નહીં,
એ................વિસારો નહીં,
તુમ વિણુ કોણુ ભવ દુઃખ વારે, જીનંદ આપ જાણો સહી.
આ................પજાણો સહી,
મહાવિદેહ ક્ષેત્રે બિરાજો, કરતા અતિ ઉપકાર;
પંચમકાળે જ્ઞાની વિરહે, અમને કોણુ આધાર. પ્ર૦(૨) સેવક૦ ૧
કર્ણ પવિત્ર થયા સાંભળતાં, પ્રભુજી આપનું નામ;
પણુ નયણા પ્રભુજી તુમ વિરહે, હારી બેઠા હામ. પ્ર૦(૨) સેવક૦ ૨
સરિખા સર્વ પ્રતે પ્રભુ રાખો, અંતર ટાળો એહ;
જ્ઞાની વિના અમ અંતર કેરા, કુણ ટાળે સંદેહ. પ્ર૦(૨) સેવક૦ ૩
તિમિર ટળે સરવે સ્થાનેથી, થાતા રવિ પ્રકાશ;
તેમ જ્ઞાની સમકિત આપીને, પૂરે સહુની આશ. પ્ર૦(૨) સેવક૦ ૪
મેઘવૃષ્ટિ કરતા અવનીમાં, નગણે ઠામ કુઠામ;
રાય રંક સરિખા મન ધારે, મોટાના એ કામ. પ્ર૦(૨) સેવક૦ ૫
દેવ ઘણાં તુમ પાસે સાહિબ, એક મોકલો આપ;
અરજી ઉર ગ્રહો સેવકની, કૃપા કરો અમાપ. પ્ર૦(૨) સેવક૦ ૬
એકવાર મળો મુજ સાહિબ, શુદ્ધ મને કરૂં સેવ,
સ્હેજે કાર્ય સરે સેવકનાં, તો દેવાધિદેવ. પ્ર૦(૨) સેવક૦ ૭
પદપંકજ પ્રભુસું વિમલાચલ, તીરથ ચૈત્ય મોઝાર;
તુંજ પ્રતિમા તુંજ સરીખી વ્હાલા, 'દુર્લભ' દિલ આધાર પ્ર૦(૨) સે૦૮

"શ્રી પુંડરિક સ્વામીનું સ્તવન ૧૮ મું."

(શ્રી આદિશ્વર અંતરજામી જીવન જગત આધાર. એ રાગ.)

શ્રી પુંડરિક ગિરિ ભેટો ભાવે પુંડરિક ગણધાર,
અણુસણ ધ્યાન ધરિ એક માસનું પંચક્રોડ પરિવારે;

ચૈત્રી પૂનમેરે પદ મહાનંદ વરે,
ભાવ સહિત ભવિરે ભક્તિ પૂર્ણ કરે.
ભવો ભવ કેરારે પાતિક દૂર હરે (એ આંકણી) ભાવ૦

વજ્રલેપ કઠિન અતિ કરમો તે પણ થાયે દૂર,
શુક્લ ધ્યાન ધ્યાતા એ તીરથ ભાવ ભક્તિ ભરપુર;
ચડે ગુણસ્થાનેરે નિજ સ્વભાવં ધરે. .... ભાવ૦ ૧

ગૌહત્યાદિક પંચ હત્યાના પાતિક જે કરનાર,
તે પણ એહ તીરથ આરાધતા પામે ભવનો પાર;
વિમાસણ કરતારે બંધન દૂર હરે. .... ભાવ૦ ૨

શ્રી શુક રાજા એહ ગિરિવર ધરતો જીનવર ધ્યાન,
અંતર વૈરી હર્યા ખટમાસે વાધ્યો અધિકે વાન;
શત્રુંજય ગિરિરે તેહથી નામ ઠરે. .... ભાવ૦ ૩

નિજ ભગિની ભોગી અજ્ઞાને કીધો પાપ મહંત,
ચંદ્રશેખર એ તીર્થ આરાધી પામ્યો શુભ ગતિ સંત.
કર્મ પ્રજ્વળતારે સંવર ભાવ ધરે. .... ભાવ૦ ૪

મોર સર્પ વાઘેણ ઇત્યાદિ, જીવ જે અતિ વિકરાળ,
તે પણ એ ગિરિ દરિસન પુન્યે, પામે ગતિ સુવિશાળ.
એહવો મહિમારે તીરથ એહ ધરે. .... ભાવ૦ ૫

સિદ્ધ અનંતનું ઠામ એ તીરથ મહિમાનો નહિં પાર,
ચૈત્રી પૂનમ દિન મહિમા અધિકો કરિયે ભક્તિ ઉદાર.
" દુર્લભ " દરિસનેરે અંતર વૈરી ડરે. .... ભાવ૦ ૬

શ્રી સિદ્ધગિરિ મંડન આદિજિન સ્તવન ૧૯ મું.

(નદી યમુનાકે તીર ઉડે દોય પંખીયા—એ રાગ.)

સિદ્ધગિરિ મંડન ઇશ સિદ્ધાચલ ગિરિવરે,
શાન્ત મુદ્રા મનોહાર નિરખતાં દિલ ઠરે. ૧
યુગલા ધર્મ નિવારક તારક ભવ્યના,
સકળ કળા ગુણ તત્ત્વ પ્રકાશી કર્તવ્યના. ૨
વરસ લગી વિણ આહાર સંયમ ગ્રહિ સંચર્યા,
મુનિપણે નમિ વિનમિના વાંછિત પૂરિયા. ૩
આત્મ સત્તા પ્રગટે સમભાવે અલંકર્યા,
સકળ કરમ મળ દૂર કરી કેવલ વર્યા. ૪
સકળ સુરાસુર ઇંદ્રાદિક પય સેવતા,
ભરત સકળ પરિવારે વંદવા આવતા. ૫
પુત્ર વિરહ પરિતાપ મોહે થયો માતને,
અન્યત્વ ભાવ વિચાર નિરખતા વર્યો મને. ૬
શાન્ત મુદ્રા સમભાવે સુતની ભાળતા,
ધ્યાનાનળ હ્રદયે ધરિ કર્મ પ્રજાળતા. ૭
પામી કેવળ જ્ઞાન તત્ ક્ષણે ભવ તર્યા,
જોવા શીવવધુ રૂપ માતાને આગળ કર્યા. ૮
સંઘ ચતુર્વિધ સ્થાપી વિચરતા ભૂતળે,
પૂર્વ નવાણું વાર પધાર્યા સિદ્ધાચળે. ૯

સિદ્ધ અનંતનું ઠામ સ્વયંસુખ ઉચ્ચર્યા,
પુંડરિકાદિક જીવ અનંતા ઉદ્ધર્યા. ૧૦
અષ્ટાપદ ગિરિ અંતિમ સમય સમોસર્યા.
ચાર ગતિ ત્રણ મુકવી શાશ્વત સુખ વર્યા. ૧૧
કારણે કાર્ય નિષ્પન્નતા સર્વ વિચારીયે,
"દુર્લભ" દરિસન ધ્યાને ભવ દુઃખ વારીયે. ૧૨

શ્રી હાથીપોળ અને તીર્થમાંડણિ દર્શનિક સ્તવન ૨૦ મું.

(વિમલાચલ વાસી મારા વ્હાલા સેવકને વીસારો નહિ—એ રાગ.)

સિદ્ધાચલ તીર્થ મોઝાર તીરથ પતિ ભેટિયે ભવિ,
હે................ભેટીએ ભવિ,
મિથ્યાત્વ તિમિર થવા દૂર ચડયો ઉદયાચળે રવિ.
ઉ................દયાચલે રવિ,
હાથીપોળ સુશોભિત તખતે શાન્ત મુદ્રા મનોહાર.
શશી સમ શાંન્તિ પ્રસારી શોભે, ભેટો નાભિ કુમાર પ્ર૦ (૨) તીરથ૦ ૧
સન્મુખ સુંદર ચૈત્ય બિરાજે, પુંડરિક ગણધાર;
પંચ ક્રોડ શું ચૈત્રી પુનમે, પામ્યા શીવ વધુ સાર. પ્ર૦ (૨) તીરથ૦ ૨
ઉત્તર દક્ષિણ ચૈત્ય સુશોભિત ચોક વચ્ચે મનોહાર;
ઉત્તર શ્રી સિમન્ધર સ્વામી, દક્ષિણ નાભિકુમાર. પ્ર૦ (૨) તીરથ૦ ૩
પડખે પાંચ ભાયા જિન મન્દિર, ભેટો રૂપલ જીનંદ;
ચૌમુખ શાશ્વત જીનવર સન્મુખ, ચૈત્ય નમો આનંદ. પ્ર૦ (૨) તીરથ૦ ૪
સહસ્ત્ર કૂટ દક્ષિણ બિરાજે, સમેત શિખર જીન વીશ;
વિહરમાન વંદો વીશ જીનવર, અષ્ટાપદ ચોવીશ. પ્ર૦ (૨) તીરથ૦ ૫

નવ નિધાન ચતુર્દશ રત્નો; નમિ વીનમિ જીનરાય;
ભરત બાહુબાલ નમિ પુત્રીઓ, પ્રણમો પાછળ ત્યાંય. પ્ર૦ (૨) તીરથ૦ ૬
પદ પંકજ પ્રણમો પ્રભુજીના, રાયણ તરૂવર છાંય;
ચૌદશે બાવન ગણધરના, પગલા ઉત્તરમાંય. પ્ર૦ (૨) તીરથ૦ ૭
શ્યામ સુન્દર બાવીશમા જીનવર, બ્રહ્મચારી શીરદાર;
ઇત્યાદિક નમિયે ભમતીમાં, પ્રતિમાઓ મનોહાર. પ્ર૦ (૨) તીરથ૦ ૮
સહસ્ર ફણાને શામળા પાસજી, સમવસરણ મનોહાર;
વાઘણ પોળ જતા ભવિ ભેટો, શાન્તિનાથ દરબાર. પ્ર૦ (૨) તીરથ૦ ૯
પંચ તીર્થ પ્રણમો નરશી નાયક ટુંકે મનોહાર;
નવનિધાન સમ નવ ટુંકોના, બિંબ નમો ધરિપ્યાર. પ્ર૦ (૨) તીરથ૦ ૧૦
ઘેટી, રોસાળા, શેત્રુંજી, તળાટીની તરફેણ;
ભાવ સહિત ભેટો એ તીરથ, સાંભળી સિદ્ધની શ્રેણ. પ્ર૦ (૨) તીરથ૦ ૧૧
અનંત તિર્થંકર ગણધર મુનિવર, આવ્યા તીર્થ મોઝાર;
તીર્થપતિ આવ્યા એ તીરથ, પૂર્વ નવાણુંવાર. પ્ર૦ (૨) તીરથ૦ ૧૨
ઇત્યાદિક જિન બિંબ નિહાળી, મહિમા જાણી અપાર;
"દુર્લભ" દરિસન પામી કૃતારથ, કિધો નર અવતાર પ્ર૦ (૨) તીરથ૦ ૧૩

અનંત સિદ્ધ દર્શનિક સ્તવન ૨૧ મું.

(પુનમ ચાંદની પુરી ખીલી અહીં રે, એ રાસડાનો રાગ.)

શ્રી સિદ્ધાચલ તીર્થ જુહારીયે રે, જીહાં સિધ્યા જીવ અનંત;
ભેટો ભાવ સહિત ગિરિરાજને રે.
અનંતા તિર્થંકર ગણધર મુનિ આવ્યા જ્યાં કને રે,
પ્રથમ પ્રભુજી પધાર્યા પૂર્વ નવાણું વાર. (એ ટેક) ભેટો૦

સોમ જશાએ તીરથ તેર કોડી પરિવારથી રે,
પામ્યા ચુમ્માળીશસે વૈદર્ભી શીવ વાસ. ભેટો૦ ૫

સાખી.

કદંબગણધર કોડીશું નારદ એકાણું લક્ષ;
નમિ પુત્રી ચોસઠ મળી, રિષભ સેનાદિ અસંખ્ય.
ઇત્યાદિ અનંત સિદ્ધિપદ એ તીરથે વર્યા રે,
"દુર્લભદાસ" નમે નિત્ય સિદ્ધક્ષેત્ર કરજોડ. ભેટો૦ ૬

શ્રી તીર્થોદ્ધાર દર્શનિક સ્તવન ૨૨ મું.

(વ્હાલા વેગે આવો રે દયા દિલ લાવો રે, એ રાગ.)

સિદ્ધાચલ ગિરિ ધ્યાવો રે ઉત્તમ ભાવ જગાવો રે,
ભકિત કરે ભવિ ભાવથી હો જી.
ઉદ્ધાર થયા અનંત એ તીર્થ મોઝાર. (એ ટેક.) સિદ્ધા૦

સાખી.

પ્રથમ ઉદ્ધાર ભરત કરે, આ અવસરપીણી કાળ;
આઠમી પાટે શોભતા, દંડવીર્યજ ભૂપાળ.
બીજો ઉદ્ધાર કરાવે રે— ભક્તિ૦ ૧

સાખી.

સિમન્ધર વયણે કરે, ત્રીજો ઈશાનેંદ્ર;
સાગર એક કોડી જતા, ચોથો ઉદ્ધાર મહેંદ્ર.
દશ કોડી સાગર થાવે રે— ભકિત૦ ૨

સાખી.

પંચમ પંચમ ઇંદ્રનો, તીરથે થયો ઉદ્ધાર;
એક લાખ કોડીતણું, સાગર અંતર ધાર.

છઠ્ઠો ચમરેંદ્ર કરાવે રે— ભક્તિ૦ ૩

સાખી.

સપ્તમ ચક્રી સગરનો, વ્યંતરેંદ્ર અષ્ટમોદ્ધાર;
અભિનંદન ચંદ્ર સમય થયો, ચંદ્ર જસાનો સાર.
નવમો ઉદ્ધાર એ થાવે રે— ભક્તિ૦ ૪

સાખી.

નંદન શાન્તિ જીનંદના, ચક્રાયુધ દશમ ઉદ્ધાર;
રામચંદ્ર અગીયારમો, દ્વાદશ પાંડવ ધાર.
ઉદ્ધાર કરે અતિ ભાવે રે— ભક્તિ૦ ૫

સાખી.

ચોથા આરામાં થયા, મોટા એહ ઉદ્ધાર;
સંવત એક અઠલંતરે, જાવડશાનો સાર.
ઉદ્ધાર તેરમો થાવે રે— ભક્તિ૦ ૬

સાખી.

બાર તેરોતર વર્ષમાં, વંશ શ્રીમાળી સાર;
બાહડ મંત્રીનો ચૌદમો, તીરથે થયો ઉદ્ધાર.
પૂરવ પુન્ય પ્રભાવે રે— ભક્તિ૦ ૭

સાખી.

સંવત તેર ઇકોતરે, પન્નરમો ઉદ્ધાર;
સમરાશા ઓસવાળનો, એહ તીરથ મોઝાર.
ન્યાય દ્રવ્ય વિધી ભાવે રે— ભક્તિ૦ ૮

સાખી.

કરમાશાયે કરાવીયો, સોળમો એહ ઉદ્ધાર;
પન્નરસે સત્યાશીયા, વરતે જય જયકાર.

શુભ ધ્યાન હૃદયમાં લાવે રે— ભક્તિ૦ ૯

સાખી.

સૂરિદુપ્પસહ ઉપદેશથી, વિમલ વાહન ભૂપાલ;
અંતિમ ઉદ્ધાર કરાવશે, શાશ્વત ગિરિ ઉજમાલ.
ભકિત સહિત અતિ ભાવે રે— ભકિત૦ ૧૦

સાખી.

ચતુર્થ પંચમ કાળમાં, મોટા એહ ઉદ્ધાર;
સુક્ષમ ઉદ્ધાર વચ્ચે કર્યા, સફળ તાસ અવતાર.
"દુર્લભદાસ" ગુણ ગાવે રે— ભક્તિ૦ ૧૧

સ્તવન ૨૩ મું.

(ડરમાં તું દિલ સાથ છોકરા ડરમાં તું દિલ સાથ—એ રાગ.)

આવ્યો શરણે આજ તીરથપતિ આવ્યો શરણે આજ
આપો શીવસુખરાજ— તીરથપતિ૦ (એ ટેક.)
નાથ કૃપાળુ છો પૂર્ણ દયાળુ, કેવલજ્ઞાનથી સર્વ નિહાળ્યું;
જન્મ મરણ દુઃખ કઇકનું ટાળ્યું, સાંભળી સેવક શરણમાં આવ્યો.
સિદ્ધક્ષેત્ર મહિમા અતિ ભાળ્યો, "ભલે ભેટયા દેખો,
અદ્ભૂત કાન્તિ, મારો જન્મ સફળ થયો આજ,
ભેટતા તીર્થપતિ જીનરાજ— તીરથ૦ ૧
છો પ્રભુ પ્યારા પ્રાણ આધારા, યુગલા ધર્મ નિવારણ હારા;
પૂર્વ નવાણું એ તીર્થ પધાર્યા, મહિમા સ્વયંમુખ તીર્થ ઉચ્ચરતા.
પુંડરિકાદિક કઇક ઉદ્ધરતા, "ભવિ સેવો ભાવે, એ તીર્થપતિને;
મનવાંચ્છિત ફળીયા આજ, સેવતા દે "દુર્લભ" શીવરાજ.
તીરથ૦ ૨

સ્તવન ૨૪ મું.

(રાગ પ્રભાતી.)

શ્રી સિદ્ધક્ષેત્ર જુહારીયે, મહિમા અતિ જાણી;
અન્ય સ્થળે ફળ જે મળે, તેથી અધિક પીછાણી. શ્રી૦ (એ ટેક)
સ્વર્ગ મૃત્યુ પાતાળમાં, રહ્યા તીરથ જેહ;
તસ દરિસન ફળ પામીએ, જુહારતા એહ. શ્રી૦ ૧
ઉગ્ર તપ બ્રહ્મચર્યથી, અન્ય સ્થળે ફળ થાય;
તે શુદ્ધ ભાવ એ તીર્થમાં, વસતા બંધાય. શ્રી૦ ૨
કોટિ ગમે મનુષ્યને, ઇચ્છિત અન્ન આપે;
તે ફળ એક ઉપવાસમાં, એહ તીરથ સ્થાપે. શ્રી૦ ૩
યાત્રાર્થી મુનિ સંઘની, કરે વાટમાં સેવા;
ક્રોડી ગણું ફળ દૂરથી, ભાગ્યવંત લ્યે એવા. શ્રી૦ ૪
અનંત ગણું ફળ તીર્થમાં, કરી ભક્તિ ઉદાર;
સિદ્ધ અનંતા વંદીયે, એહ તીર્થ મોઝાર. શ્રી૦ ૫
શત્રુંજય આદિ જેહના, ઉત્તમ એકવીશ નામ;
"દુર્લભ" કિંકર જોડીને, કરે નિત્ય પ્રણામ. શ્રી૦ ૬

સ્તવન ૨૫ મું.

(રાગ પ્રભાતી.)

શ્રી સિદ્ધક્ષેત્ર આરાધવા, હઈડા હરખે ભરાયો;
પાપ તિમિર અળગા થયા, મોહ રાય હરાયો. એ ટેક. શ્રી૦
પ્રભુ આણાના રહસ્યને, સમજી શુદ્ધ ભાવે;
ઉત્તમ કુળ લહે વરતતા, પરમારથ દાવે. શ્રી૦ ૧
યાત્રા નવાણું જે કરે, છ'રી સહિત શુભ ભાવે;

તે ભવિ હોય ભવાંતરે, શીવ પદવી પાવે. શ્રી૦ ૨
છઠ્ઠ ચોવીહાર કરિ ચડે, જયણા ધરિ ભાવે;
યાત્રા સાતથી ત્રણ ભવે, તે શીવસુખ પાવે. શ્રી૦ ૩
શુદ્ધ ભાવ ધરિ એ ગિરિ, અણસણ આરાધે;
આચાર વિણ પણ આસમે, સુખ સ્વર્ગના સાધે. શ્રી૦ ૪
એ ગિરિરાજને હૃદયમાં, કાયમ ભવિ ધ્યાતા;
સફળ મહાભાગ્ય તેહના, આગળ સાદ્ધ થાતા. શ્રી૦ ૫
એ ગિરિ સિદ્ધ અનંત હુઆ, વળી હોશે અનંત;
" દુર્લભ " ધ્યાતા શુદ્ધ દિલે, કરે ભવ ભય અંત. શ્રી૦ ૬

" સ્તવન ૨૬ મું "

(ચાલોને પ્રીતમજી પ્યારા સિદ્ધાચલ જઈએ. એ રાગ.)

ચાલોને વિમલાચલ તીરથ વેગે જઈ રહિયે.
સિદ્ધ અનંતનું સ્થાનએ તીરથ શાશ્વત સુખ લહિયે. ચાલો૦ (ટેક)
શું સંસાર અસારમાં મોહ્યા, વિણસી જશે કાયા;
કોણ રહ્યું અવનિમાં કાયમ, રોક રાણી રાયા. ચાલો૦ ૧
કરવાનું તે જલદી કરિ લ્યો, [illegible]
[illegible] ચાલો૦ ૨
[illegible]
[illegible] ચાલો૦ ૩
[illegible]
[illegible] ચાલો૦ ૪
[illegible]
[illegible] ચાલો૦ ૫

પૂર્વ નવાણું વાર પધાર્યા, મરૂદેવી જાયા,
" દુર્લભ " પદ પંકજ પ્રણમે તસ, પુન્યે શરણું પાયા. ચાલો૦ ૬

" શ્રીશત્રુંજય તીર્થપતિને વિજ્ઞપ્તિ " સ્તવન ૨૭ મું.

(સુણ જીનવર શેત્રુંજા ધણીજીરે દાસ તણી અરદાસ.—એ રાગ.)

અરજ સુણો તીરથ પતિજીરે, ભેટ્યા પુન્ય પ્રતાપ;
અજ્ઞાને અતિચારથી જીરે, કીધા કર્મ અમાપરે જીનજીરે. ભેટ્યા૦
(એટેક) ૧

ચાર ગતિ ભવમાં ભમ્યોજીરે, યોની ચોરાશી લાખ;
બદલાવી કાયા બહુજીરે, આખર રાખની રાખરે. જીન૦ ભેટ્યા૦ ૨
છેદન ભેદન બહુ સહ્યાંજીરે, ટાઢ અને વળી તાપ;
અવિરતિ પણે આ જીવડે, જીરે, વેઠ્યાં બહુ પરિતાપરે. જીન. ભેટ્યા. ૩
સ્થાવર વિગલેન્દ્રિયપણું જીરે, ઓલંઘ્યો શુભ કર્મ;
આર્ય ક્ષેત્ર ઉત્તમ કૂળે જીરે, પામ્યો ઉત્તમ ધર્મરે. જીન. ભેટ્યા૦ ૪
પંચેંદ્રિય સહુ પરવડીજીરે, નિરોગી મળી કાય;
નિઃસ્પૃહિ ગુરૂ ઉપદેશથી જીરે, જાણ્યા શ્રીજીનરાયરે. જીન. ભેટ્યા. ૫
શાસન રસિયા સહુ જીવોજીરે, કરવા દિલ દયાળ;
ભાવ દયા દિલમાં ધરિજીરે, પામ્યા પદ સુવિશાળરે. જીન. ભેટ્યા. ૬
અનંત સિદ્ધ એ ગિરિવરે જીરે, જાણી જગદાધાર;
પૂર્વ નવાણું પધારીયાજીરે, કિધો બહુ ઉપગારરે. જીન. ભેટ્યા. ૭
મહિમા અનંત એ તીર્થનોજીરે, તીર્થપતિ ગુણ ગેહ;
સાંભળી શરણે આવીયોજીરે, ચાહે મયૂર જેમ મેહરે. જીન. ભેટ્યા. ૮
કર્મ કઠિન હરવા ભણીજીરે, જન્મ મરણ જંજાળ;
ઉત્તમ યોગ મળ્યો અતિજીરે, કોડવ દેવ દયાળરે. જીન૦ ભેટ્યા૦ ૯

છોરૂ કછોરૂ આ હોયે જીરે, પુજ્ય ન ધરતારે દોષ;
કૃપા કરિ કરૂણાનિધિજીરે, થાપો ભાવનો પોષરે. જીન૦ ભેટ્યા૦ ૧૦
દૂર કરો અમ દિલનાજીરે, ચાર લુંટારા રે ચોર;
તુમ સરિખા ધણી શીરછતે જીરે, કર્મ કરે કિમ જોરરે; જીન. ભેટ્યા૧૧
દુવિધ ધર્મ પ્રકાશીને જીરે, તાર્યા જીવ અનંત;
જ્ઞાન ખડગ મુજ કરદિયોજીરે, જેમ થાયે ભવઅંતરે. જીન. ભેટ્યા. ૧૨
ક્યારે ? પરિગ્રહ છાંડશુ જીરે, લેશું સંયમ ભાર;
અખંડ આણુ પ્રભૂ આપનીજીરે, ધરવા દિલ સુધારરે. જીન. ભેટ્યા. ૧૩
આભવ પરભવ આપનાજીરે, ચરણની ચાહું રે સેવ;
કરજોડી "દુર્લભ" કહેજીરે, દ્યો દેવાધિદેવરે. જીન. ભેટ્યા. ૧૪



શ્રી સિદ્ધગિરિરાજની ભવ પૂજાનો અનુભવ. સ્તવન ૨૮ મું.

(પે'લે ભવે એક ગામનોરે, રાય નામે નયસાર—એ રાગ).

સોરઠ શીર્ષ તિલક સમોરે, શત્રુંજય ગિરિરાજ;
કલિયુગ કલ્પતરૂ નમોરે, ભવજળ તરવા જહાજરે.
ભવિજન ? ભાવે ભજો ભગવંત, જેથી પામીયે ભવનો અંતરે,
ભવિજન ? ભાવે ભજો ભગવંત૦ (એ ટેક૦) ૧
પૂર્વ નવાણું પધાર્યારે, ભેટો શ્રીનાભિકુમાર;
અનંત સિદ્ધ એ ગિરિવરે રે, પૂજી લહો ભવપાર રે. ભવિજન૦ ૨
રામપોળ દ્વારે દીઠોરે, પંચ શિખર પ્રાસાદ;
એકવીશ જિનરાજ શું રે, વિમળ નમો આહ્લાદ રે. ભવિજન૦ ૩
બાજુ બીજા પ્રાસાદમાં રે, સુમતિ જિનેશ્વર દેવ;
બિંબ ભલાં વીશ ભેટતાં રે, ભાવથી કરીએ સેવ રે. ભવિજન૦ ૪

સગાળ પોળ જતાં દીઠી રે, નરશી નાયક ટૂંક,
પંચતીર્થ સોહામણા રે, ભેટતાં જાય ભવભીક રે. ભવિજન૦ ૫
બસોચાર જિનરાજ શું રે, મૂળ ગભારે જાણ;
પાંચસો ત્રણ દેરતા બીજા રે, બિંબ તણું પ્રમાણ રે. ભવિજન૦ ૬
વાઘણ પોળમાં પેસતાં રે, શાન્તિ જિનેંદ્ર પ્રાસાદ;
ત્યાશી સહિત પરિવાર શું રે, પ્રણમો ધરિ આહ્લાદ રે. ભવિજન૦ ૭
વળતાં જમણી બાજુએ રે, દેરીમાં દશ જિનરાજ;
વામ ભુજાએ ચક્રેશ્વરી રે, પૂર્વ મુખે ભેટતાંજ રે. ભવિજન૦ ૮
નેમ રાજુલ ચોરી દેરે રે, એકસોએકાવન જાણ;
સહસ ફણા પ્રભુ પાર્શ્વજી રે, બિંબઅઢાર પ્રમાણ રે. ભવિજન૦ ૯
એકસોત્રાણું જિન મધ્યમાં રે, ભેટો ધરિને ભાવ;
કુમારપાળ દેરા સુધી રે; પ્રણમી પાવન થાઓ રે. ભવિજન૦ ૧૦
કુમારપાળના ચૈત્યમાં રે, એકસોત્રીશ જિનરાજ;
ગોખલે ચાર જિનેશ્વરો રે, હાથી પોળ પેસતાંજ રે. ભવિજન૦ ૧૧
કુર્કટ ચંદરૂપે થયો રે, સુરજ કુંડમાં ન્હાય;
દક્ષિણ બાજુ જતા તિહાં રે, પ્રણમો પ્રથમ પ્રભુ પાય રે. ભવિજન૦ ૧૨
કપડવંજ વાળા તણું રે, ઉત્તર બાજુ જેહ;
ઓગણીએંશી જિનરાજ ત્યાં રે, ચૈત્ય નમો ગુણ ગેહ રે. ભવિજન૦ ૧૩
લાર્ધન ભણી ત્યાંથી લહી રે, નરશી નાયક દાર;
અમીઝરા સમવસરણાદિરે, બિંબ છે ત્રણસોઅગ્યાર રે. ભવિજન૦ ૧૪
સમવસરણના ચૈત્યની રે, નિરખો બાજુ માંય;
નઠક નાજુક દેરીમાંહે રે, ભેટો કવડ યક્ષરાય રે. ભવિજન૦ ૧૫
હાથી પોળે બેસતા રે, મૂળ નાયક જગ ભાણ;
એકસોએકતાળી બિંબશું રે, મૂળ ગભારે જાણ રે. ભવિજન૦ ૧૬

જગ નાયક દેહરા શિરે રે, ચૌમુખ બિંબ છે ચાર;
એકોતેર ફરતાં બિજા રે, બિંબ તણો પરિવાર રે. ભવિજન૦ ૧૭
મારૂદેવા સુત ભેટતાં રે, આનન્દ અંગ ન માય;
એકસોસડસઠ બિંબછે રે, તે દેરા ફરતાંય રે. ભવિજન૦ ૧૮
પ્રથમ પ્રદક્ષિણાએ જતાં રે. ચોકમાં સામ સામાજ;
ઉત્તર દક્ષિણ શોભતાં રે, ચૈત્ય નમો શિરતાજ રે. ભવિજન૦ ૧૯
સિમન્ધર સ્વામી ઉત્તરે રે, અડતાળીશ પ્રભુ જાણુ;
દક્ષિણે નવા આદિશ્વરજી રે, બિંબ છેંતાળી પ્રમાણ રે. ભવિજન૦ ૨૦
પાંચભાયા જિન મન્દિરે રે, સોળ બિંબ પરિવાર;
સંધ્યાનો ખીલેલ રંગ સંધ્યામાં સમાઈ જાય;
ફળ આખરે જણાય ઇનસાફ જો મળે,
અલ્પ સુખ માટે મારે વલખાં ન જ્ઞાની જન,
"દુર્લભ" શાશ્વત સુખ આગળ નિહાળતા. બાંધવ૦ ૩

---

(૭) ગ્રહસ્થના સામાન્ય ધર્મ.

(શાર્દુલ વિક્રીડિત છંદ)

ન્યાયોપાર્જિત દ્રવ્ય ખાસ રળવા, રાખે સદા ધ્યાનમાં,
ગોત્રી અન્ય સમાન શીલ કુળમાં, જોવે સુ ઉદ્વાહમાં;
સદ્ આચાર તણી સ્તુતિ શુભ મને, કર્તા ન ભૂલે કદા;
એવા ઉત્તમ ધર્મ લાયક નરો, રે'તા સુખી સર્વદા ૧
ષટ્ ક્રોધાદિ કપાય અંતર તણા, વૈરી સદા વારતા,
પાંચે ઇંદ્રિય સંવરી જય કરે, સંતોષ ને ધારતા;

છંડે સ્થાન ઉપદ્રવો નિરખતાં, ધારે ન રે'વા કદા,
એવા ઉત્તમ ધર્મ લાયક નરો, રે'તા સુખી સર્વદા　　　૨

ત્યાગી ગુપ્ત અતિ પ્રસિદ્ધ સ્થળને, બાંધે સુપાડોશથી,
રાખે દ્વાર અનેક તો ઘરવિષે, ડર્તા રહે દોષથી;
દેશાચાર વિરૂદ્ધ વર્તન કરી, ચાલે નહીં જે કદા,
એવા ઉતમ ધર્મ લાયક નરો, રે'તા સુખી સર્વદા.　　　૩

નિંદા સર્વ તણી તજે નૃપતિની, સર્વ પ્રકારે તજે,
કર્તા ખર્ચ તમામ આવક ગણી, ખોટી ન શોભા સજે,
ધર્તા વૈભવના પ્રમાણ ઘટતા, જે વેશ અંગે સદા,
એવા ઉત્તમ ધર્મ લાયક નરો, રે'તા સુખી સર્વદા.　　　૪

સેવા માત પિતા તણી શુભ મને, ઉલ્લાસ ધર્તા કરે,
આચારે શુભ વર્તને વરતતા, તે સંગમાંહે ઘરે;
કર્તા કાર્ય તણી સદા કદર જે, ભૂલી ન જાયે કદા,
એવા ઉત્તમ ધર્મ લાયક નરો, રે' તા સુખી સર્વદા.　　　૫

ત્યાગે થાય અજીર્ણ તો નહિ જમે, ખોરાક સારો મળે,
લેતા લોલુપતા તજી નિયમથી, જોપથ્ય દોષે ટળે;
ધર્તા જ્ઞાન વ્રતાદિ વૃદ્ધ જનની, સેવા ન ભૂલે કદા,
એવા ઉત્તમ ધર્મ લાયક નરો, રે'તા સુખી સર્વદા.　　　૬

નિંદાયુક્ત તમામ કામ અળગા, જે અંગથી રાખતા,
માતા પૂજ્ય પિતા કુટુંબ સહુના, નિર્વાહને ધારતા;
દીર્ઘદ્રષ્ટિ નિયોગ પૂર્વક કરે, કાર્યો વિચારી સદા,
એવા ઉત્તમ ધર્મ લાયક નરો, રે'તા સુખી સર્વદા.　　　૭

ધારે ધર્મ સિદ્ધાંતના શ્રવણને, પાળે દયા પ્રેમથી,
કર્તા બુદ્ધિતણાં સુ આઠ ગુણને, જે યોગ સહ નેમથી;

ધર્તા સર્વ સુણો શરીર ગુણનો, જે પક્ષ રાખે સદા,
એવા ઉત્તમ ધર્મલાયક નરો, રે'તા સુખી સર્વદા. ૮
છટે ક્લેષ તમામ આગ્રહ તજે, ફંકાસના કામમાં,
ધર્તા જ્ઞાન વિશેષ કાયમ રહે, એ ધારણા ધ્યાનમાં;
સાધૂ સંત ગરિબ યોગ્ય સહુનો, સત્કાર કર્તા સદા,
એવા ઉત્તમ ધર્મલાયક નરો, રે'તા સુખી સર્વદા. ૯
ટાળી સર્વ પરસ્પરે અડચણો, ત્રિવર્ગને સાધતા,
દેશાકાળ પ્રમાણ આચરણમાં, નિષેધ નિર્બાધતા;
કર્તા જેહ બળાબળે સ્વપરનો, જે ખ્યાલ ધારી સદા,
એવા ઉત્તમ ધર્મલાયક નરો, રે'તા સુખી સર્વદા. ૧૦
વર્તે લોક રિવાજને અનુસરી, દુઃખો પરાયાં હરે,
લજ્જાવંત ન ધૃષ્ટતા કદિ ધરે, જે સૌમ્યતા આચરે.
એ સર્વજ્ઞ કથેલ "દુર્લભ" ગુણો, પાંત્રીશ પાળે સદા,
એવા ઉત્તમ ધર્મ લાયક નરો, રે'તા સુખી સર્વદા. ૧૧*

(૮) કહેવતકોશ ખાસ અનુભવથીજ થયો છે કે શું ?

(સવૈયા-એકત્રીશા.)

છપ્પનના પાટા પડિયા શિર, વિપત સમય વદતા જે લોક,
છપ્પન દુકાળે સંતાપ્યા, કેવત કોશ ન થાયે ફોક;
સાંભળતા બીજી કેવત પણ, છે અગણોત્તરનો સંકાત;
સાલતણી શરૂઆતે મહિયલ, મંડાણી તે વિપરિત વાત. ૧

* કરેતા, કરતા, ધરતા, અને રહેતા એમ કર્તા-કર્તા-ધર્તા-રેતાને બદલે બધે વાંચવું.

કીર્તિ સ્થંભ ત્રુટ્યા શરૂઆતે, એકી સાથે ચતુર સુજાણ,
રાજનગરમાંથી જૈનોના, રત્નતણા લુંટાયા પ્રાણ;
નૂર ઝવેરીના ઝાંખા થયા, મંદ બજાર થયો જે વાર,
પુર ચડી [1]પાદલિપ્તરમાં મધરાતે લુંટ્યા ઘરબાર. ૨

શાહુકારી શિખરે પોંચેલી, બેંકો માંહે પાડી ધાડ,
વારાફરતી એકબીજીની, સમકાળે ત્રુટી ગઈ નાડ;
મુંબઇ કલકત્તા સુરતના, કઇંક શોભતા કોહિનૂર ?
મુંજાણા અગણોત્તર આખર, નાદારીનું ચડતા પૂર. ૩

રાખી અનામત અર્થ સાધવો, મુડી અર્ધ રહે ભલિભાત,
વ્યાજ તણા લોભે ભુલ્યા કેઇ, અસલ જમાનાની તે વાત;
વાત દિવાળાની ફેલાતાં, ચારે કોર ચડ્યો વિંટોળ,
"દુર્લભ" લાજ ટકાવા આજે, ચિત્ત ચડ્યા સહુના ચકડોળ. ૪

---

(૯) વિષય-વિરક્ત-વીરાષ્ટક.

શિખરિણી છંદ.

સતાવ્યો સો ફેરા, કરિ વિવિધ કંદર્પ રચના,
નહિં તોયે ફાવી, સુદરશન જાણ્યો દ્રઢમના;
દિધા કુડા આળો, મટિ શુલિજ સિંહાસન થયા,
હતા સાચા વીરો, વિષય સુખમાં અંધ ન થયા. ૧

વસે વાસો બારો, વરસ લગિ વેશ્યા ભુવનમાં,
સ્થુલીભદ્ર સ્વામી, ફરિ વખત નાવ્યા જ ઘરમાં;

---

૧ પાલીતાણામાં પાણીનું પુર ચડીને.

રહી ચોમાસું ત્યાં, જરિ નહિ ડગ્યા સ્થિરજ રયા,
હતા સાચા વીરો, વિષય સુખમાં અંધ ન થયા. ૨
પ્રતિ બોધે પ્રેમે, ધનકુમર આવી નિજ ઘરે,
મહાનુભાવાએ, કિમ રહિ શકો કાયર પરે;
સુણી એવું શાળી, કુમર તજતા બત્રિશ પ્રિયા,
હતા સાચા વીરો, વિષય સુખમાં અંધ ન થયા. ૩
મનાવે લોજાયો, મલપતિ મળી નેમિ જીનને,
વિવાહ કાજે વ્હાલા, યદુપતિ ગયા જાન લહિને,
સુણી પોકારો તે, વખત પશુનાં આવિજ દયા,
હતા સાચા વીરો, વિષય સુખમાં અંધ ન થયા. ૪
વળ્યા પાછા જાણી, યદુપતિ કરે સર્વ વિનતી,
કરો શું આ સ્વામી, અરજ કરતા રાજુલ સતી;
પ્રતીબોધી પોતે, શિવરમણિ માટે સજ્જ થયા,
હતા સાચા વીરો, વિષય સુખમાં અંધ ન થયા. ૫
વશાવે માબાપો, વિજય વિજયા નાનિ વયમાં,
લિધેલા તે વેળા, શિઅળ નિયમો લાવિ મનમાં;
લગાવી કામોને, સુખપર તમાચો સ્થિર રયા,
હતા સાચા વીરો, વિષય સુખમાં અંધ ન થયા. ૬
ગયો રાત્રી વેળા, પ્રભવ હરવા દ્રવ્ય ઘરમાં,
દિઠા જંબુસ્વામી, તવ ધરત વૈરાગ્ય મનમાં;
સવારે સો પાંચો, સતવિશ મળીને મુનિ થયા,
હતા સાચા વીરો, વિષય સુખમાં અંધ ન થયા. ૭
કુમારી મલ્લીને, પુરવભવ ના મિત્ર છ મળ્યા,
લિધી દિક્ષા સાથે, લગન વખતે કૈવલિ કર્યા;

ગુણો ધર્તા એવા, શિવપુર વિષે " દુર્લભ " ગયા,
હતા સાચા વીરો, વિષય સુખમાં અંધ ન થયા. ૮

---

(૧૦) મન પ્રબોધક પદાષ્ટક.

(નાથ કેસે ગજકો બંધ છોડાયો–એ રાગ.)

સમજમન ચંચળતા કયું ન છોડે;
હું પદમાં હરદમ હરખાઈ વક્ર તુરંગ જેમ ઘોડે. સ૦ મ૦ (એ ટેક.)
અવગુણ અવરતણાં અતિ નિરખત, દિલ દાવાનળ મોટે;
[1]શકટ તળે રહિ શ્વાન કુલેપણ, ખેંચત [2]બેલ ભરોટે. સ૦ મ૦ ૨
તૃષ્ણા તૃપ્ત થઇ નહિં મનની, વૈભવ પુષ્કળ માણે;
કાળ અનંતા રઝળ્યો છાંડી, ચેતન આખર ટાણે. સ૦ મ૦ ૩
સ્વપ્નાંતર ભિક્ષુક થઇ રાજન, અમૃત ભોજન પાવે;
જમણ વખત જાગૃત થઇ જાતા, સમજ સમજ પસ્તાવે. સ૦ મ૦ ૪
આ તન કેરા ક્યા હૈ ભરૂસા, પાણી બિચ પરપોટા;
એકદિન ડેરા દેઇ જંગલ બિચ, ઉડ જાયેગા રખોટા. સ૦ મ૦ ૫
રાય રંક શુરવીર કાયર જન, પદવીધર કેઇ પાળા;
પુદ્ગલ બાજી તમાશા ચેતન, કર્મ તણાં એહ ચાળા. સ૦ મ૦ ૬
રતિ અરતિ પાંખે મન પંખી, ફરતું ફરે જબ ફેરા;
થાય સીદ્ધિ કલ્યાણની કયાંથી, જબલગ મેરા મેરા. સ૦ મ૦ ૭
પૂરવ પુન્ય પસાય [3]ચરણગ્રહિ, તરવા અંતર ચાહે;
તો પણ માન અને અપમાનની, ધુન ચડે મન માંહે. સ૦ મ૦ ૮

---

૧ શકટ=ગાડુ ૨ બેલ=બળધ ૩ ચરણ=ચારિત્ર.

ગોશાળો સ્વયંભૂખ વદતો ઇમ, મે સર્વજ્ઞ હું મોટા,
તેહથી શું કહેવાણા વીરજીન, દેખો દિલમે છોટા. સ૦ મ૦ ૯
નાટક પાત્રરૂપે જગજંતુ, કુણ છોટા કુણ મોટા;
સુખદુઃખ કર્મ વશે યશ અપયશ, ટાળિએ કર્મ રસોટા. સ૦ મ૦ ૧૦
જન્મ મરણ જંજાલ નિવારે, સમતા જે દિલ ધારે;
સંકલ્પ વિકલ્પ ચિન્તામણ ચડતા, અંતર શત્રુ નિવારે. સ૦ મ૦ ૧૧
સામી કાર્ય નિષ્કામ વૃત્તિએ, કાર્ય કિધા અતિ ભારી;
ગુણ ગ્રાહી વિરલા તે "દુર્લભ" જગમાં જસ બલિહારી. સ૦ મ૦ ૧૨

---

(૧૧) વિરોધાભાસ પદાષ્ટક.

(નાથ કૈસે ગજકો બંધ છોડાયો એ રાગ.)

ચતુર નર વાદ વદો ન વિરોધે,
હુંપદમાં હઠ ધારિ રહેલા, સુધરે કિમ પ્રતિબોધે. ચતુરનર૦એ ટેક. ૧
વાદે ચડી વાવરતા વદે વિત્ત, પૂર સન્મુખ ચડે નદીએ,
જમણ વિશેષ જમત ચડી વાદે, તેહથી વાદ શું વદીએ. ચતુરનર૦ ૨
અતિ વાચાળ વૃથા બડબડતા, મન અભિમાનમેં ઝુલે;
મિથ્યા વચણ શતવાર વદે પણ, પ્રાણ જતા ન કબુલે. ચતુર નર૦ ૩
દુર્જનતા અતિ દિલ દુરાગ્રહ, કરત નહિં કદિ રોપે;
આવે કવણ પ્રકાર શીરસ્તે, કુરતા કાયમ રોપે. ચતુર નર૦ ૪
નિજ નિજ વાત તરફના વલણમાં, ખેંચત પુષ્કળતાને;
સીમ તરફ શિયાળ વૃત્તિ જ્યાં, ગામ તરફ શ્રહું શ્વાને. ચતુરનર૦ ૫
અણસમજુ જનના અંતરના, સંશય સમજાયે છૂટે;
પણ અધકચર્યાં દુરાગ્રહિના, સંશય કહિયે ન ખૂટે. ચતુરનર૦ ૬

ગુણો ધર્તા એવા, શિવપુર વિષે " દુર્લભ " ગયા,
હતા સાચા વીરો, વિષય સુખમાં અંધ ન થયા. ૮

---

(૧૦) મન પ્રબોધક પદાષ્ટક.

(નાથ કેસે ગજકો બંધ છોડાયો–એ રાગ.)

સમજમન ચંચળતા કયું ન છોડે;
હું પદમાં હરદમ હરખાઈ વક્ર તુરંગ જેમ ઘોડે. સ૦ મ૦ (એ ટેક.)
અવગુણ અવરતણાં અતિ નિરખત, દિલ દાવાનળ મોટે;
[1]શકટ તળે રહિ શ્વાન કુલેપણ, ખેંચત [2]બેલ ભરોટે. સ૦ મ૦ ૨
તૃષ્ણા તૃપ્ત થઇ નહિં મનની, વૈભવ પુષ્કળ માણે;
કાળ અનંતા રઝળ્યો છાંડી, ચેતન આખર ટાણે. સ૦ મ૦ ૩
સ્વપ્નાંતર ભિક્ષુક થઇ રાજન, અમૃત ભોજન પાવે;
જમણ વખત જાગૃત થઈ જાતા, સમજ સમજ પસ્તાવે. સ૦ મ૦ ૪
આ તન કેરા કયા હૈ ભરૂસા, પાણી બિચ પરપોટા;
એકદિન ડેરા દેઇ જંગલ બિચ, ઉડ જાયેગા રખોટા. સ૦ મ૦ ૫
રાય રંક શુરવીર કાયર જન, પદવીધર કેઈ પાળા;
પુદ્ગલ બાજી તમાચા ચેતન, કર્મ તણાં એહ ચાળા. સ૦ મ૦ ૬
રતિ અરતિ પાંખે મન પંખી, ફરતું ફરે જબ ફેરા;
થાય સીદ્ધિ કલ્યાણની કયાંથી, જબલગ મેરા મેરા. સ૦ મ૦ ૭
પૂરવ પુન્ય પસાય [3]ચરણગ્રહિ, તરવા અંતર ચાહે;
તો પણ માન અને અપમાનની, ધુન ચડે મન માંહે. સ૦ મ૦ ૮

---

૧ શકટ=ગાડુ ૨ બેલ=બળધ ૩ ચરણ=ચારિત્ર.

ગોવાળો સ્વયંમૂખ વદતો એમ, મે સર્વજ્ઞ હું મોટા,
તેહથી શું કહેવાણું વીરજીન, દેખો દિલમે છોટા. સ૦ મ૦ ૯
નાટક પાત્રરૂપે જગજંતુ, કુણ છોટા કુણ મોટા;
સુખદુ:ખ કર્મ વશે યશ અપયશ, ટાળિએ કર્મ રસોટા. સ૦ મ૦ ૧૦
જન્મ મરણ જંજાલ નિવારે, સમતા જે દિલ ધારે;
સંકલ્પ વિકલ્પ ચિત્રામણ ચડતા, અંતર શત્રુ નિવારે. સ૦ મ૦ ૧૧
સાધી કાર્ય નિષ્કામ વૃત્તિએ, કાર્ય કિધા અતિ ભારી;
ગુણ ગ્રાહી વિરલા તે "દુર્લભ" જગમાં જસ બલિહારી. સ૦ મ૦ ૧૨

---

(૧૧) વિરોધાભાસ પદાષ્ટક.

(નાથ કૈસે ગજકો બંધ છોડાયો એ રાગ.)

ચતુર નર વાદ વદો ન વિરોધે,
હુંપદમાં હઠ ધારિ રહેલા, સુધરે કિમ પ્રતિબોધે. ચતુરનર૦એ ટેક. ૧
વાદે ચડી વાપરતા વરે વિત્ત, પૂર સન્મુખ ચડે નદીએ,
જમણુ વિશેષ જમત ચડી વાદે, તેહથી વાદ શું વદીએ. ચતુરનર૦ ૨
અતિ વાચાળ વૃથા બકબકતા, મન અભિમાનમેં ઝુલે;
મિથ્યા વચણ શતવાર વદે પણ, પ્રાણ જતા ન કબુલે. ચતુર નર૦ ૩
દુર્જનતા અતિ દિલ દુરાગ્રહ, હસ્ત નહિં કદિ રાપે;
આવે કવણ પ્રકાર શીરસ્તે, ફરતા કાયમ રોપે. ચતુર નર૦ ૪
નિજ નિજ વાત તરફના વલણમાં, ખેંચત પુષ્કળતાને;
સીમ તરફ શિયાળ વૃત્તિ જ્યાં, ગામ તરફ શ્રણું શ્વાને. ચતુરનર૦ ૫
અણુસમજુ જનના અંતરના, સંશય સમજાયે છૂટે;
પણ અધકચર્યા દુરાગ્રહિના, સંશય કદિયે ન ખૂટે. ચતુરનર૦ ૬

સરલ સ્વભાવી તણા અંતરના, સંશય જ્ઞાની ભાંગે;
કુટિલ જનો સમજે ન કદાચિત્ દ્વેષ હૃદયમાં જાગે. ચતુરનર૦ ૭
મુક્ત નહિં ખચકું મંકોડો, કડથી તોડી નાખે;
"દુર્લભ" નરભવ હારે કુટિલ પણ, છોડત નહિં જે ભાખે. ચ૦ ૮

---

(૧૨) પ્રથમ પોતાનું સંભાળવા વિષે.

(હરીગીત છંદ.)

પોતા તણું ગ્રહ પરજળે, પીડા પ્રથમ તે ટાળિએ,
પરની પીડા અંતર ધરી, અવગુણ શીદ નિહાળિએ;
પામ્યો અમુલ્ય વખત જતાં, પસ્તાય પૂરણ આખરે,
સંભાળી ચાલે આપણું, સફર સફળ તેની ઠરે. ૧

સરિતા તળાવ ગળાય નહિં સહુ જોઇતું વારિ ગળે,
મઢીના શકાયે મેદની, ઢંકાય છત્ર ન વાદળે;
પગ રક્ષણે ઉપાન છત્રી, તાપ વરસાદે ધરે,
સંભાળી ચાલે આપણું સફર-સફળ તેની ઠરે. ૨

જળ વહિ જવા નિજ ઘર થકી, પેલા સુધારો ખાળને,
સુધારવા નિજ બાગ બાંધો, પાણી પહેલી પાળને;
નિજ ઘર સુધારો ચીવટે, કરશે બીજા જેઓ ડરે,
સંભાળી ચાલે આપણું, સફર સફળ તેની ઠરે. ૩

પેખી જુઓ નિજ પગ નીચે, પાવક અતિશે જે બળે,
જોતાં પરાયા દોષ તેમાં, આપણું કો શું વળે;?
પ્રજળી શકાય ન પાપ જગનું, ચીવટે નિજ સૂધરે,
સંભાલી ચાલે આપણું, સફર સફળ તેની ઠરે. ૪

પરહાથતા દોષો પરાયા, લાભ તે શું મેળવે ?
ચોડે ઠબ્બલ સામા કપાળ, વિષે હૃદય એટે દ્રવે;
અંતર તણા શત્રુ હઠાવા, ધૈર્યતા જેઓ ધરે,
સંભાળી ચાલે આપણું, સફર સફળ તેની ઠરે. ૫
પેખી પરાઈ ચાલ અંતર, શીદ અમથું બાળીએ,
પર પાપની પંચાતથી ? ગુણ દોષ નિજ નિહાળીએ;
ખર હોડમાં ગજને ગુમાવા, કોણ આગળ કો ધરે,
સંભાળી ચાલે આપણું, સફર સફળ તેની ઠરે. ૬
નિહાળીએ નિજ મસ્તકે, ઝુંબી રહેલા કાળને,
સાધી લહો તે આપણું, છંડી અવર જંજાળને;
જે વાવશે તેવું લહે, નિરખો સહુ ફળ આખરે,
સંભાળી ચાલે આપણું, સફર સફળ તેની ઠરે. ૭
સાધન અભાવ વડે વળી, અંતરાય કર્મ ઉદયવિષે,
સદ્ધર્મ આરાધન કદિ, કમતી બને તેવા મિષે,
" દુર્લભ " સફળ નર જન્મ તોપણ, દોષથી જેઓ ડરે,
સંભાળી ચાલે આપણું, સફર સફળ તેની ઠરે. ૮

---

(૧૩) " ક્ષમાપદ અષ્ટક "

(નાથ કૈસે ગજકો બંધ છોડાયો—એ રાગ.)

સુગુણ નર[૧] નારી ભવોદધિ તારે,
સહનશીલ અડગ પ્રિય અંતર, ટકતા કાર્ય સુધારે. (ટેક) સુ૦ ન૦ ૧

---

૧ ક્ષમાન્નારી જાતી છે.

પત્નિ સુધર્મિ ગણી મહિયલપર, ધરિયે સુખ ક્ષમામાં;
છેદન તાડન તર્જન સમયે, ચેતન કરમે દવામાં. સુગુણ નર૦ ૨
વીષવેલી સમ જાણો ચેતન, ગુણ સંસારી [૧]રમામાં,
સ્વપ્ન સમાન ક્ષણિક બાજીમાં, ચતુર થઇ ભરમામાં. સુગુણ નર૦ ૩
પ્રસન્નચંદ્ર રાજર્ષી ધ્યાનાંત્તર, દુર્ગતિ ડળિયા બાંધે;
સાવધ થઇ પસ્તાઈ ક્ષમાથી, ક્ષણમાં કારજ સાધે. સુગુણ નર૦ ૪
સાકર સરસપણું ન તજે કદિ, સોમલ જેર ન ત્યાગે,
થાય પ્રકાશિત કાન્તિ પ્રસારી, હેમ હુતાશન આગે. સુગુણ નર૦ ૫
દૂષણ પ્રકાશ કરે સહુ દુશ્મન, તોપણ ધિરજ ધારે;
ગાળ દિધે તપી જાય નહિં તન, રહત ક્ષમા તસ [૨]લારે. સુગુણ નર૦ ૬
થાય ફજેત અસત્યપણાથી, દુશ્મન આખર ધાસે;
સત્ય પ્રકાશીત થાય [૩]રવિ જ્યમ, [૪]તિમિર ટપોટપ નાસે. સુગુણ નર૦ ૭
પૂર્ણ સમર્થપણું મળતાં પણ, જેહ ક્ષમા દિલ ધારે;
બલિહારી "દુર્લભ" તે જનની, આપ તરે ને તારે. સુગુણ નર૦ ૮

---

(૧૪) સત્ય જીવન.

(હરિગીત છંદ.)

નિન્દા અને વિકથા વિવશ, આજીવીકા અભિમાનમાં,
ચડતા જુવાની પૂર, વાદવિવાદ ને ગુલતાનમાં;
સ્વારથ વિષે અંજાય, લોભે સત્યતા લોપાયછે,
જીવન સફળ તસ જગતમાં, જે સત્યતાને ચ્હાય છે. ૧
નિન્દા કરો નિજ આત્મની, ધરી શાસ્ત્રનો શુભ કાયદો,
વિકથા થશે તવ દૂર, ગુણગ્રાહિ સ્વભાવે ફાયદો;

૧ સંસારી સ્ત્રીમાં ૨ સાથે ૩ સૂર્ય. ૪ અંધારૂં.

આજીવીકા કરતા પશુ, પણ નર વિષે શુભ ન્યાય છે,
જીવન સફળ તસ જગતમાં, જે સત્યતાને ચ્હાય છે. ૨
વેઠ્યા અનંતો કાળ નરક, નિગોદના દુઃખો ઘણા,
મસ્તક ઉંધે મળમાં રહી, પામેલ પૂર્ણ વિટંબણા;
બાજી જુઠી અવલોકતાં, મન માનથી મૂકાય છે,
જીવન સફળ તસ જગતમાં, જે સત્યતાને ચ્હાય છે. ૩
રઝળ્યા અનંતો કાળ ઇંદ્રિય; વશ રહી સંસારમાં,
ભાડા તણું ઘરમાં ફરે, થઇ લુબ્ધ વિષય વિકારમાં;
લાડી અને ગાડી વિભવ, ગુલતાન આળગા જાય છે,
જીવન સફળ તસ જગતમાં, જે સત્યતાને ચ્હાય છે. ૪
કંગાલપણું કુસોબતે, સંપે સમૃદ્ધિ સાંપડે,
સિદ્ધિ બુદ્ધિ ઉદ્યોગ વશ, દારિદ્રતા આળસ વડે,
ઉદાર મતિ યશ લોભ અપયશ, દુર્મતિ દુઃખદાયી છે,
જીવન સફળ તસ જગતમાં, જે સત્યતાને ચ્હાય છે; ૫
જાણો અગત્ય તમામ, કાર્યાલય વિષે અતિ જેહની,
છે ધર્મ સત્વ વિશાળ શોભા, પૂર્ણ માનવ દેહની;
વિશ્વાસ ભાજન સત્યથી, શુભ કાર્ય સર્વ સધાય છે,
જીવન સફળ તસ જગતમા, જે સત્યતા ને ચ્હાય છે. ૬
સંસારમાં સુખ પામવા, તરવા ભવોદધિ આખરે,
ઉર્મી સફળ સત્વર થશે, જો સત્યતા અંતર ઠરે;
બુદ્ધિ સમૃદ્ધિ સંપ ને, વ્યવહાર સુધરી જાય છે,
જીવન સફળ તસ જગતમાં, જે સત્યતા ને ચ્હાય છે. ૭
બાળાવયે નિજ બાળકો, આ ટેવ તાતથી પામશે,
તો દિગ્વિજય કરિ સરલતાએ, સર્વ કાર્યો જામશે;

"દુર્લભ" પ્રભા ગુણ સમુહની, શુભ સત્યથી સચવાય છે,
જીવન સફળ તસ જગતમાં, જે સત્યતા ને ચ્હાય છે. ૮

---

(૧૫) અદેખાઇ.

(હરિગીત છંદ.)

ઉતકૃષ્ટતા દેખી અવરની, ઉરમાં અકળાય છે,
રાખી હૃદય નિત્ય રોષ, પાવક વિણુ જે પ્રજળાય છે;
ગુણુ મેળવી સકતા નથી, પરગુણુ સાંખી નહિં શકે,
જાણો અદેખા જન જગતમાં, જે સદા મિથ્યા બકે. ૧
ઇચ્છે સદા પડતી અવરની, આપ ચડતી ચ્હાય છે,
રાખે નહિં ડર દૈવનો, અવગુણુ સહુના ગાય છે;
મિથ્યા પ્રકાશી દોષ પરના, ક્યાં સૂખી ફાવી શકે,
જાણો અદેખા જન જગતમાં, જે સદા મિથ્યા બકે. ૨
પુન્યાયથી પામેલ જે ઠકુરાઇ, કે વિદ્યા કળા,
શોભા નિહાળી અવરની, રહેતા સદા મન દુબળા;
કમળો છવાયેલ નેત્ર તે, પીળું જગત પરખી શકે,
જાણો અદેખા જન જગતમાં, જે સદા મિથ્યા બકે. ૩
જોઇ રિદ્ધિ શ્રીપાળની, ધવળે પ્રપંચ કર્યાં ઘણાં,
ફોગટ ગયા સરવે જુઓ, પામેલ આપ વિટંબણા;
છે પુન્ય જેનું જાગતું, કુણુ તેહને વેડી શકે,
જાણો અદેખા જન જગતમાં જે સદા મિથ્યા બકે. ૪
પિછાન શું રવિના પ્રકાશ, તણી તપાસો ઘૂડને,
સારા સ્થળો પરસન નહિં, વાલો ઉકરડો ભુંડને;

તેમજ દશા ચડતી અદેખા, જન નહિં સાંખી શકે,
જાણો અદેખા જન જગતમાં, જે સદા મિથ્યા બકે. ૫
રવિ સામી રજ ઉડાડતા, તેનાં જ નેત્ર વિષે પડે;
વધારતા ત્યમ વૈર સબળ, સંગાથ પોતાને નડે;
અજ્ઞાન વશ પડતા અદેખા, આખરે ચંડતા ધકે,
જાણો અદેખા જન જગતમાં, જે સદા મિથ્યા બકે. ૬
ચાહે અવરનું જેહનું, તેમાંજ તે ઝંપલાય છે,
થાતા વિકસ્વર સત્ય આખર, તેજ હલકા થાય છે;
કુકર્મ કેળવતા ધરાપર, ધાર્યું કોણ કરી શકે,
જાણો અદેખા જન જગતમાં, જે સદા મિથ્યા બકે. ૭
લાવે અનુકંપા ગુણીજન, પડત નહીં તકરારમાં,
સાયર કદિ છલકાય નહીં, દેખો સદા સંસારમાં;
"દુર્લભ" ચડે શુભ સત્ય આખર; જૂઠ ના ફાવી શકે,
જાણો અદેખા જન જગતમાં, જે સદા મિથ્યા બકે. ૮

---

(૧૬) દુર્જન સ્વભાવ.

(ભુજંગી છંદ.)

વૃષાદે ધરામાં લિલા લ્હેર થાયે, નિહાળો જવાસા સ્વભાવે સુકાયે;
ઉનાળે રહેલા લિલા એકલા તે, પરાયા સુખે દુર્જનો ક્લિન્ન થાતે. ૧
પ્રકાશે પ્રભા સૂર્યની જ્યાં પ્રભાતે, ચડેલા જુઓ કાર્યમાં સર્વ ખાંતે;
થયાં ઘુડને તસ્કરો ગાભરાતે, પરાયા સુખે દુર્જનો ક્લિન્ન થાતે. ૨
જુઓ વૃક્ષ રીસામણીના જણાતા, ટકોરાવડે તુર્ત રીસાય જાતા;
ધરે દુર્જનો ખાર જો અલ્પ વાતે, પરાયા સુખે દુર્જનો ક્લિન્ન થાતે. ૩

રહે દ્વેષ ને રૌદ્રતા ધ્યાન માંહે, ચડેલી દશા ક્યાંય જોવા ન ચાહે;
જણાતા સુખી પારકા દુઃખમાં તે, પરાયા સુખે દુર્જનો દિલ્ન થાતે. ૪
પડે કલેષ ટંટા વિષે કોય પ્રાણી, કરે પુષ્ટિ એ દુર્જનોને કમાણી;
વિના કારણે કર્મ ભારે ભરાતે, પરાયા સુખે દુર્જનો દિલ્ન થાતે. ૫
પ્રપંચો રચે પેટ માટે હજારો, લગારે કુકર્મે ધરે ના ધ્રુજારો;
પડેલા જનો પાસલે તે ઠગાતે, પરાયા સુખે દુર્જનો દિલ્ન થાતે. ૬
ચલાવે નવા પંથ જે સ્વાર્થ માટે, પ્રભૂથી ડરે ના દિલે માન ખાટે;
ડુબેલા ડુબાડે રહે સંગમાં તે, પરાયા સુખે દુર્જનો દિલ્ન થાતે. ૭
કરે બોધ જો કોય તો વૈર બાંધે, નડે આળ ખોટા દઈ જ્ઞાન વાંધે;
રહો વેગળા "દુર્લભ" જ્યાં કળા તે, પરાયા સુખે દુર્જનો દિલ્ન થાતે. ૮

(૧૭) સ્વભાવ અષ્ટક.

(સવૈયા એકત્રિશા.)

સૃષ્ટિ સરસ્વતી માંહે નિરખો, વિવિધ રહેલ રસો ના વાસ,
મિષ્ટ રસો છે કઇક વૃક્ષમાં, કઇક વૃક્ષ ઝાલેલ ખટાશ;
કડવા રસ પણ કઇક વૃક્ષમાં, ભિન્ન ભિન્ન જો એહુ જમાવ,
ગ્રહણ કરે એ રીતે જગમાં, જે રસ જેનો જાતિ સ્વભાવ. ૧
શ્વાન, અશ્વ, ગજ, બેલો, મેના, પોપટ, કોયલ, ને [1]માંઝાર,
વિવિધ પશુ પક્ષી અવનિમાં, જાતિ સ્વભાવ પ્રમાણ ઉચ્ચાર;
ભિન્ન ભિન્ન અવલાકો જગમાં, પાત્ર પ્રમાણ થયેલ જમાવ,
ગ્રહણ કરે એ રીતે જગમાં, જે રસ જેનો જાતિ સ્વભાવ. ૨

---

૧ માંઝાર બિલાડી.

શ્રેષ્ઠિજન વ્યવહાર જમાવા, કામી જન ચાહે શ્રૃંગાર,
વિદ્યા પાત્ર પ્રમાણ પ્રસરતી, જેના અંતરમાં જે પ્યાર;
સુશીલ પ્રતિ સદ્ધર્મ પ્રેરણા, મોક્ષ ખપે વૈરાગ્ય જમાવ,
ગ્રહણ કરે એ રીતે જગમાં, જે રસ જેનો જાતિ સ્વભાવ. ૩

મેઘવૃષ્ટિ સમ સદ્વક્તાનો, શ્રોતા ને સરખો ઉપગાર,
ભિન્ન ભિન્ન રૂપે પરિણમતો, નિરખો જેના જેહ વિચાર;
પાંચ પતિએ સતી દ્રૌપદી, [1]પુંશ્ચલી મન થયો એહ ઉઠાવ,
ગ્રહણ કરે એ રીતે જગમાં, જે રસ જેનો જાતિ સ્વભાવ. ૪

[2]તિમિર ટળે સરવે સ્થાનેથી, થાયે રવિનો જેમ પ્રકાશ,
દોષ કહો તેમાં શું તેનો, રહેતા ઘુડ સદાય નિરાશ;
થાયે જવાસા વિણ મેહથી, સર્વ વૃક્ષનો પૂર્ણ જમાવ,
ગ્રહણ કરે એ રીતે જગમાં, જે રસ જેનો જાતિ સ્વભાવ. ૫

વિદ્યા પ્રાપ્ત કરી સુધરે નહીં, લક્ષ્મી છતાં નહિ દાન પ્રભાવ,
પરધન પરદારા ના આશી, પ્રતિબોધે કર્તા ન હઠાવ;
વાર્યા ન રહે પણ હાર્યા રહે, આવક વિણ બનતા ઉડાવ,
ગ્રહણ કરે એ રીતે જગમાં, જે રસ જેનો જાતિ સ્વભાવ. ૬

ઉત્તમ બોધ સુણી બદલાઓ, મળતા સદ્ભાગ્યે સત્સંગ,
જન્મ સ્વભાવ ટળે પ્રાણાંતે, ઉપર ઉપર સુધરતો રંગ;
શાન્ત કરો માંજાર સુધારી, [3]મુષક દેખતા ખેલે દાવ,
ગ્રહણ કરે એ રીતે જગમાં, જે રસ જેનો જાતિ સ્વભાવ. ૭

પ્રતિબોધીને સંત પુરૂષો, કષ્ટ લખીને થાક્યા લેખ,
તોપણ જાતિ સ્વભાવ બદલવો, મુશ્કેલ સુધરવા મન પેખ;

---

૧ પુંશ્ચલી–વ્યભિચારી સ્ત્રી. ૨ અંધારૂં. ૩ મુષક–ઉંદર.

ભવભીરૂ જિજ્ઞાસુ વીરલા, તત્ત્વ પરાયણ તારે નિત
"દુર્લભ" શાંત સુધારસ ગાજો, ગ્રહણ કરે જે આત્મ સ્વભાવ

---

(૧૮) કન્યાવિક્રય દોષ.

(રાગ—કવ્વાલી.)

ચલ્યો વેપાર વિક્રયનો, લુંટાયે લિન કન્યાનું;
ગણાયે દોષ દુર્ગતિનો, શાહુકારો શિર નહિં બાનું. ૧
ઉન્નતના લોકમાં ઉંચા, મળે ઇનસાફ અંતરમાં;
ગણાયે દોષ જે સ્થાને, વિચારો તે ધરી મનમાં. ૨
વરે વૃદ્ધા અવસ્થામાં, શ્રીમંતો દામ આપીને;
છૂટે દમ બાળવયમાં બાળા, ઉઠમણાં ફોક આપીને. ૩
સજ્જન [illegible] ગણીજનો કે? સજ્જન આ બાળનો કેવા?
[illegible] કહે ઇનસાફ શું કેવા? ૪
[illegible]

વિચારો દિર્ઘદ્રષ્ટિથી, મળે આશીષ બાળાની;
"દુર્લભ"આવી ખરી દિસે, ચડે જો તરત તાળાની. ૮

(૧૯) હુન્નરદાનની આવશ્યક્તા.

(દોધક છંદ.)

હુન્નર દાન વિષે ધન વાવો, દિન તણું સહુ દુઃખ હઠાવો;
સર્વ કળા નિજ દેશ વધારો, સંપત્તિવાન સુધર્મ તમારો. ૧

જેહ જપાન વિદેશ ચડેલા, હુન્નર જો નિજ હસ્ત કરેલા;
તેમ તમે સ્વયમેવ સુધારો, સંપત્તિવાન સુધર્મ તમારો. ૨

અન્ન અને ધન પુષ્કળ આપો, કાયમ દિન તણું દુઃખ કાપો;
દારિદ્ર દોષ જુવો વધનારો, સંપત્તિવાન સુધર્મ તમારો. ૩

દેશ સુખી કરવા દિલ દાઝે, દાન વધારવું હુન્નર કાજે;
જેહ તરેહ ઘણો ટકનારો, સંપત્તિવાન સુધર્મ તમારો. ૪

બાળ વયે વિધવા બહુ આજે, જોઇ કહો દિલ કેમ ન દાઝે ?
હુન્નર દાન વડે સહુ તારો, સંપત્તિવાન સુધર્મ તમારો. ૫

બાળવયે નબળા નિજ બાળો, દ્રષ્ટિ થતા નિજ દેશ નિહાળો;
હુન્નરમાં તસ સદ્ય વધારો, સંપત્તિવાન સુધર્મ તમારો. ૬

જાય વિદેશ વિષે બહુ નાણું, હજબલ દામ મળે કરિયાણું;
સસ્તું થવા નિજ દેશ સુધારો, સંપત્તિવાન સુધર્મ તમારો. ૭

લાભ વિશેષ સ્હેલ વિચારો, આળસ દિલનું દૂર નિવારો;
"દુર્લભ" હુન્નર દાન વધારો, સંપત્તિવાન સુધર્મ તમારો. ૮

(૨૦) અભિમાન–પચ્ચીશી.

(કુકર્મ રે, કામી શું ના કરે–એ રાગ.)

મુરખ મન રે જાણે મેં કર્યું (એ આંકણી.)

પ્રજાપાળ રાજા મયણાને, કોઢી કર સોંપે અભિમાને;
પુન્યાઇએ કાર્ય સર્યું મુરખ મન રે જાણુ મેં કર્યું. ૧
ખુશામત પર રાગ ધરીને, સુરસુંદરી આપી નરવરને,
દાસીપણું આદર્યું .... મુરખ મન રે૦ ૨
પ્રબળ પ્રતાપી રાવણ ભારે, હરણ કરે સીતાનું જ્યારે,
રણમાં શિર પડયું. .... મુરખ મન રે૦ ૩
બાહુબલી તપતા તપ વનમાં, વેલડિયો વિંટાણી તનમાં,
કેવળ દૂર કર્યું ... . મુરખ મન રે૦ ૪
બ્રાહ્મી સુંદરી બેન તે વારે, મદગજથી હેઠા ઉતારે,
સરવે કાર્ય સર્યું. .... મુરખ મન રે૦ ૫
સ્થુલિભદ્રની કીર્તિ ન સાંખી, ગુરૂવચને પ્રતિતી નહિ રાખી,
કોશ્યાએ મન હર્યું.... .... મુરખ મન રે૦ ૬
રત્ન કંબલ અતિ કષ્ટે લાવે, પગ લુંછીને ખાળ નખાવે,
સાધુ કહે આ શું કર્યું ? .... મુરખ મન રે૦ ૭
પ્રતિબોધે વેશ્યા તે ટાણે, આવ્યું મન નથી ઠેકાણે,
ગુરૂ વચન સાંભર્યું .... મુરખ મન રે૦ ૮
ઇંદ્રભૂતિ[૧] સિદ્ધસેન[૨] જેવાને, જીતે વીર[૩] વૃદ્ધવાદી[૪] માને,
અભિમાન ઉતર્યું .... મુરખ મન રે૦ ૯
પ્રસન્નચંદ્ર રાજર્ષિ જ્યારે, તપ અખંડ તપતા તે વારે,
ચીત્તડુંએ શું ચિંતવ્યું ? .... મુરખ મન રે૦ ૧૦

૧–૩ ઇંદ્રભૂતિને મહાવીર પ્રભુએ | જીત્યા અને મદ [illegible]
૨–૪ સિદ્ધસેન દિવાકરને વૃદ્ધવાદીએ | [illegible].

ચારિત્ર સદ્દગિત્ અમૃત ઢોળે, મન ચઢતા અભિમાન વિટોળે,
જિનોએ વશ કર્યું. .... મુરખ મન રે૦ ૧૧
મનહસ્તિ અંકુશ અભાવે, કર્મ ઘણાં કાળોથી ફાવે,
હું પદમાં સર્વ હર્યું. .... મુરખ મન રે૦ ૧૨
સમય સમય ફરતી સ્થીતિ મનની, પ્રાપ્તિ તેહ પ્રકારે ફળની,
સુધારે સાધ્ય કર્યું. .... મુરખ મન રે૦ ૧૩
જાતિ, કુળ, ઐશ્વર્ય, રૂપ, રિદ્ધ, તપો, લાભ, વિદ્યા, આઠે મદ,
કરતાં કેમ નડયું ? .... મુરખ મન રે૦ ૧૪
દ્રષ્ટાંત તેહના મદ સજ્ઝાયે, અભિમાન સાંભળતા જાયે,
વિસ્તારે વર્ણવ્યું. .... મુરખ મન રે૦ ૧૫
સંસારે તન ધન જોબનમાં, અમલ આદિ મળતી પદવીમાં,
આત્મિક ધન હર્યું. .... મુરખ મન રે૦ ૧૬
સાચું કહે કોઈ લાગે ખારૂં, ખુશામત પર વારૂ વારૂ,
રાગ દ્વેષ ભર્યું. .... મુરખ મન રે૦ ૧૭
રાગ-દ્વેષ ધરી સુખ દુ:ખ દેવા, ધારે કદિ અભિમાની એવા,
ધાર્યું રે' મનમાં ધર્યું. .... મુરખ મન રે૦ ૧૮
અભિમાને ફરતા જન એવા, કામ કરે દુનિયામાં કેવા,
દિલતો જરી ન ડર્યું. .... મુરખ મન રે૦ ૧૯
મોત ફરે માથે નહિં જાણે, જાણે નહીં જાવું કયે ટાણે,
કરવાનું તે ન કર્યું. .... મુરખ મન રે૦ ૨૦
સંપત્તિ હોય અનર્ગલ ઘરમાં, શંકા થઈ ફરતા ઘડી ભરમાં,
મન મર્કટ નહિં ઠર્યું. .... મુરખ મન રે૦ ૨૧
વર્તમાન કાળે પણ એવા, બહુ દ્રષ્ટાંત મળે છે તેવા,
અજ્ઞાને શું કર્યું. .... મુરખ મન રે૦ ૨૨

સુખ દુઃખ વૈભવ સંપત્તિ સર્વે, મળતા નહિ શું આવું ગર્વે,
સમતામાં સુખ ભર્યું. .... સુરખ મન રે૦ ર
લઘુતાએ પ્રભુતા નકી પામે, કીર્તિ કાર્ય કળાયે જામે,
સંતોષે રે' મન ઠર્યું. ... . સુરખ મન રે૦ ર
ધાર્યું [1]ધરાપર કોનું ન થાયે, અભિમાની અમથા ફુલાયે,
" દુર્લભ ,, દેવ ઠર્યું. .... સુરખ મને રે૦ ર

---

(૨૧) અવસાન સમય ચેતનની જાગ્રત દશા.

રાગ—કાફી.

અમે તો ચેત્યા નહિં અણુચિંત્યો ઝડપશે કાળ, એ ટેક.
શરીર સુશ્રૂષા ઉમ્મર આખી કરી રહેવા સુકુમાળ
આખર સમય અગાઉથી પોઢયું જાણે પરાધીનબાળ
દિસે અતિ [2]કૃશિત [3]સુગાળ.... .... અમે૦
બાપા દાદા કહી છાતી પર, ચડતા પ્યારા બાળ;
કાન ધરે નહિં [4]કેણુ વડિલનું, કેઇક અજ્ઞાની રીસાળ;
કરે નહિં સાર સંભાળ. .... અમે૦
ખાધું પીધું નહિં દાન દીધું નહિં, કર દઇ વદતો કપાળ;
એક વખત છોડે તો સાધુ, થાય વિચારના માળ;
પડે જહાં કાળની ફાળ. .... અમે૦
ડાહ્યો થયો દેખી જ્યાં તારી, ડાંગ એ કાળ કરાળ;
અગ્નિ સમય કૂપ ખણવા આજે, ચેતન થયો ઉજમાળ;
લાગી ચારે મેરથી ઝાળ. .... અમે૦

---

૧ પૃથ્વિ પર. ૨ સુકાઇ ગયેલું. ૩ દુર્ગંધમય અશુચિવાળું.
૪ કેણુ=કહેલું.

ચેતવતા અહર્નિશ વ્યાખ્યાને, મુનિવર પરમ દયાળ;
મોહ વિવશ અજ્ઞાને ન માન્યું, છોડી નહિં જંજાળ;
વધારતા આળ પંપાળ .... અમે૦ ૫
ઇંદ્ર, ચંદ્ર, યોગેંદ્ર, કે ચક્રી, સંત જનો. ભૂપાળ;
શરમ નહિં ઘડીભર પણ તેની, અવધે ગ્રહે તત્કાળ;
જુએ નહિં કાળ અકાળ .... અમે૦ ૬
પંચેંદ્રિય સામગ્રી મળી સબ, વધતા પુણ્ય વિશાળ;
અમૂલ્ય સમય મળવો એ દુષ્કર, તત્ત્વ વૃત્તિએ નિહાળ;
અસ્થિર સંસારની જાળ .... અમે૦ ૭
સ્વપ્ન સમાન ક્ષણિક બાજીમાં, રંજ્યો અનંતા કાળ;
" દુર્લભ " નરભવ પામી ફરી ધ્યો, પાણી અગાઉથી પાળ;
નિવારવા દુઃખ અસુરાળ.... .... અમે૦ ૮

---

(૨૨) મધુબિન્દુ આસક્ત મુસાફરની અવદશા.

(રાગ કાફી.)

[૧]મુસાફર પંથ ભૂલેલો, ચડતા [૨]ભવકાંતાર; એ આંકણી.
પુંઠ પડયો મદ ઝરતો, [૩]હસ્તિ, નિરખતા તે વાર,
[૪]કૂપ અધોવચ્ચ વડ [૫]વડવાયે, ઉગરવા આધાર;
અહિ લટક્યો લાચાર. .... મુસાફર૦ ૧
કૂપ નજીક ગર્જારવ કરતો, મસ્તક હસ્તિ માર;
દૃષ્ટિ નીચે તરફ ફેરવતાં, અધવચ્ચ [૬]ફણીધર ચાર,
દિસે ભયભીત અપાર. .... મુસાફર૦ ૨

---

૧ મુસાફર રૂપ આત્મા. ૨ ભવાટવિ. ૩ હસ્તિરૂપ કાળ ૪ ભવરૂપ કુવો. ૫ વડવાઇરૂપ આયુષ્ય. ૬ ફણીધરચાર રૂપ ક્રોધ, માન, માયા, લોભ.

કૂપ તળે મુખ ફાડી રહેલા, [7]અજગર બે તૈયાર;
[8]શ્યામ સફેદ મુષક વડવાયનું, મૂળ ખણે તે વાર;
રહ્યો નહિં દુઃખનો પાર..... .... મુસાફર૦ ૩
હચમચાવી રહ્યો [9]વડવૃક્ષને, હસ્તિ કરે હુંકાર;
મધપુડો કુટચો તે પરનો, બિન્દુ પડયા તે વાર;
કપાળ થઈ મુખ [10]દ્વાર.... ... મુસાફર૦ ૪
લલચાયો [11]મધબિન્દુ માંહે, ભયનો ભૂલ્યો વિચાર;
ખરડાયો વળગી તવ અંગે, [12]મધમાખીની લાર;
ડંસથી પીડિત અપાર .... મુસાફર૦ ૫
પેખી પીડિત પંથી [13]વિદ્યાધર, કરવા તસ ઉદ્ધાર;
લાવી નજીક [14]વિમાન [15]વિનવંતા કરવા તે દુઃખપાર;
કરો નહિં [16]ડેર લગાર.... .... મુસાફર૦ ૬
મધબિન્દુ તૈયાર થયેલું, નિરખો એહ શ્રીકાર;
ઉભા રહો આવું ઝટ ચાટી, એમ થયું ત્રણવાર;
થયો નહિં તોય તૈયાર .... મુસાફર૦ ૭
વિદ્યાધર ઉપગારી મળે પણ, પંથી બેદરકાર;
"દુર્લભ" નરભવ મધબિન્દુમાં, હારી જાય [17]ગમાર;
પડે ભવ કૂપ મોઝાર .... મુસાફર૦ ૮

---

૭ અજગર બેરૂપ તિર્યંચ ને નારકી ગતિ. ૮—શ્યામ સફેદ મુષકરૂપ રાત્રિ દીવસ. ૯ વડવૃક્ષરૂપ સંસાર. ૧૦—મોઢામાં. ૧૧ મધબિંદુરૂપ વિષયવાસના. ૧૨ મધમાખીરૂપ કુટુમ્બ. ૧૩ વિદ્યાધરરૂપ મુનિ મહારાજ અને ઉપગારી સંત પુરૂષો. ૧૪ વિમાનરૂપ દેશવિરતિ અને સર્વ વિરતી ચારિત્ર=જે સંસારથી પાર પમાડવામાં જહાજ એટલે વ્હાણ રૂપ છે તે. ૧૫ વિનવતા એટલે ઉપદેશ આપતા. ૧૬ ડેર—વીલંબ. ૧૭ ગમાર એટલે અજ્ઞાની—અક્કલહીણ.

(૨૩) દોરંગી દુનિયા.

(રાગ-કાફી.)

દિસે સબ દુનિયા માંહે, દો દિસકા મિજબાન; (એ આંકણી)
ચાર ગતિમાં લાખ ચોરાશી, યોની દુ:ખની ખાણ;
નાટક પાત્ર રૂપે જગ જંતુ, કરતા કરમે પ્રયાણ;
ટકે નહિં નિશ્ચળ સ્થાન.... .... દિસે સબ૦ ૧
ચક્રી હરિ સંહારી રણમાં, લાખો જીવના પ્રાણ;
તાબે થયેલ તજી કર્યું આખર, પૃથ્વિ[1] પાપી પ્રયાણ,
રહી નહિં કાયમ આણ .... દિસે સબ૦ ૨
કોટયાધીશ કહેવાઇ જગતમાં, મેળવતાં બહુ માન;
ભોગ ભલા વિધવિધ ભોગવતા, ખાન પાન ગુલતાન;
સુતા સબ છોડી સ્મશાન.... .... દિસે સબ૦ ૩
કોણ સંબંધી કયા કયા ભવના, ઉનકા નાંહિં નિદાન;
આંખ મીંચાતા સુધી આ ભવના, સબંધ તણું રહે ભાન
બણ્યો સબ આત્મ સમાન.... .... દિસે સબ૦ ૪
રાય રંક શુરવીર કાયર કેઇ, નિર્ગુણી ગુણવાન;
રૂપ કદ્રુપ પામે કેઇ જગમાં, માન અને અપમાન;
અહો તસ ભેદનું ભાન .... દિસે સબ૦ ૫
પુદ્દગલ પીંજર માંહે રહીને, ચેતન બંદીવાન;
કાળ અનાદિ અભ્યાસે ભૂલેલો, નિજ દશાનું ભાન;
ધરત મિથ્યા અભિમાન .... દિસે સબ૦ ૬
દોરંગી દુનિયા મતલબકી, બાજી સ્વપ્ન સમાન;

---

[1] પાપી=નીચા.

એકાકિ આને જાનેકા, જન્મ મરણુ દોય સ્થાન;
એહો શુદ્ધ તત્ત્વનું જ્ઞાન .... દિસે સબ૦ ૭
રાગ દ્વેષ બંધન સંસારે, અહંમમ્ મુર્છા માન,
"દુર્લભ" નરભવ પામી ચલાવો, સમભાવે સુયાન;
મળે તવ અક્ષય સ્થાન .... દિસે સબ૦ ૮

---

(૨૪) સરસ્વતિ મહિમાષ્ટક.

(વસંતતિલકા વૃત્ત.)

વિદ્યા અમુલ્ય નર જન્મ તણો ખજાનો,
સંચેલ બાળ વયમાં સુધરે જમાનો
થાતા સુકાળ શુભ વર્ષ ગળે નિરાંતે,
વિદ્યા પઢેલ વય ગાળત પૂર્ણ ખાંતે ૧
વિદ્યા વડે વિનયવાડ વિશેષ વાધે,
ઉદ્યોગ વારી કરતાં નિજ અર્થ સાધે;
શોભે સભા'બિચ વધે વ્યવહારમાં તે,
વિદ્યા પઢેલ વય ગાળત પૂર્ણ ખાંતે ૨
વિદ્યા સુવેલ વધતાં સુખકીર્તિ વાધે,
જ્ઞાની જનો જગતમાં ત્રણ વર્ગ સાધે;
વિદ્યા વિના જનમ સર્વ વૃથા ગળાતે,
વિદ્યા પઢેલ વય ગાળત પૂર્ણ ખાંતે ૩
એલી કુલાય વસતે હમતો હવેલી,
તુ કાશિદા કરત કાગળ માન મેલી;
પ્રત્યુતરે કથત કાગળ શું કુલાતે,
વિદ્યા પઢેલ વય ગાળત પૂર્ણ ખાંતે. ૪

શોભે પ્રિયા અહત[1] કંથતણી કમાણી,
નેતો જણાય [2]કર [3]નાથ ધરેલ શાણી;
શોભા થહેલ અમ કાગળની [4]રૂપાતે.
વિદ્યા પઢેલ વય ગાળત પૂર્ણ ખાંતે. ૫

વિદ્વાન પુત્ર તસ તાત કમાય શાને,
સોંપેલ દ્રવ્ય ઉપયોગ ન મૂરખાને;
વિદ્યાકળા નિપુણતા ધર પુત્રમાં તે.
વિદ્યા પઢેલ વય ગાળત પૂર્ણ ખાંતે. ૬

વિદ્યા પઢી લઘુ વયે વ્યવહાર સાધે,
જે'તા હદે વિનયધર્મ સુકાર્ય વાધે,
જાણો પઢેલ જગમાં જન તેહ જાતે,
વિદ્યા પઢેલ વય ગાળત પૂર્ણ ખાંતે. ૭

શોભા કળા વિવિધ દેશ તણી જણાયે,
વિદ્યા પ્રતાપ સર્વ સ્થળમાં ગણાયે;
વિદ્યાવડે સફળ "દુર્લભ" જન્મ થાતે,
વિદ્યા પઢેલ વય ગાળત પૂર્ણ ખાંતે. ૮

---

(૨૫) અભાવ અષ્ટક.

(સવૈયા-એકત્રિશા.)

કામીને મન શિયળ રત્નની, કિમ્મત કો ક્યાંથી અંકાય,
તસ્કરને જે ન્યાય પંથની, મહુના શું અંતરમાં થાય;

---

૧ કંથ=પુરૂષ કામળ નરમાંન છે. ૨ કર=હાથ. ૩ નાથ=ધણી
૪ રૂપાત=પરદેશભાગનો. કાગળ જો સારા રાખે તોજ ઓપણીમાં રૂપીયા હોય.

અસ્થિર સુખ આસક્ત ન જાણે, શાશ્વત સુખ માંહે શું લ્હાવ,
ઉપયોગી ન જણાય તેહને, જેના મનમાં જેહ અભાવ. ૧

વેશ્યા કે પરદારા જગમાં, અધિક રૂપાળી જેહ કળાય,
સુશીલ જનો સહુ તુચ્છ જાણતા, અંતર અંશ નહિં ડોળાય;
નિતિવાન નિર્માલ્ય જાણતા, અમૂલ્ય ચીજ અથડાતા [1]પાવ,
ઉપયોગી ન જણાય તેહને, જેના મનમાં જેહ અભાવ. ૨

ગુણ સમૂહ દેખીને લાગે, દ્વેષીના અંતરમાં લ્હાય,
હિંસકને મન દયા ભાવનો, અનુભવ કો ક્યાંથી અંકાય;
મોહ પરાસ્ત થયેલ ન જાણે, કેવો જગમાં ધર્મપ્રભાવ,
ઉપયોગી ન જણાય તેહને, જેના મનમાં જેહ અભાવ. ૩

દ્રવ્યતણાં અર્થીને દિલમાં, [2]દુહિતાની શું આવે દાઝ,
વૃદ્ધ વયે વરનાર ન જાણે, નિન્દે લોકો એક અવાજ;
[3]અપરમાત ને બાળ પ્રેમનો, અંતરમાં શું થાય જમાવ,
ઉપયોગી ન જણાય તેહને, જેના મનમાં જેહ અભાવ. ૪

કૃપણ ન જાણે દાન પ્રભાને, સ્વાર્થઅંધ મન શું ઉપકાર,
મૃષાવાદી દિલ સત્ય ગુણનો, થાય કહો ક્યાંથી સત્કાર;
ભોગીને મન ત્યાગ વૃત્તિનો, રૂચે નહિ સુન્દર પ્રસ્તાવ,
ઉપયોગી ન જણાય તેહને, જેના મનમાં જેહ અભાવ. ૫

દાતાને સંચય કરવાનો, અંતરમાં વાધે નહિ પ્રેમ,
પર ઉપકાર પરાયણ જનને, સ્વાર્થ ઠગાવા ફાવે કેમ;
પૃથક પૃથક અવલોકો સર્વે, સૃષ્ટિમાં એ સર્વ બનાવ,
ઉપયોગી ન જણાય તેહને, જેના મનમાં જેહ અભાવ. ૬

વિવિધ વૈભવો પુષ્કળ જગમાં, ત્યાગીને મન તુચ્છ જણાય,

૧ પાવ=પગે. ૨ દુહિતા=દીકરી. ૩ અપરમાત=ઓરમાન માતા.

રાજ્ય ગાદી પણ નિરૂપયોગી, ભર્તૃહરિને દિલ ગણાય;
જેમાંથી ઉઠે જેનું મન, તે વિણ તેને નહિં અટકાવ,
ઉપયોગી ન જણાય તેહને, જેના મનમાં જેહ અભાવ. ૭
[1]આભૂષણ અતિ હોય ઓપતા, લક્ષ મૂલ જેનું અંકાય,
શાલ દુશાલા માલ મશાલાની, કિમ્મત [2]મુનિ મન શું થાય,
"દુર્લભ" તત્વ ગ્રહે જ્ઞાનીજન, મૂંઢમરાયે મોહ પ્રભાવ,
ઉપયોગી ન જણાય તેહને, જેના મનમાં જેહ અભાવ. ૮

---

(૨૬) 'સંતોષ'

(ભુજંગ પ્રયાત છંદ.)

ટળે તાપ સંતાપ તૃષ્ણા નિવારે, ધરે સત્યના પંથમાં ને સુધારે;
ખરા લાભને લક્ષમાં લાવનારો, ખરેખાત એ શ્રેષ્ઠ સંતોષ ધારો. ૧
દબાણો અને હિંસતા દોષ ટાળે, હરે રોષને રૌદ્રતા ધ્યાન બાળે;
ધરાવે નહિં દુઃખમાં હે મુંઝારો, ખરેખાત એ શ્રેષ્ઠ સંતોષ ધારો. ૨
મળે સાધનો મોજ તેમાં મણાવે, સદા શાન્તિના પાઠ પ્રેમે ભણાવે;
નથી લુંટતો લોભ જેથી ઠગારો, ખરેખાત એ શ્રેષ્ઠ સંતોષ ધારો. ૩
ખરા સુખમાં જીંદગાની ગળાવે, ભલા ન્યાયના પંથને જ્યે પળાવે;
કુડા કૃત્યને મૂળથી બાળનારો, ખરેખાત એ શ્રેષ્ઠ સંતોષ ધારો. ૪
મળે વૈભવો રાજ્ય સંતાન માયા, મળે પુન્યથી સૃષ્ટિમાં શ્રેષ્ઠ કાયા;
સુખી તે ન સંતોષ [3]પાંખે વિચારો, ખરેખાત એ શ્રેષ્ઠ સંતોષ ધારો. ૫
મહામોહ માયા મમત્વો નિવારે, સુખી રાખતા વિશ્વથી જેહ તારે;
ખરા [4]શત્રુને ખંતથી ટાળનારો, ખરેખાત એ શ્રેષ્ઠ સંતોષ ધારો. ૬

---

૧ આભૂષણ=અલંકાર ઘરેણા ગાંઠા. ૨ મુનિ=સંત સાધુ, ત્યાગ પુરુષો.
૩=પખે=વિના. ૪ શત્રુ=અંતર શત્રુ જે ખાસ આત્મહિતલુંટનારા તે.

રહે ચિત્તમાં જે સદા શાંતિવાળો, થનારો ન તે કોયનો ઓશિયાળો;
રહે શોક ચિન્તા થકી નિત્ય ન્યારો, ખરેખાત એ શ્રેષ્ટ સંતોષ ધારો. ૭
હજારો થતાં લાખનો લોભ લાગે, વધારી વધી જાય તૃષ્ણા ન ભાંગે
કહે "દુર્લભ" ત્યાગવા દુર્વિચારો, ખરેખાતએ શ્રેષ્ટ સંતોષ ધારો. ૮

---

(૨૭) સ્વાર્થ અંધના લક્ષણો.

(સવૈયા–એકત્રીશા.)

ભરે પેટ મન માન્યે ભાણે, અવતરણો નહિં અંશ ઉચાટ,
મુગ્ધલોક સ્નેહી સુધાંતનું, વિત હરવા ઘડતા નિત્ય ઘાટ;
ભીતી અંશ નહિં પરભવની, હરખાતા કરીને અન્યાય,
મતિ કુકર્મ કેળવવા ચાહે, સ્વાર્થ અંધ જન તેહ ગણાય. ૧
[1]શકટ તળે રહી શ્વાન કુલાતા, જાણ્યે હું જ ઉપાડું ભાર,
સ્વાર્થ અંધને સ્વલ્પ શક્તિમાં, વાધે અંતર એહ વિચાર;
વડિલ તણો ઉપકાર વિસારે, રમે [2]સહોદરથી જુદાય,
મતિ કુકર્મ કેળવવા ચાહે, સ્વાર્થ અંધ જન તેહ ગણાય. ૨
આણરૂ લાખની રાખ કલંકિત, કુળ દુરાચરણે કરનાર,
કલેષી કદાગ્રહિ હોય હઠિલા, અંતર દ્વેષ અતિ ધરનાર;
દોષ કબૂલ કરે નહિં કાયમ, અણુખપતા ખાંતેથી ખાય,
મતિ કુકર્મ કેળવવા ચાહે, સ્વાર્થ અંધ જન તેહ ગણાય. ૩
આત્મહિત શિક્ષાને કહિયે, અંતરમાં આપે નહિં સ્થાન,
સ્વપ્ન સમાન ક્ષણિક સુખોમાં, રાચીને થાતા હેરાન;
સ્વેચ્છાચારી આપ મતિલા, અર્ધદગ્ધ જ્ઞાને છલકાય,
મતિ કુકર્મ કેળવવા ચાહે, સ્વાર્થ અંધ જન તેહ ગણાય. ૪

૧=શકટ=ગાડું. ૨=સહોદર=એકજ કુક્ષીથી ઉત્પન્ન થયેલ ભાંડરડા–ભાયુ.

અલ્પ લાભ માટે પોતાનો, અવર તણું બુરૂં દિલ ચ્હાય,
કરિ કુકૃત્ય ઓઠાંડે પરને, અંતરમાં એવી હલકાય;
સત્ય છુપાયું રહે નહિં આખર, પાપી પાપ વડે બંધાય,
મતિ કુકર્મ કેળવવા ચાહે, સ્વાર્થ અંધ જન તેહ ગણાય. ૫

લજવાયે નહિં લેશ દિલમાં, અજ્ઞાને ધરતાં અતિ ગર્વ,
રહી મોહ માયા વશ પામર, અમૂલ્ય સમય ગુમાવે સર્વ;
કર્મ કઠિન ભારે ભરી ચેતન, દુર્ધ્યાને દુર્ગતિ લહિ જાય,
મતિ કુકર્મ કેળવવા ચાહે, સ્વાર્થ અંધ જન તેહ ગણાય. ૬

જેમ ઝાંઝવાના જળ ઉપર, જાતા મૃગલા થાય નિરાશ,
તેમ સાધ્યહિણુ ફાંફાં મારી, સફળ કરે ક્યાંથી મન આશ;
વિત અન્યાય ટકે નહિ કરમાં, લૂણ ધરાને તાણી જાય,
મતિ કુકર્મ કેળવવા ચાહે, સ્વાર્થ અંધજન તેહ ગણાય. ૭

ક્યાંથી આવ્યા ? ક્યાં જવાનું ? અહિંયા ક્યાં સુધી વિશ્રામ,
તત્ત્વ વિચાર વિના ચેતન એ, ક્યાંથી ઠરશે નિશ્ચળ ઠામ;
" દુર્લભ " નરભવ પામી એહ, વિચાર અભાવે હારી જાય,
મતિ કુકર્મ કેળવવા ચાહે, સ્વાર્થ અંધ જન તેહ ગણાય. ૮

---

(૨૮) પરમાર્થવૃત્તિ.

(હરિગીત છંદ.)

સ્નેહ સંબંધી કીર્તિ ખાતર, કેઈક તો ખુશામતે,
કેઈક અભિમાને ફુલાવ્યા, કેઈક કરતા ગ્હેલામતે;
કેઈક દબાણે નામ ખાતર, કાર્ય પરમારથ કરે,
નિઃસ્વાર્થ વૃત્તિ વડે સદા, વિરલા જનો અંતર ધરે; ૧

રહે ચિત્તમાં જે સદા શાંતિવાળો, થનારો ન તે કોયનો ઓશિયાળો;
રહે શોક ચિન્તા થકી નિત્ય ન્યારો, ખરેખાત એ શ્રેષ્ટ સંતોષ ધારો. ૭
હજારો થતાં લાખનો લોભ લાગે, વધારી વધી જાય તૃષ્ણા ન ભાંગે
કહે "દુર્લભ" ત્યાગવા દુર્વિચારો, ખરેખાતએ શ્રેષ્ટ સંતોષ ધારો. ૮

---

(૨૭) સ્વાર્થ અંધના લક્ષણો.

(સવૈયા–એકત્રીશા.)

ભરે પેટ મન માન્યે ભાણે, અવતરણે નહિં અંશ ઉચાટ,
સુખસોક સ્નેહી સુધાંત્તનું, વિત હરવા ઘડતા નિત્ય ઘાટ;
બીતી અંશ નહિં પરભવની, હરણાતા કરીને અન્યાય,
મતિ કુકર્મ કેળવવા ચાહે, સ્વાર્થ અંધ જન તેહ ગણાય. ૧
[1]શકટ તળે રહી શ્વાન કુલાતા, જાણે હું જ ઉપાડું ભાર,
સ્વાર્થ અંધને સ્વલ્પ શક્તિમાં, વાધે અંતર એહ વિચાર;
વડિલ તણો ઉપકાર વિસારે, રમે [2]અહંકારથી જુદાય,
મતિ કુકર્મ કેળવવા ચાહે, સ્વાર્થ અંધ જન તેહ ગણાય. ૨
આગર લાખની રાખ કલંકિત, કુળ દુરાચરણે કરનાર,
કલેષી કદાચહિ હોય હઠિલા, અંતર દ્વેષ અતિ ધરનાર;
દોષ કબૂલ કરે નહિં કાયમ, આગ્રહના ખાંતેથી ખાય,
મતિ કુકર્મ કેળવવા ચાહે, સ્વાર્થ અંધ જન તેહ ગણાય. ૩
આત્મહિત શિક્ષાને કહિયે, અંતરમાં આપે નહિં સ્થાન,
સ્વર્ગ સમાન સુખિક સુખમાં, ધરીને થાતા હેરાન;
સ્વેચ્છાચારી આપ મતિલા, અર્થ સ્વાર્થ જાને હલકાય,
મતિ કુકર્મ કેળવવા ચાહે, સ્વાર્થ અંધ જન તેહ ગણાય. ૪

૧ શકટ–ગાડું. ૨ અહંકાર–અભિમાન [illegible]

તે સૃષ્ટિમાં તરૂવર અને, તિર્યંચથી હલકા ઠરે,
નિઃસ્વાર્થ વૃત્તિ વડે સદા, વિરલા જનો અંત્તર ધરે. ૭
જ્હાલું જણાયે આપને, તે સર્વ માટે ધારજો,
મન, વચન, કાય, ત્રિયોગ, સંભાળ આપવા વિચારજો;
"દુર્લભ" ખરો પુરૂષાર્થ તે, પરમાર્થ સ્વાર્થ વિના કરે,
નિઃસ્વાર્થ વૃત્તિ વડે સદા, વિરલા જનો અંત્તર ધરે. ૮

---

(૨૯) માનસિક ફરજ.

(સવૈયા–એકત્રીશા)

કાળ અનંતા ફરતા પામ્યો, સબળ પુન્ય માનવનો દેહ,
દસ દ્રષ્ટાંતે મળવો દુષ્કર, વખત મળ્યો પિછાનો તેહ;
કાળ અનાદિ ક્ષણિક સુખમાં, રઝળેલો તે જાણી તમામ,
જન્મ મરણ દુઃખ દળવા ચેતન, કર સૃષ્ટિ માંહે શુભ કામ. ૧
લક્ષ્મી, ધરા, જોબન, રાગાના, સ્વારથ માંહે મસ્ત બનેલ,
ચાર ગતિમાં નાટક પાત્ર રૂપે, ચેતન ખેલ્યા બહુ ખેલ;
અહંમમ મૂર્છા વશ અવનિમાં, હસ્ત કરી નહિ તત્ત્વ લગામ,
જન્મ મરણ દુઃખ દળવા ચેતન, કર સૃષ્ટિ માંહે શુભ કામ. ૨
સંસારે આ ભવના સુખમાં, આગવડતા નાખે જન જેહ,
વૈર વિરોધ વસાવે પુરણ, સંપુરણ દેવા તસ છેહ;
શાશ્વત સુખ લૂંટે અંતર રહી, તેહ હઠાવા હારે હામ,
જન્મ મરણ દુઃખ દળવા ચેતન, કર સૃષ્ટિ માંહે શુભ કામ. ૩
હિત અહિત સુખ દુઃખના મોજા, માંહે ચડતા ભરતી ઓટ,
અજ્ઞાને સુંતય મોહ વશ, આત્મહિતમાં લાવે ખોટ;

હીણુતા લગાડે કુળમાં, તે કાર્ય કાંઇ નહિ કામના,
પ્રાણાંત કષ્ટ ભલું, કનિષ્ટ બૂરી ન કાઢો નામના. ૧
ઠગ સોબતે રહી સજ્જને, પડવું ઉચિત નહિ વાદમાં,
દિન દોહિલા ગુમાવવા, તેથી ભલા રહી રાનમાં;
પરનારી વેશ્યાધીનના, પુરૂષાતનો શા કામના ?
પ્રાણાંત કષ્ટ ભલું, કનિષ્ટ બૂરી ન કાઢો નામના. ૨
સજ્જન સુજ્ઞાની સંગતે, સદ્ગુણ મેળવીએ સદા,
કુસોબતે ઢંગ ધૂર્ત્તના, ધરવા નહિ ધારો કદા;
લાયક ગણે નહિ લોક તે, જીવ્યા કહો શું કામના ?
પ્રાણાંત કષ્ટ ભલું, કનિષ્ટ બૂરી ન કાઢો નામના. ૩
નારી તણે મન નાથ ગમતો, નાથને મન કામની,
જોડી બરાબર જ્યાં મળેલી, સ્થિતિ ત્યાં વિશ્રામની;
વિક્રય વધેલા દેશમાં, બે હાલ ઝાઝા ભાગના,
પ્રાણાંત કષ્ટ ભલું કનિષ્ટ, બૂરી ન કાઢો નામના. ૪
કદિ કુશળક્ષેમ અને કદિ, પડતી દશા નિહાળતા,
સંભળાવી દૃઢ નિશ્ચયે, શુભ અશુભ કર્મ વિશાળતા,
રતિ અરતિ વશ છંડે ફરજ, તે શત્રુ આતમારામના,
પ્રાણાંત કષ્ટ ભલું કનિષ્ટ, બૂરી ન કાઢો નામના. ૫
ગ્રહ કુટુંબનું દારિદ્રતા વશ, દ્રવ્ય દિલ હરવા ચહે,
ઉત્કૃષ્ટતા હેતુ સજ્જનની, દેખતાં અંતર દહે;
તેવા જનો આ સૃષ્ટિમાં, ગણ ભારભૂત તમામના,
પ્રાણાંત કષ્ટ ભલું કનિષ્ટ, બૂરી ન કાઢો નામના. ૬
- .ણઉનતીમાં વસવું નહિ, સંતાપ પૂરણ પામીએ,
[illegible]નિમાં ટકવું ભલું નહિ, જઈ વિદેશ વિરામીએ;

વધતો કુટુંબ કલેશ ત્યાં, સાંસાં પડે શુભ કામના,
પ્રાણાંત કષ્ટ ભલું કનિષ્ટ, ભૂરી ન કાઢો ન નામના. ૭
બળવાનથી બથ બીડતા, આવક વિના ધન ખરચતા,
સાહસ કરી મતિહીણુ જન, આખર જુઓ ખાયે ખત્તા;
" દુર્લભ " ગુણો પંકાય તે, જગમાંય છઆ કામના,
પ્રાણાંત કષ્ટ ભલું કનિષ્ટ, ભૂરી ન કાઢો નામના. ૮

---

(૩૨) સુખી દુઃખી જીવતર.

(વસંતતિલકા-વૃત્ત)

સુખી જીવતર.

આરોગ્યતા તન વિષે અતિશે પડેલા,
પુત્રો વિનીત પર આશ્રતજી રહેલા;
વાચા મધુર વદતી ગ્રહિણી સુશીલા,
પામેલ તેહ જગમા સુખ પૂર્ણ લીલા. ૧
કોડી તણુ કરજ મસ્તક ના ધરાવે,
સંતોષ ચિત્ત હરરોજ રહે સ્વભાવે,
જેન વિશેષ જગમ. જન છે વસીલા,
પામેલ તેહ જગમાં સુખ પૂર્ણ લીલા ૨
જોડેલ સંગ શુભ સજ્જનના વધારે,
મિથ્યાભિમાન મનન ન ધરે લગારે
ઉદ્યોગમા અનિ મર્યાદ પડે ન ઢીલા,
પામેલ તેહ જગમા સુખ પૂર્ણ લીલા ૩

હીણુતા લગાડે કુળમાં, તે કાર્ય કાંઇ નહિ કામના,
પ્રાણુંત કષ્ટ ભલું, કનિષ્ટ બૂરી ન કાઢો નામના. ૧
ઠગ સોબતે રહી સજ્જને, પડવું ઉચિત નહિ વાદમાં,
દિન દોહિલા ગુમાવવા, તેથી ભલા રહી રાનમાં;
પરનારી વેશ્યાધીનના, પુરૂષાતનો શા કામના ?
પ્રાણુંત કષ્ટ ભલું, કનિષ્ટ બૂરી ન કાઢો નામના. ૨
સજ્જન સુજ્ઞાની સંગતે, સદ્‌ગુણ મેળવીએ સદા,
કુસોબતે ઢંગ ધૂર્તના, ધરવા નહિ ધારો કદા;
લાયક ગણે નહિ લોક તે, જીવ્યા કહો શું કામના ?
પ્રાણુંત કષ્ટ ભલું, કનિષ્ટ બૂરી ન કાઢો નામના. ૩
નારી તણે મન નાથ ગમતો, નાથને મન કામની,
જોડી બરાબર જ્યાં મળેલી, સ્થિતિ ત્યાં વિશ્રામની;
વિક્રય વધેલા દેશમાં, બે હાલ ઝાઝા ભાગના,
પ્રાણુંત કષ્ટ ભલું કનિષ્ટ, બૂરી ન કાઢો નામના. ૪
કદિ કુશળક્ષેમ અને કદિ, પડતી દશા નિહાળતા,
સંભળાવી દૃઢ નિશ્ચયે, શુભ અશુભ કર્મ વિશાળતા,
રતિ અરતિ વશ છંડે ફરજ, તે શત્રુ આતમારામના,
પ્રાણુંત કષ્ટ ભલું કનિષ્ટ, બૂરી ન કાઢો નામના. ૫
ગ્રહ કુટુંબનું દારિદ્રતા વશ, દ્રવ્ય દિલ હરવા ચહે,
ઉત્કૃષ્ટતા હેતુ સજ્જનની, દેખતાં અંતર દહે;
તેવા જનો આ સૃષ્ટિમાં, ગણુ ભારભૂત તમામના,
પ્રાણુંત કષ્ટ ભલું કનિષ્ટ, બૂરી ન કાઢો નામના. ૬
અણુબનતીમાં વસવું નહિ, સંતાપ પૂરણુ પામીએ,
દુર્ધ્યાનમાં ટકવું ભલું નહિ, જઈ વિદેશ વિરામીએ;

વધતો કુટુંબ કલેશ ત્યાં, સાંસાં પડે શુભ કામના,
પ્રાણાંત કષ્ટ ભલું કનિષ્ટ, ણુરી ન કાઢો ન નામના. ૭
બળવાનથી બાથ ભીડતા, આવક વિના ધન ખરચતા,
સાહસ કરી મતિહીણુ જન, આખર જુઓ ખાયે ખત્તા;
" દુર્લભ " ગુણો પંકાય તે, જગમાંય જીવ્યા કામના,
પ્રાણાંત કષ્ટ ભલું કનિષ્ટ, ણુરી ન કાઢો નામના. ૮

---

(૩૨) સુખી દુઃખી જીવતર.

(વસંતતિલકા-વૃત્ત.)

સુખી જીવતર.

આરોગ્યતા તન વિષે અતિશે પડેલા,
પુત્રો વિનીત પર આશતજી રહેલા;
વાચા મધુર વદતી ગૃહિણી સુશીલા,
પાંમેલ તેહ જગમાં સુખ પૂર્ણ લીલા. ૧

કોડી તણું કરજ મસ્તક ના ધરાવે,
સંતોષ ચિત્ત હરરોજ રહે સ્વભાવે;
જેને વિશેષ જગમાં જન છે વસીલા,
પામેલ તેહ જગમાં સુખ પૂર્ણ લીલા. ૨

જોડેલ સંગ શુભ સજ્જનનો વધારે,
મિથ્યાભિમાન મનમાં ન ધરે લગારે.
ઉદ્યોગમાં અતિ પ્રવીણુ પડે ન ઢીલા,
પામેલ તેહ જગમાં સુખ પૂર્ણ લીલા. ૩

વાધે સુવેલ સમ સંપ કુટુંબ વર્ગે,
તે જાણુવા વીણુપ્રસંગ[1] વસેલ [2]સ્વર્ગે;
પાળે સુપ્રેમ પરદુ:ખ દળે રસીલા,
પામેલ તેહ જગમાં સુખ પૂર્ણ લીલા. ૪

દુ:ખી જીવતર.

વ્યાધિ રહે તન વિષે વ્યસને વધેલા,
વ્હાલો કલેશ ગ્રહિણી પણ તે વરેલા;
અભ્યાસ બાળ વયમાં ન કરેલ પેલા,
તેવા જનો સમજ દુ:ખ વિષે ડુબેલા. ૫
જેને કલેશ ઘડીયે ઘરમાં ન છાંડે,
પુત્રી થયેલ વય બાળ વિષેજ રાંડે;
પુત્રો કુપાત્ર સહુ આણ તજી રહેલા,
તેવા જનો સમજ દુ:ખ વિષે ડુબેલા. ૬
વાસો કુસંપ કરિ રે'ય કુટુંબ માંહે,
તૃષ્ણા વધેલ મન શત્રુ વિશેષ વાંહે[3]
છંડે નહીં હઠ કદાગ્રહમાં પડેલા,
તેવા જનો સમજ દુ:ખ વિષે ડુબેલા. ૭
ઘેરેલ પૂર્ણ કરજે પરમાદ અંગે,
તે વેઠતા નરક દુ:ખ વિના પ્રસંગે;[4]
દૈવે પ્રપંચ સહુ " દુર્લભ " એ રચેલા,
તેવા જનો સમજ દુ:ખ વિષે ડુબેલા. ૮

૧=પ્રસંગ પડ્યા વિના પણ. ૨=દેવલોકે. ૩=પછવાડે પુઠે. ૪=પ્રાપ્ત થયા પણ.

(૩૩) સજ્જનતા વિષે.

(સવૈયા-એકત્રીશા.)

હોય સત્તામાં સર્વ થકી પણ, ગુણતણો નહિ જેને ગર્વ,
મધુર વચન વદતા સુખ કાયમ, ચતુર થઈ ચાખે ફળ સર્વ;
દિર્ઘ વિચાર પૂર્વક કીધેલા, કાર્ય સદા જેના વખણાય,
વર્તન શુભ ધરિ વય ગાળે, સજ્જન તે જગમાં કહેવાય. ૧

ઝેર જરાય ધરે નહિ છીલે, વેડું વસાવે નહિ જે વેર,
અકળ કળા ધારે અંતરમાં, ચાહે સહુને રૂડી પેર;
જેમ જેમ વધતા જાયે ત્યમ, લઘુતા વાધે અંતરમાંય,
વર્તન શુભ ધીર વય ગાળે, સજ્જન તે જગમાં કહેવાય. ૨

વિદ્યા વાણી વિત્ત સંપદ્યા, હોયે સજ્જન નરને જેહ,
વાવરતા વિવેક સહિત શુભ, સ્થળ લાગેલો જેને નેહ;
દુર્જન હસ્ત જતાં જગમાં, ઉપયોગ જેહનો અવળો થાય,
વર્તન શુભ ધરી વય ગાળે, સજ્જન તે જગમાં કહેવાય. ૩

મર્યાદા મૂકે નહિ લડતાં, સજ્જનતા અંતરજો હોય,
ફુળવાન સ્ત્રીનું હસવું ત્યમ, નિરખો કાયમ હોઠે હોય;
સજ્જનને સંતાપી આખર, હલકા જન હાથે પસ્તાય,
વર્તન શુભ ધરિ વય ગાળે, સજ્જન તે જગમાં કહેવાય. ૪

સજ્જન જન સ્નેહી સરવેના, દુષ્ટ તણું મન લાગે કાળ,
જગત ચક્ષુ રવિ જાણ જગતમાં, ઘૂડ તણું ગનતે વિકરાળ;
હરકત કોઈ કરે સજ્જનને ક્લેશ નહિં ધરતા મનમાંય,
વર્તન શુભ ધરિ વય ગાળે, સજ્જન તે જગમાં કહેવાય. ૫

તરૂવર પાર વિનાના જગમાં, પણ સુરતરૂ ભાગ્યે ભેટાય,
હીરા હોય હજારો સ્થળમાં, કોહીનૂર તો ક્યાંક કળાય;

[illegible] જગજાહેરાતી પણ, નિશદિન જગતો [illegible] જણાય,
વર્ણન શુભ એવી જગ ગાજે, સજ્જન તે જગમાં કહેવાય. ૬
[illegible] [illegible] જગમાં, પામત કૈક [illegible] મૂલ,
[illegible] નહિં જે, [illegible] ન [illegible] તુલ;
[illegible] [illegible] ન [illegible] પણ, [illegible] આધિન જણાય,
વર્ણન શુભ એવી જગ ગાજે, સજ્જન તે જગમાં કહેવાય. ૭
[illegible] [illegible] [illegible], [illegible] [illegible] થાય,
[illegible] નહિં [illegible], [illegible] જનોને [illegible] [illegible],
" [illegible] " [illegible] [illegible] નિત્ય, [illegible] [illegible] [illegible],
વર્ણન શુભ એવી જગ ગાજે, સજ્જન તે જગમાં કહેવાય. ૮

---

(૬૪) વૈરાગ્ય બોધક અષ્ટક

(હરિગીત છંદ)

[illegible]
[illegible]
[illegible]
[illegible] ૧

[illegible]
[illegible]
[illegible]
[illegible] ૨

[illegible]
[illegible]

કરી સ્વજનની આજીવિકાની, કેટલી ચિન્તા અરે,
ચેતી લહે જાવું નકી, એક દિન તારે આખરે. ૩
હિત કે અહિત કરે ન કોઇ, દિન સુખે તું કેમ રહે,
આરંભ બહુવિધ જે કરી, ધન મેળવ્યું સ્વજનો લહે;
આખર બધું ફળ ભોગવે તું, એકલો જ્યાં જઇ ચડે,
ચેતી લહે જાવું નકી, એક દિન તારે આખરે. ૪
આ આર્ય ભૂમિ ધર્મ ઉત્તમ, મનુષ ભવ પુન્યે મળ્યો,
ઇંદ્રિય પુરણ ગુરૂ યોગ પામી, જો વિચારી શું રળ્યો;
ચિન્તામણી હાથે ચડેલો, વખત પાછો ક્યાં જડે,
ચેતી લહે જાવું નકી, એક દિન તારે આખરે. ૫
તરૂવાસી પંખી પંથીમેળા, સમ બધી મુસાફરી,
નહિ કોઇ કાયમ જગતમાં, નકી જાણુ હેતુ કે અરી;
તજી રાગ રોષ કષાય સમતા, પંથ પડિયે પાધરે,
ચેતી લહે જાવું નકી, એક દિન તારે આખરે. ૬
જાશે જુવાની પુર ઇંદ્રિયો, શિથિલતા પામશે,
વૃદ્ધ વય વિષે વ્યાધિ અનંતા, મૃત્યુ સન્મુખ આવશે;
પછી અગ્નિ વેળા કૂપ ખણવા, રૂપ પસ્તાવો કરે,
ચેતી લહે જાવું નકી, એક દિન તારે આખરે. ૭
તૃણવત્ તજી ખટ ખંડ લહી, વૈરાગ્યને મુકિત વર્યા,
તીર્થંકરો સિદ્ધ મુનિવરાદિ, શાશ્વતા સુખો વર્યા;
એ માર્ગ " દુર્લભ " ફેરવ્યો, પુરૂષાર્થ તે લીધો નરે,
ચેતી લહે જાવું નકી, એક દિન તારે આખરે. ૮

(૩૫) વ્યભિચાર દોષ.

(પુનમ ચાંદની પુરી ખીલી અહીંરે—એ રાગ.)

ડરતા રહેવું આત્મખપી જીવે વ્યભિચારથીરે,
કાગવૃત્તિ સેવ્યાથી કીર્તિ કાળી થાય;
સમજુ જન ચાહે નહિ ચિત્ત કદિ વ્યભિચારનેરે.
દોષ વ્યભિચારે વાધે અનર્થ સંસારમાંરે,
તન, ધન, જોબન, લજ્જા, આત્મહિત, લૂંટાય. સમજુ૦ એ ટેક.

સાખી૦

કાગ સરોવર જળ તજી, ઇચ્છે ઘટ જળ જેમ;
નિજ નારી છંડી ફરે, વ્યભિચારી પણ તેમ.
સાકર દ્રાક્ષ અને મેવા મીઠાઇ નજીકમાંરે,
તો પણ કાગવૃત્તિ વિષ્ટામાંહે લલચાય. સમજુ૦ ૧

સાખી૦

ગુપ્ત રોગ વાધે ઘણા, આખર પામે છેહ;
રૌદ્રધ્યાન ચિન્તાવડે, નિત્ય પ્રજાળે દેહ.
કષ્ટ અનંતા વેઠી અંગે, લાજ ગુમાવતા રે
કંઇક અકાળે મરીને નરક અતિથી થાય. સમજુ૦ ૨

સાખી૦

ગર્થ ગુમાવે ગાંઠનો, દુશ્મન વધતા જાય,
હલકા જન વ્યભિચારીને, અંતે ફોલી ખાય.
થાય પરાધીનતા એ દોષે પૂરણ દિલમાં રે,
સ્નેહી મિત્ર સજ્જનનો, બોધ અલેખે જાય. સમજુ૦ ૩

સાખી૦

અશુચિ ભાવ અંતરતણો, નિરખે ક્યાંથી અંધ;
દ્વાદશ દ્વાર સ્ત્રી, પુરૂષ નવ—દ્વારે વહે દુરગંધ.

વહેતી નગરખાળ પરે નિરખો નિત્ય નેત્રથી રે,
બાહ્ય રૂપાંતરમાં ચેતન ફોગટ લલચાય. સમજુ૦ ૪

સાખી૦

અમૂલ્ય વખત જુવાનીના, મદમાં ચાલ્યો જાય;
પાણી પહેલાં બાંધવી, પાળ નકી સુખદાય.
સ્વપ્ન સમાન ક્ષણિક સુખોમાં ચેતન રાચતો રે
જાયે[1] દીપ તેજ પતંગ પરે ઝંપલાય..... .... સમજુ૦ ૫

સાખી૦

દિર્ઘકાળથી વડીલની, ખ્યાતિ ખુબ જામેલ;
શ્યામ થાય કુળ પાકતાં, સુત માંડી વાળેલ.
વ્યભિચારીનું જીવન શ્વાન તુલ્ય સંસારમાં રે,
જેના વશ લાગે સદ્ગુણ સર્વમાં [2]લાય. સમજુ૦ ૬

સાખી૦

રત્ન ચિંતામણી કર ચડયો, પૂરવ પૂન્ય વિચાર;
દશ દષ્ટાંતે દોહિલો, ઉત્તમ નર અવતાર,
કાળ અનાદિ જન્મ મરણનાં દુઃખ નિવારીએ રે,
અનંગ ક્રીડામાં શાશ્વત આત્મહિત લૂંટાય. સમજુ૦ ૭

સાખી૦

તૃષ્ણા ઇંદ્રિય વશ ભમ્યો, ચેતન [3]ભવકાંતાર;
દેવ મનુષ્ય તિર્યંચના, સેવ્યા વિષય વિકાર.
અગ્નિ સમય કુપ ખણવારૂપ પસ્તાવો આખરે રે,
"દુર્લભ" નરભવ એળે જાર કરમથી જાય. સમજુ૦ ૮

૧-દીપ-દીવામાં ૨-લાય અગ્નિ. ૩-ભવાટવિ.

(૩૬) ભંવઅટન.

(શિખરણી છંદ)

વિનાશી કાયાનો, બહુ વખત વિશ્વાસ કરતા,
ફસાયો માયાને, વિષય સુખમાં ચિત્ત ઠરતા;
કમાઇ ત્યાગેલા, પરિગ્રહ તણો ખાસ રસીયો,
અરેરે એ અંધા, ભવજલધિ માંહે ભટકીયો. ૧
લડે છે લૂંટાતા, હિત જગતમાં ક્રોધ કરીને,
પ્રપંચે પામેલું, વિત હરખતો લોભ ધરીને;
મરાયો મોટાયે, મમતભર ઉચ્છાહ ભરીયો,
અરેરે એ અંધા, ભવજલધિ માંહે ભટકીયો. ૨
સુખે કિંવા દુઃખે, રતિ અરતિમાં ચિત્ત ઠરતો,
ફૂલાયે અજ્ઞાને, ઉદર ભર ઉદ્યોગ કરતો;
પરાયા દુઃખોનો, કદિ ન દિલમાં ખ્યાલ ધરીયો,
અરેરે એ અંધા, ભવજલધિ માંહે ભટકીયો. ૩
ધરે સંજ્ઞા ચારે, જગતપર જંતૂ નિરખતા,
મળેલો જન્મારો, નરભવ તણો ના પરખતા,
ગુમાવે અજ્ઞાને, સમય સઘળો એમ મળીયો,
અરેરે ! એ અંધા, ભવજલધિ માંહે ભટકીયો. ૪
મળેલો મોંઘો આ, નરભવ મહા પૂન્ય વધતા,
વિનાશી સુખોને, હિત અહિતમાં ના સમજતા;
અરા શત્રુઓની, ખબર કરવા રયો ન બળીયો,
અરેરે! એ અંધા, ભવજલધિ માંહે ભટકીયો. ૫
અનંતી વેળા આ, અવનિતળમાં જન્મ ગ્રહિને,
ભૂલેલી બાજીમાં, હરવખત આસક્ત રહીને;

શુમાવે આત્માનું, અચળ સુખ અજ્ઞાન ભરીયો,
અરેરે એ અંધા, ભવજલધિ માંહે ભટકીયો. ૬
જુઠી કાયા માયા, પરિગ્રહ સુખો સ્વપ્ન સરખાં,
ગણી મારૂં મારૂં, હિત સકળ તેમાંજ હરખા;
નહિં જેમાં કોયે, શરણ મરણાંતે ન કરીયો,
અરેરે એ અંધા, ભવજલધિ માંહે ભટકીયો. ૭
ખરૂં શું આત્માનું, હિત સમજવું જ્ઞાન ધરતા,
નિવારો તેમાં જે, મનન કરીને વિઘ્ન કરતા;
ફળી જાયે તો "દુર્લભ" જનમ એ દિવ્ય મળીયો,
અરેરે એ અંધા, ભવજલધિ માંહે ભટકીયો. ૮

---

(૩૭) બોધદાયક કક્કાષ્ટક.

(સવૈયા—એકત્રીશા.)

કોલકરાર કરી કહે કાલા, કપટ કેળવે કોને કાજ,
ખાતરનું ખાતા ખોશે ખળ, ખાંતેથી ખાટેલું ખાજ;
ગુણની ગણના ગુણિયલ ગૃહમાં, ગુણગ્રાહી ગેહે ગગડાટ
ઘુંચવાય ઘડતો ઘટમાંહે, ઘેલો ઘેલા ઘેલા ઘાટ. ૧
ચમત્કારી ચપળાના ચક્ષુ, ચુકાવે ચેતન ચતુરાઈ,
છાનામાં છાની છેતરતી, છંછેડતી છળની[૧] છાઈ;
જર જમીન જોરૂ જુકાવત, જગમાં જો જામેલી જાળ,
ઝાળે છે ઝાઝી ઝંખનાઓ, ઝાળે છે ઝાઝા ઝંઝાળ. ૨
ટગમગ ટગમગ[૨] ટેલેલા[૩] તે, ટોળામાં ટેલે ટટ્ટાર,[૪]
ઠકુરાઈ ઠાઠો ઠરવાના, ઠોઠોને[૫] ઠેબે[૬] ઠગનાર;

૧–કપટની. ૨–પડતા, આખડતા. ૩–ચાલેલા તે. ૪–અક્કડ થઇને. ૫–અજ્ઞાનીને. ૬. ઠેબા માત્રમાં.

ડરનારા તો ડરે ડોળથી, ડોળઘાલું ડંડાયે ડોળ,
ઢળક ઢળક ઢળનારા ઢાંઢા, ઢળવાના ઢાળો[૮] ઢંઢોળ.[૯] ૩
તૃષ્ણા તરકટ તજ તંતીલા, તત્ત્વ પરાયણ તારે તાન,
થાકીને[૧૦] થરથરતા[૧૧] થાશે, થોથાને થોથામાં[૧૨] થાન;
દળો દુઃખ દિનનું દાઝેતો, દળતા દાનેશ્વર દઇ દામ,
ધર્મ ધ્યાન ધરનારા ધરશે, ધરણીમાં[૧૩] ધારેલું ધામ.[૧૪] ૪
નીતિવાન નિપૂણ નર નમતા, નામાંકિત્તો નમ્ર નિહાળ,
પડે પાન પાકી પીંપળના, પડનારા પાપી પાતાળ;
ફાલી, ફૂલી ફૂલાતા ફંદે, ફંદોમાં ફેરાની[૧૫]ફાળ,
બૂરામાં બૂરી, બૂરાઇ, બનાવટ બુદ્ધિ બળથી બાળ. ૫
ભમવાનાં[૧૬]ભયને ભૂંસાવા, ભક્તિ ભરી ભજીયે ભગવંત,
મોહ મમત માયાની મ્હોબત, મહિયલમાં મૂકે મતિવંત;[૧૭]
યજમાને યજમાન યારથ્યા, યમની યાદિના યજમાન,[૧૮]
રડવડતા રાખી રખવાળો, રાય રંક રોળાતા રાન. ૬
લલચાતા લાંચો લેવામાં, લોભીના લાભો લૂંટાય,
વિનય વિવેક વધારે વિદ્યા, વિશ્વ વિષે વિદ્યા વખણાય;
શરમાયે શાને શોખીલા, શિક્ષણમાં શિખામણ શીખ,
સારા સાર સમજતા સાચા, સુખમાં સુધરે સંસારિક[૧૯] ૭

૭–બળદ જેવા. ૮–ઢરતા ૯–તપાસી જો ૧૦–હારીને. ૧૧–ધ્રુજતા ધ્રુજતા. ૧૨ વિનાશી પુદ્‌ગલમાં. ૧૩ પૃથ્વિમાં. ૧૪–ધારેલું ધામ.–શાશ્વત–અક્ષય–મોક્ષસ્થાન. ૧૫–સંસારચક્રમાં ફરવાની ૧૬–અનંતાકાળ જન્મ મરણ કરી ભવભ્રમણ કરવાના. ૧૭–બુદ્ધિશાળી જ્ઞાની પુરૂષો. ૧૮–સબંધમાં જોડા-એલા જજમાને જજમાનો યમની યાદિનાજ જજમાનો છે. એટલે તે સબંધ વિનશ્વર છે. કાયમ ટકવાનો નથી. ૧૯–સંસારી જીવો.

હરી હેમ હેતુનું હરામી, હાંસલમાં હારે છે હિત.
અજ્ઞાને આથડતા આળો, આપી અવનિમાં અવિનીત;
ઉપયોગી ઉપયોગ ઉતારે, ઉમદા ઉરમાંહે ઉમરાવ,[1]
" દુર્લભ " દિલ દાખે છે દળને, દમનારા દુઃખના દેખાવ. ૮

---

(૩૮) મુરખ.

(નાથ કૈસે ગજકો બંધ છોડાયો.)

મુરખ શિર ન મળે કાંઇ નિશાની.—(એ ટેક.)
સારા સાર વિચાર વગરના જાણો તેહ અજ્ઞાની. મુરખ૦ ૧
કરતા અકાર્ય ફરે અક્કડ રહી, ચિત્ત ચેતી નવ ચાલે;
પરકે પોતાતણું ગૃહમાંહે, ઘેલા પુષ્કળ ઘાલે. મુરખ૦ ૨
વાદવિવાદ વઢવાડે ન કાયર, જઈ પહોંચે ત્યાં પહેલાં;
પૂછયા વિણ વદતા વચ્ચમાં બહુ, જાણો તે જન ઘેલા. મુરખ૦ ૩
કરતા જુલમ ડરે નહિં અંતર, વિનયવડે સમજાવ્યે;
[2]આખલો અણસમજુ બેઉ સરીખા, [3]તાડને પાંશરા થાવે. મુ૦ ૪
આત્મહિત ચાહે નહિં અંતર, શુદ્ધ વિચાર અભાવે;
ખાનપાન ગુલતાન ગમ્મતમાં, અમૂલ્ય સમય વિતાવે. મુરખ૦ ૫
સ્વલ્પ ગુણ સંપાદન કરતા, થાય મિથ્યા અભિમાની;
છોડે નહિં હેરાન થતાં પણ, પકડયું એહવા તાની. મુરખ૦ ૬
ગામ નથી વસુધામાં જુદા, અક્કલહિણુ ના કયાંયે;
ગુણહિણાં અજ્ઞાની જગમાં, પરિચયથી પરખાયે. મુરખ૦ ૭

૧–ખરેખરી મનસુખ ઉમદા અંતઃકરણમાં ઉમરાવે.જ ઉતારે છે—અને તેથીજ તે ઉમરાવ ગણાય છે. ૨=બેમાનુ ખરેલ ખૂંટીયો. ૩=માર પડવાથી. ૪=બેલ=બળદ.

સદાચાર સુવિચાર વિવેકે, જીંદગી જ્ઞાની ગાળે;
" દુર્લભ " નરભવ એહ અભાવે, સુધરે નહિ કોઈ કાળે. મુરખ૦ ૮

(૩૯) મુંગા–અવાચક પ્રાણીની અરજી.

(બેડો બાઈ બુડતો તારો. એ રાગ.)

છપ્પન જેવો વાયરો વાયોરે, ભૂખે મરી જાય છે ગાયો.
દુધ, દહીં, ઘીઈ, છાશ ને આપતી, જાતી અનુપમ [૩]બેલ;
ઉપકારી એહ ગૌમાતા શિર, વેળા પડી મુશ્કેલ;
હેવાલ ન જાય લખાયોરે.....................(એ આંકણી) ભૂખે૦ ૧
ઘાસ લીલા ચરી જંગલ માંહે, આવતી કાયમ ઘેર;
ધણુ ઉભરાયા આજ બજારમાં, ગામો ગામ શહેર;
ત્રાસ ન જાય ખમાયોરે... .... ભૂખે૦ ૨
કઈક ઢોરોના માલીક રૂપીયો, લઇ ફરે બજાર;
મુશ્કેલ થઈ પડી નાણુા છતાંયે, કઈક ઠેકાણે [૧]ચાર;
ત્રોંતેરમાં મેહ તણુાયોરે.... .... ભૂખે૦ ૩
ત્રાસદાયક એહ સમ વખતથી, ઢોરો બચાવવા આજ;
ખાસ દયાના ઉપાસક, ગામો ગામ આરંભતા કાજ;
ચારો નિત્ય જાય નંખાયોરે.... .... ભૂખે૦ ૪
દાનશૂર ગૃહસ્થોના હાથમાં, આવવા લાગી ટપાલ;
મુંગા અવાચક પ્રાણી બચાવવા, જલ્દી થાવ કૃપાલ;
સુકૃતનો નાખવા પાયોરે.... .... ભૂખે૦ ૫
પૂરવ પૂન્યે પામેલ લક્ષ્મીનો, લેતા કેઈક લ્હાવ,
કેઈક ગુલામ બનેલ જે દામના, આવે નહિં તસ ભાવ,
વખત વીતી જાય એ આયોરે.... .... ભૂખે૦ ૬

---

૧ ચાર=નિરણુ.

કંઈક ઘરેરા નિજસ્થાન નિભાવે, મદદ કરે પરગામ;
મુંગા અવાચક પ્રાણી નિભાવી, અમર કરે કેઈક નામ;
સદા જશ જાશે ગવાયોરે.... .... ભૂખે૦ ૭
'દુર્લભ' સમય એ સુકૃત બાંધવા, હાથ ચડેલો જાય;
મેઘરાજ મુંગા પ્રાણીની આજશે, સાંભળી દિલની[1] ધાય;
થાયે લીલા લે'ર સવાયોરે..... ....ભૂખે૦ ૮

(૪૦) "મેઘ મહારાજાની અમીવૃષ્ટિ."

(નાથ કેમે ગજ્જો બંધ છોડાયો—એ રાગ.)

કરી લીલા લ્હેર અતિ મેઘરાજે.
સાંભળી ધાય મુંગા પ્રાણીની, થાતા એક અવાજે. (એ ટેક.) કરી૦ ૧
દિન અનાથ ઉદ્ધરે દાનેશ્વર, વિપત્ત સમય વરતાયે;
પણ તસ અમીદૃષ્ટિ વીણ જગમાં, હાહાકાર જણાયે કરી૦ ૨
શોભે સર, સરિતા, નિર્મળજળ, જગમાં તસ આધારે;
તૃપ્ત થઈ ધરતી નિલામ્બર, શોભે વસુધા ભારે. કરી૦ ૩
નવ પલ્લવ વનરાજી સકળ થઈ, જંગલ મંગળ થાયે;
શાન્તિ શાન્તિ તાસ કૃપાએ, ચોગરદમ પથરાયે કરી૦ ૪
મેહવડે સૃષ્ટિ સૌંદર્યતા, પાયમાલી રીસાણે;
અમર અહાડે અગર પટકાવે, ધાર્યું હોય તે ટાણે. કરી૦ ૫
રાજાનો પણ મહારાજા તે, કોયનું દાણ ન માગે;
અમીવૃષ્ટિ કરે ઠામ કુઠામમાં, જ્યારે વરસવા લાગે. કરી૦ ૬
કરે પરીક્ષા દાની જનની, માન મોટાનું ઉતારે;
હસ્ત કરી દુનિયાની લગામને, મારે ટાં ઉગારે. કરી૦ ૭

[1] ધાય=પોકાર.

પંચમકાળે તે ભવિજનને, શુદ્ધ [1]પ્રરૂપણ સાર; તપો૦
જૈન સાહિત્ય સંમ્મેલનદ્વારા, કરવા અધિક પ્રચાર. તપો૦ ૬
સાક્ષરમંડળ સાથ મળ્યો મુનિ, વૃદ્ધિવિજય પરિવાર; તપો૦
ધર્મવિજય સૂરીશ્વરની શુભ, [2]નેમ પોંચાડો પાર. તપો૦ ૭
પૃથક પૃથક કાર્યાલયદ્વારા, પામે પૂર્ણ પ્રસાર; તપો૦
તેહ જણાશે મળતા આજે, સાક્ષર ચિત્ત વિચાર. તપો૦ ૮
પ્રથમ પ્રયાસે પ્રાર્થીએ વિરજીન, સફળ કરો ઉદ્ગાર; તપો૦
મરૂધર ભૂમિના મુખ્ય [3]શહેરમાં, વર્ત્યો જય જયકાર. તપો૦ ૯
ધર્મવિજય સૂરિશ્વર વિચર્યા, વધતા ભાગ્ય અપાર; તપો૦
તેહ પ્રતાપે મરૂધરમાં આ, ફળીયો શુભ સહકાર. તપો૦ ૧૦
જૈન સાહિત્યની સેવા માટે, પરિશ્રમ વેઠયો અપાર; તપો૦
ડૉકટર હર્મન જેકોબીનો, માનીયે અતિ આભાર. તપો૦ ૧૧
શોભાવી રહ્યા સાક્ષર ગ્રહસ્થો, સમ્મેલન આવાર. તપો૦
આમંત્રણ સ્વીકાર કરી અમ, માનીયે પૂર્ણ આભાર. તપો૦ ૧૨
દિન્ન દિન્ન વૃદ્ધિ ધર્મરત્નની, વાધે જગદાધાર; તપો૦
પદપંકજ પ્રણમી કહે "દુર્લભ" અરપો શુદ્ધ વિચાર. તપો૦ ૧૩

---

૪૩ શ્રીમદ્ વિજયધર્મસૂરિનું વળામાં પધારવું.

(પુનમ ચાંદની ખીલી પુરી અહીં રે એ રાગ.)

શ્રી જિનશાસન મંડન મુનિવરારે,
ભવસાયરમાં ભવિના ભવ ભયદુઃખ દળનાર;
નમો નેહ ધરી નિત્ય ગુરૂરાજનેરે.

---

૧ સારી પ્રરૂપણા કરવારૂપ. ૨ નેમ–ઉમેદ. ૩ મારવાડના મુખ્ય શહેર જોધપુરમાં.

પંચ મહાવૃતધારી રક્ષક જીવ છક્કાયનારે;
નિષ્કારણ બન્ધુ એકાંત આત્મ હિતદાય. (એ ટેક.) નમો૦

સાખી૦

શાસન સોહ વધારતા, કરી ઉપકાર અમાપ;
વૃદ્ધિવિજય ગુરૂરાયનો, જામ્યો પૂર્ણ પ્રતાપ.
ઉન્માર્ગે ચડતા ઉદ્ધર્યા અનેક ભવ્યાત્મનેરે,
શુદ્ધ પંથ જાગૃતિ તાસ પસાયે થાય................નમો૦ ૧

સાખી૦

આત્મવીર્ય નહિં ગોપવ્યું, શકિત થતા પણ મંદ;
અવર્ણનિય ઉપકારી થયા, મહામુનિ વૃદ્ધિચંદ.
માસ વૈશાકે ઓગણીસો ઓગણ પચ્ચાસમાંરે;
થાતા શુકલ સપ્તમી સ્વર્ગવાસી ગુરૂરાય............નમો૦ ૨

સાખી૦

અચળ પ્રતાપ વૃદ્ધિ પામતો, દિન દિન જાસ જણાય;
શિષ્ય તાસ પન્યાસજી, ગંભીરવિજય મુનિરાય.
તખ્ત તપ્યા એ પૂર્ણ પ્રતાપી વીશ વરસ સુધી રે,
કાર્ય કરી અનેક શુભ ગુરૂ હજુરમાં જાય................નમો૦ ૩

સાખી૦

ધર્મવિજય શિર ધરી કૃપા, કાશી ક્ષેત્ર મોઝાર;
સ્થાપી સંસ્કૃત જૈનની, શાળા આંહી શ્રીકાર.
છાત્ર પદવી રત્નો કેઈક બનાવ્યા જૈનમાં રે,
જિનશાસન લહરિ વિસ્તારી પૂરણ આંય................નમો૦ ૪

સાખી૦

પશુશાળા એ ક્ષેત્રમાં, તસ પ્રતિબોધે થાય;
કાશી નરેશ કેઇ પંડિતો, રાગી અધિક જણાય.

શાસ્ત્રવિશારદ જૈનાચાર્યની પદવી પામતા રે,
સાહિત્ય સ્નેહ વધારી મરૂભૂમિમાં જાય................નમો૦

સાખી૦

જોધપુર બેઠક પ્રથમ, એહ સબંધે થાય;
સાક્ષર વર્ગશું શોભતા, સભા મધ્ય ગુરૂરાય.

ડૉકટર હર્મન જેકોબી જર્મનથી આવતા રે,
જિન સાહિત્ય સંબંધે ભાષણ ઉત્તમ થાય...........નમો૦ ૬

સાખી૦

કરી ઉપકાર સ્થળે સ્થળે, વિચરતા ગુરૂરાય;
ગુર્જર પર થઇ આવતા, કૃપા કરીને આંય.

અન્યમતાવલંબીઓ ને પણ બહુ રાગી કર્યા રે,
કરી જિન શાસન વૃદ્ધિ દેશ વિદેશ કળાય................નમો૦ ૭

સાખી૦

તત્પર ગુરૂ ભક્તિ વિષે, જેઓ ખાસ જણાય;
ઉજવી જયંતિ[૧] બોટાદમાં, આજ પધાર્યા આંય.

ઓગણીસો બહોંતેરે વળા શહેર પધારતા રે,
વૃદ્ધિ ધર્મ રત્નની, " દુર્લભ " દિલ શુભ ચ્હાય........નમો૦ ૮

---

(૪૪) ક્ષમા યાચના

(હરિગીત છંદ.)

માંગલ્યકારી આવતા, પર્વાધિરાજ પર્યુષણા,
આરાધતા તપ, જપ, ક્રિયા, વીધિ સાથ ઉમંગે ઘણા;
નવ વાંચના સુણિ સૂત્રની, કરી ભક્તિ શક્તિ પ્રમાણમાં,
અમર પળાવી આઠ દિ, કર્યા અભય જીવો ગામમાં. ૧

---

૧ ગુરૂ મહારાજની સ્વર્ગવાસ તીથી વૈશાક સુ. ૭ બોટાદમાં ઉજવીને.

આંગી, પુજા, જિનરાજની, સ્વામી–વત્સલ, પરભાવના,
સમય મુજબ તપસ્યાદિથી થઈ, પર્વની આરાધના;
સંવચ્છરી પ્રતિક્રમણ ચૈત્ય, જુહાર સહુ સાથે કરી,
સરવે જીવો ખમ્યા ખમાવ્યા, દોષ દિલ શુદ્ધિ ધરી. ૨
જાણ્યા અજાણ્યા દોષ વાર્ષિક, આપના પ્રતિ જે થયા,
દિલ શુદ્ધ ચાહુ દોષની માફી, દિયો લાવી દયા;
નવવાર ત્રિકરણ શુદ્ધ ભાવે, પર્વ એ આરાધતા,
" દુર્લભ " સફળ નરભવ કરી, વરતા સુખો ભવિ શાશ્વતા. ૩

(૪૫) નૂતન વર્ષાભિનંદન.

(વસંતતિલકા વૃત્ત.)

આ વર્ષ હર્ષ ઉત્કર્ષ વિશેષ જામો,
આરોગ્યતા, વિજય, લક્ષ્મિ સુકીર્તિ પામો,
જોતા તમામ ગત વર્ષ તણા હિસાબો,
શું આત્મનું હિત થયું નિરખો કિતાબો. ૧
સર્વજ્ઞ આણ અહિ આત્મદશા નિહાળો,
આ દેહની ફરજ ઉત્તમ નિત્ય પાળો;
વ્હાલું જણાય તમને સહુ માટ ચાહો,
આ જન્મનો વિનયથી અહિ પૂર્ણ લાહો. ૨
ક્ષેત્રો વિચાર બિચ ઉત્તમ બીજ વાવો,
શોભે ફળો દિલ ધરો પુરૂષાર્થ આવો;
" મુબારકે નુતન વર્ષ " સુખે વિતાવો,
ઈચ્છે ધમામ શુભ " દુર્લભ " લાભ પાવો. ૩

(૪૬) સાંભરશે સહુને વિક્રમની ઓગણી ચુમ્મોતેરની સાલ.

(સવૈયા—એકત્રીશા.)

ખુનખાર વિગ્રહથી યુરોપમાં, ચાલી રહેલો ત્રાસ અપાર,
અતિ વૃષ્ટિએ મેહ વરસતાં, નુકશાની થઇ અપરંપાર;
દુષ્ટ પ્લેગ પ્રસરી બહુ ભાગે, કર્યા કઈકના ખુરા હાલ;
સાંભરશે સહુને વિક્રમની, ઓગણી ચુમ્મોતેરની સાલ. ૧
જાર બાજરી પાક સોડવ્યા, ખેરવી નાખ્યા ઘણુના ફૂલ,[1]
ચડ્યા ભાવ સરપણુના[2] એવા, મળે નહિ મોં માગ્યે મૂલ,
પડે [3]આશરા કઇક જનોના, મેહ વૃષ્ટિ થાતા અસરાલ,
સાંભરશે સહુને વિક્રમની, ઓગણી ચુમ્મોતેરની સાલ. ૨
સ્થળ અનેક ઉભરાય નીકળતાં, દુષ્ટ પ્લેગ વરતાવે કેર,
નાસી નીકળતાં આસપાસનાં, ગામોમાં ગભરાયું ભેર;
ચાર પાંચ સ્થળ બદલાવેલા, જાણે વિતકનો હેવાલ,
સાંભરશે સહુને વિક્રમની, ઓગણી ચુમ્મોતેરની સાલ. ૩
હરણ ફાળથી આસપાસના, [4]જન બચાવા શોધ્યા ગામ,
મોં માગ્યે ભાડે મેળવતા, ગૃહસ્થ જનો જ્યાં ત્યાં મુકામ;
સાધારણ જનની સ્થિતિના, ત્રાસ થાય જોતાં હેવાલ,
સાંભરશે સહુને વિક્રમની, ઓગણી ચુમ્મોતેરની સાલ. ૪
[illegible]
[illegible]

[illegible]

કંઇક છવન સુધી ભૂલે નહિ, પડ્યાં દુઃખ એવાં અસરાલ,
સાંભરશે સહુને વિક્રમની, ઓગણી ચુમ્મોતેરની સાલ. ૫
આધિ વ્યાધિ ઉપાધિ ભરેલો, તરે સર્વ નજરે સંસાર,
વિપત સમય વિણ જ્ઞાનીજનને, કાયમ દિલમાં એહ વિચાર;
'દુર્લક્ષ' સમયે દિન્ન [1]જનોની, લિયે વીર પુરૂષો સંભાળ,
સાંભરશે સહુને વિક્રમની, ઓગણી ચુમ્મોતેરની સાલ. ૬

---

(૪૭) વૃદ્ધ વિવાહ અટકાવવા આગેવાનોને અગમચેતી !

(નાથ કૈસે ગજકો બંધ છોડાયો..................... એ રાગ.)

વરે શ્રી વૃદ્ધ વયમાં અજ્ઞાની,
દામ દઇ નાખે ફાંસામાં [2]દુહિતા પારકી નાની. એ ટેક. વરે૦ ૧
કૈંઇક બતાવી તાણુ છોરૂની, કેઇક વરે વળી શોખે;
ખાણપીવા અવસર જોબનરસ ચાહે મોઢે ઓખે. વરે૦ ૨
આશાભરી ખીલતી કળીઓ, અબળા અંતર કરમાયે;
સત્ય રહ્યું દીકરી અને ગાયમાં, જ્યાં દોરે ત્યાં જાયે. વરે૦ ૩
કેશ થયા શિર ઉજ્વલ સરવે, અંગ ઉપાંગે વાંકા;
તોપણ તૃપ્તિ ન પામે વિષયથી, જ્ઞાન અભાવે રાંકા. વરે૦ ૪
૧૮ વયે પણ બાળ કુંવારા, સમય સમય[3] વરનારા;
વિધવા[4] બાળવયે પણ અબળા, કિમ ટકશે એહ [5]માન. વરે૦ ૫

૧-દિન્ન-અનાથ. ગરીબ માણસો.

૨-દુહિતા-દીકરી. ૩ જ્યારે જ્યારે વિધુર થાય ત્યારે ઉંમરની ૯૬ તપાસ્યા વિના પણ પુરૂષો બાળકુમારીની માફક વીવાહીત થાય છે ! ૪-કન્યા તરુણ બાલ્યા અવસ્થાથી રાંડે તો પણ જીંદગી આખી વૈધવ્ય પાળે છે. ૫-અજ્ઞાન-ક્યાં સુધી આ પ્રમાણે ચિરસ્થ ચલાવવા દેશો.

મરણ પથારી પડેલ શ્રીમંતને, દુહિતા લોભી આપે;
અધોગત્તિ[1] થતી ઉત્તમ કોમની, એ ગળળાના શ્રાપે[2] વરે૦ ૬
આવા અઘટીત કૃત્ય જતા કરે, દંડ અમુક[3] લઇ જ્ઞાતિ;
ખાસ દયાના ઉપાસકથી[4] પણ, ખબર નથી લેવાતી. વરે૦ ૭
પૂરવ પુન્ય પસાય સુખી થઇ, આગેવાન થ્યા[5] આજે;
આવા જુલમ અઘોર દબાવા, શીથીલ થયા શ્યા કાજે. વરે૦ ૮
થાવ કટિબદ્ધ[6] એહ જૂલમથી, ઉત્તમ કોમ[7] બચાવા;
નહિં તો 'દુર્લભ' સમય શું લાવશે, દુષ્ટ રિવાજો[8] આવા. વરે૦ ૯

---

(૪૮) વૃદ્ધવિવાહ નિષેધક.

(શું કહું કથની મારી નાથ શું કહું કથની મારી. એ રાગ.)

ખાસ ગણો અજ્ઞાની તાસ, ખાસ ગણો અજ્ઞાની. એ ટેક.
વૃદ્ધ વયે રાગે ઇચ્છા જે, યુવતીને વરવાની. તાસ૦ ૧
પરભવ સંબળ સજવા એ વય, હિસ દયાળ સમરવા;
અવિવેકી એ વયમાં ચાહે, ગ્રહસ્થાશ્રમ આદરવા. તાસ૦ ૨
માત્ર સંતતિ નિમિત્ત ઇચ્છાએ, જોબન વય સમજુને;
અવિવેકી રહે આના બતાવી, શિથીલ થતાં એહ ધૂને. તાસ૦ ૩
દેવ, મનુષ્ય, તિર્યંચ, ના મૈથુન, ભવોભવ ભટકી સેવે;
તોપણ તૃપ્તિ ન પામે અજ્ઞાની, કાળ અનાદિની ટેવે. તાસ૦ ૪

૧—ઉન્નતીની સ્થિતિ. ૨—નિસાસાથી. ૩—ઠરાવ મુજબ દંડ લઇને. ૪—ગાૈ જીવ જંતુ ઉપર પણ દયા રાખનાર ઉત્તમ કોમની. ૫—કોમ જ્ઞાતિ સંસ્થાન. આગેવાન પૂર્વેના પુન્યાઇ થયા તેઓ જો કોમનું હિત ન સુધારે તો તેના [illegible] કોમનું [illegible] માટે કટિબદ્ધ—તૈયાર થવું જોઇએ. ૭—ઉત્તમ કોમને. ૮—નહિં તો આવા અવિચારી રિવાજોથી ઉત્તમ કોમમાં [illegible] શું નહિં થાય ? વિચારો.

અણુવ્રત ચોથું નિજ સ્ત્રી છંડી, સમજુ એ વય પાળે;
આખર સુધી રહે અણસમજુ, વૃત્તિ અનંગ ઉચ્છાળે. તાસ૦ ૫
બાળ વયે સાધી નહિ વિદ્યા, અર્થ કામ જોબનમાં,
સફળ થવા ઇચ્છે એહ સાધન, વૃદ્ધ વય આવતા તનમાં: તાસ૦ ૬
નીરીક્ષર નૃપત્તિ રાજ્ય ગાદિએ, બુઠ્ઠો બાળકી પરણે;
લક્ષ્મી પ્રાપ્ત થઇ અફલ હિણને, પરને કાજ એ ત્રણે. તાસ૦ ૭
ધર્મ સાધન પણ તદ્દન શિથીલતા, પ્રાપ્ત થઈ નથી તનમાં;
અણસમજુ આખર પસ્તાતા, રહે મનકી સબ મનમાં. તાસ૦ ૮
નાશ નામને કંઇક શરીરનો, કાળ અનંતા કરતો;
ભૂલી આજી આસક્ત થઇને, ભવસાયરમાં ફરતો. તાસ૦ ૯
અનિત્ય, અશરણ, અસાર સંસારના, તત્ત્વપ્રતિ ન પીછાને;
ગાળે "દુર્લભ" નરભવ એ જન, પશુ માફક અજ્ઞાને. તાસ૦ ૧૦

---

(૪૯) મહિ ઉપર બહુ મ્હેર કરીને મેઘ મોકલો મહારાજા.

(સવૈયા બત્રીસા.)

ખુનખાર વિગ્રહ[1] વ્યાધિ[2]થી, રહ્યું શું થાવામાં બાકી,
હદ ઉપરાંત દરેક ચીજના, ભાવ નિહાળી રહ્યા થાકી;
રાત ઉપર જો રાત પડે તો, કેમ ટકે જગમાં માજા,
મહી ઉપર બહુ મ્હેર કરીને, મેઘ મોકલો મહારાજા. ૧
આર્યાવર્તમાં ક્યાં સુધી આ, દુઃખ દાવાનળ સંભાશે,
આવશે આરો આજ કાલમાં, લોક રહ્યા એવી આશે;
વાર કરો વિભુ વાર કરો એમ, વાગી રહ્યા સ્થળ સ્થળ વાજા,
મહિ ઉપર બહુ મ્હેર કરીને, મેઘ મોકલો મહારાજા. ૨

૧-ખુનખાર વિગ્રહ-ભયંકર લડાઇ. ૨-વ્યાધી-મરકી વગેરે.

પાપ વૃદ્ધિના ફળ પ્રગટયા શું ? સુણીયે કઇંક જનો કહેતા,
કઇંક વિશેષ કમાઇ કાળમાં, રાજી થઇ દિલમાં રહેતા;
છોરૂ કછોરૂં થાય તોય પણ, વડીલ કેમ છોડે માજા,
મહી ઉપર બહુ મ્હેર કરીને, મેઘ મોકલો મહારાજા. ૩
નીર મળે નહિં સર-સરિતામાં, તરૂવર જોયે સુકાયા,
ઉખર જમીનથી ઝાંખી જણાતી, સ્થળ સ્થળ પૃથ્વીની છાંયા;
ધારી નીલામ્બર થાય શોભતી, જળાશયો ભરવા તાજા,
મહી ઉપર બહુ મ્હેર કરીને, મેઘ મોકલો મહારાજા. ૪
ધોળે દિવસે ધાડા પાડીને, કઇંક ગામડા લુંટાતા,
દીન અનાથ જનોના ત્રાસો, જોયા નથી નજરે જાતા;
ઘાસ અભાવે મુંગા પ્રાણીને, તરફડતા કરવા તાજા,
મહી ઉપર બહુ મ્હેર કરીને, મેઘ મોકલો મહારાજા. ૫
વિક્રમ ઓગણી પંચોતેરમાં, મેઘ રાજજી રીસાતા,
સોંઘા ભાવે દેઈ અનાજો, દીન અનાથ ઉદ્ધરે દાતા;
પણ અમીદૃષ્ટિ વીણ મેઘની, કાયમ કુણ રાખે તાજા,
મહી ઉપર બહુ મ્હેર કરીને, મેઘ મોકલો મહારાજા. ૬
ભાદરવો શરૂ થઇ ગયો તોપણ, વૃષ્ટિ કરી નહીં મન મેલી,
રાજાનો પણ મહારાજા ફરી, જાતા કુણ હવે બેલી;
હદ થઇ જોવે રાહ હવે સહૂ, વગડાવો ગગને વાજા,
મહી ઉપર બહુ મ્હેર કરીને, મેઘ મોકલો મહારાજા. ૭
લિલા લ્હેર વરતાવો જગમાં, એહુ અરજી સહૂની આજે,
પરમ કૃપાનીધિ નિરખો સામું, દુનિયા ઉદ્ધરવા કાજે;
"દુર્લભ" સમય નિવારો દેખી, પીડાય છે પ્રાણી જાજા,
મહી ઉપર બહુ મ્હેર કરીને, મેઘ મોકલો મહારાજા. ૮

---

(૫૦) ઉપદેશક પદાષ્ટક.

(રાગ કાફી.)

ભજો ભગવાન, તજી સબ, મિથ્યા આળ પંપાળ;—(એ ટેક.)
ધિઃકાધિઃક સુખ સાહિબીમાંહે, ઉદ્ધર્યા નાહીં કંગાળ;
દુઃખમાં પણ નહિં નાથ નીરંજન, નામની જપી ઝપમાળ;
ફરે કર દેઇ કપાળ .... ભજો૦ ૧
જોબન વય ચાલી ગઇ તનથી, શિર થયા ઉજ્વળ વાળ;
તોપણ મોહ મમત માયાને, છોડી નહિં જંજાળ;
અનાદિની ટેવ એ ટાળ .... ભજો૦ ૨
પંચેંદ્રિય આધિન અવિવેકે, ગુમાવ્યો બહુ કાળ;
તૃષ્ણા તૃપ્ત થઇ નહિં મનની, તત્વવૃત્તિએ નિહાળ;
અસ્થિર સંસારની ઝાળ .... ભજો૦ ૩
ઘાટ ઘડે કેઇ જાતના ઘટમાં, જોતાં જગ ઘટમાળ;
જન્મ જનાવર જેમ વિતાવે, સમર્યા ન દિનદયાળ;
ફરે શિર નિરખો કાળ .... ભજો૦ ૪
નીપજે નહિં ધાર્યું વસુધામાં, અજ્ઞાને કોઇ કાળ;
હિત અહિત સુખદુઃખ ચિન્તાની, દૂર થવા સજ ફાળ,
ફરજ સમભાવે પાળ .... ભજો૦ ૫
ન્યાયપંથ ધરવા સમદૃષ્ટિ, કુમતિ કદાગ્રહ બાળ;
ક્રોધાદિક કષાય નિવારવા, ચિત્ત ચપળતા ટાળ;
રહો ન અજ્ઞાની રીસાળ. .... ભજો૦ ૬
જેમ ઝાંઝવાના જળ ઉપર, મૃગલા ભરતા ફાળ,
તેમ અજ્ઞાની જનો જગમાંહે, સુખની કરે સંભાળ;
નિરાશ થવાના નિદાન .... ભજો૦ ૭

નાથ ચરિત્ર નિહાળી સમરતા, મુદ્રા શાન્ત નિહાળ;
"દુર્લભ" નરભવ એહ પિતાને, પંથે ચડી અજવાળ;
મિટે તવ દુઃખ અસરાળ ....ભજો૦ ૮

---

(૫૧) ઓગણી પંચોતેર વિક્રમે, વાળી દીધો આડો આંક.

(સવૈયા—એકત્રીશા.)

વિક્રમ ઓગણી ચુમોતેરની, સાલતણી સુણજો ફરિયાદ,
કરી ફજેત છાપાદ્વારા પણ, આ વખતે આપો અમ દાદ[1];
પ્લેગ આવતા સ્થાન ફેરવી, ખચ્ચા તોય નિકળ્યો અમ વાંક,
ઓગણી પંચોતેર વિક્રમે, વાળી દીધો આડો આંક. ૧
પડ્યા આશરા[2] પાક સોડ્યા[3], મેઘવૃષ્ટિ થાતા અસરાલ,
પણ આ સાલે એહ રિસાતા, ચોખોચટ્ટ પડ્યો દુષ્કાળ;
નેત્ર[4] આંસુ નીતરતાં[5] રઝળે, મરતાં પડતાં ઢોરો રાંક,
ઓગણી પંચોતેર વિક્રમે, વાળી દીધો આડો આંક. ૨
વૃષ્ટિ થઇ નહિ, ઇનફ્લ્યુએંઝા[6], આસો માસ વિષે પ્રસરેલ,
સ્થાન મળે નહિ કોઇ ઉગરવા, પ્લેગથી ઘાણુ વધુ કાઢેલ;
ભાવ નિહાળો સર્વ વસ્તુના, ગઇ સાલે કાઢ્યો અમ વાંક,
ઓગણી પંચોતેર વિક્રમે, વાળી દીધો આડો આંક. ૩
કરી કમાણી ન્યાલ થયેલા, ગત્ વર્ષે વેપારી જેહ,
ધુળધાણી આ સાલે, કીધા, કઇક નિહાળો આજે એહ;

---

૧ દાદ=ઇનસાફ. ૨ આશરા=રહેવાનાં મકાનો. ૩ સોડવ્યા=અતિ વૃષ્ટિથી પાકો સોડવી નાખ્યા પણ તેના ભાવ કેવા આવ્યા અને કપાસનો ફાલનો ૨–૩ વખત અરોડાથી પણ લીધો અને રૂ. ૧૨) ના ભાવે છેવટ ખપ્યા. ૪ નેત્ર=ચક્ષુ. ૫ નિતરતાં=ટપકતાં. ૬ ઇનફ્લ્યુએંઝા=એ નામના તાવમાં પ્લેગથી વધારે માણસો મરણને શરણ થયા.

દુ:ખ દાવાનળથી આ શાલે, દગ્ધ[1] કરી દીધા અમ વાંક,
ઓગણી પંચોતેર વિક્રમે, વાળી દીધો આડો આંક. ૪
ઓગણી ચુમ્મોતેર ચાલને, પંચોતેર તણો સંવાદ,
મનન કરીને તત્ત્વ રાખશે, વિબુધજનો[2] અંતરમાં યાદ;
અણસમજુ સમજે નહિ અંતર, વખત પાળવા આવ્યો રાંક,
ઓગણી પંચોતેર વિક્રમે, વાળી દીધો આડો આંક. ૫
ભમ્યા પાપ અમાપ સૃષ્ટિમાં, કઇ વેળાના એકી સાથ,
ઉગારે એ દુ:ખથી દાતા, દુ:ખી પ્રાણી ઢોર અનાથ[3];
'દુર્લભ[4]' સમયે સ્હાયક થાજો, દિન દુ:ખીને દેવા કાં,ક[5],
ઓગણી પંચોતેર વિક્રમે, વાળી દીધો આડો આંક। ૬

---

(૫૨) શ્રીમદ્ આનન્દ સાગર સૂરિશ્વર ગુણાષ્ટક.

(સવૈયા—એકત્રિશા.)

જેહ પ્રરૂપક શુદ્ધ માર્ગના, સ્વરપર શાસ્ત્ર વિષે સૂજાણ,
ઉત્તમ જન સમુદાયે સ્તવાતા, ઉદ્ધર્યા સુરિત જૈન સિદ્ધાંત;
સજ્જન વર્ગ સમુદાય વંદતો, નાશ થયો જેનાથી અનંગ,
સકળ ગુણા મૃત [6]ગિરિ વર્તતા, સાગરાનંદ સૂરિ જયવંત. ૧
વંદાયેલા વિબુધ જનોએ, જૈન આગમો ઉદ્ધરનાર,
પ્રકૃષ્ટ બુદ્ધિ ન્યાયિ વ્યાકરણાદિ, શાસ્ત્રોમાં કુશળ અપાર;
ચંદ્ર સમાન ઉજ્વલ જિનશાસન, મહા મન્દિરના સ્થંભ સમાન,
શ્રુત પારગામી વરતે નિત્ય, સાગરાનંદ સૂરિ જયવાન. ૨

---

૧ દગ્ધ=બાળી નાખ્યા ૨ વિબુધ=પંડિતજ્ઞાનીજનો. ૩ અનાથ=ધણી વગરના ભૂખ મરાથી મરવા પડતાં ઢોરો. ૪ દુર્લભ=કઠણ સમયે ૫ કાંક=યથાશક્તિ પણ પોતાનામાંથી કાંઇક દેજો—આપજો—જેટલું બની શકે તેટલું આપવા જેવો આ વિષમ સમય છે. ૬ ગિર=વાણી.

નિઃસ્પૃહિ મન પરહિત કરવામાં, રમણુ ધરે જસ વારંવાર,
સાકર અમૃતથી મધુર ગિર, સજ્જનતા વિશિષ્ટ શ્રીકાર;
સુખકર દૃષ્ટિ શાન્ત મૂર્તિમય, કીર્તિ વ્યાપ્ત જસ સૃષ્ટિમાંજ,
સ્તુતિ કરૂ હું એ ગુણુશાળી, શ્રી આનન્દસાગર સૂરિરાજ. ૩
સંયમ ધર નેતા સિદ્ધાંતના, સ્વપર હિત કરવાને કાજ,
નિર્યુક્તિને ને ભાષ્ય ટિકાસહ, શ્રી જિનાગમને સૂરિરાજ;
સંશોધન કરી મહા બુદ્ધિબળ, કરે પ્રસિદ્ધ કાગળ શ્રીકાર,
થાઓ એવા સુગુરૂ આનન્દસાગર સૂરિજીને નમસ્કાર. ૪
ભવ્ય જીવો ઉપકાર નિમિત્તે, રસિક એહવા શ્રી ગુરૂરાજ,
જેનાથી સિદ્ધાંત વાંચના, અને પ્રગટ કરવાને કાજ;
શ્રેષ્ટ શ્રી આગમોદય સમિતિ નામની સંસ્થા ઉભી થાય,
સ્તુતિ કરૂ હું સદ્દગુરૂ એહવા, શ્રી આનંદસાગર સૂરિરાય. ૫
જૈન સિદ્ધાંત ફેલાવા માટે, શ્રી જિનાગમની સૂરિરાજ,
અનૂપમ વાંચના મુનિ મંડળને, દેતા હુવા ગુરૂજી તે કાજ;
નિર્મળ બુદ્ધિવાળા જેઓ, રત્નાકર સમ ગુણુના ગેહ,
હે સજ્જન! આનન્દસાગર ગુરૂ; સૂરિરાજને સ્તવીયે એહ. ૬

(હરિગીત છંદ.)

સમુદ્ર સમ શ્રી હેમચંદ્ર, વ્યાકરણુને ધારી મને,
મંથાયલા જે બુદ્ધરૂપી, મેરૂએ કરીને અને;
પામેલ જે સિદ્ધપ્રભા, વ્યાકરણુ રૂપી રત્નને,
સ્તવીયે અમે તે આનન્દસાગર સૂરિ ગુરૂરાજને. ૭

(સવૈયા એકત્રીશા.)

ચંદ્ર સમાન વિલાસ નિમિત્તે, શ્રી જિનશાસન સાયર જેહ,
સમ્યગ્ જ્ઞાન દર્શન તપ આદિ, અમૂલ્ય માણિક્યોના તેહ;

રોહણા ચલસમ, સમતારૂપી, અમૃતના વારિધિ સમાન,
"દુર્લભ" એ આનન્દસાગર ગુરૂ, સૂરિરાજ વર્તો જયવાન. ૮

(૮)

(૫૩) શ્રી મુનિસુવ્રતસ્વામીની દેશના, ચંદરાજાનો પૂર્વભવ

(શું કહું કથની મારી રાજ, શું કહું કથની મારી.—એ રાગ.)

કર્મતણી ગતિ ન્યારી વિમાસ, કર્મતણી ગતિ ન્યારી;
ચંદ નૃપતિના પાછલા ભવની, વાત હૃદય પર ધારી. વિમાસ૦ એ ટેક.
જંબૂદ્વિપના ભરતક્ષેત્રમાં, વૈદર્ભ દેશ મનોહારી;
તિલકાપુરીનો રાય મદનભ્રમ, કમલમાલા તસ નારી. વિ૦ ૨
તિલકમંજરી રાજ્ય પુત્રી તસ, વૈષ્ણવ મત ધરનારી;
ધર્મ અધર્મ કે ભક્ષાભક્ષનો, વિનય મુકે વીસારી. વિ૦ ૩
રાજ્ય પ્રધાન સુબુદ્ધિ તેહની, પુત્રી રૂપમતી નામે;
કરી સમકીત રસ પાન લઘુવય, શુદ્ધ જિનમતને પામે. વિ૦ ૪
નવતત્ત્વો દ્રવ્યાદિકના શુદ્ધ, ભેદ હૃદયમાં ધારી;
જિનપૂજા ગુરૂભક્તિ અહર્નિશ, દ્રઢતાથી કરનારી. વિ૦ ૫
રાજ્યપુત્રી પ્રધાન પુત્રીને, સ્નેહ [1]શીશુ વયભારી;
રહેવા સંગાથે વર વરવો એક, કરે પ્રતિજ્ઞા વિચારી. વિ૦ ૬
રૂપમતી [2]મન્દિર સાધ્વી, આહાર નિમિત્તે આવી;
જિનમત દ્વેષીણી રાજ્ય સુતાતવ, ખાર હૃદયમાં લાવી. વિ૦ ૭
સાધવીની નિન્દા કરતી કહે, લટપટ કરતી આવે;
ચાતા પુછતી દ્રષ્ટિ નીચે ધરી, કઈક જનો ભરમાવે. વિ૦ ૮

[1] નાની બાળવયમા [2] ઘર.

કોણ પેસવા દે ઘરમાં તસ, રાજ્ય બાળા એમ બોલી;
*મકરો નિન્હામંત્રી પુત્રી કહે, થાય અધોગતિ ભોળી. વિ૦ ૯
પશુમાંથી માનવ કરી મુજને, એ ભગવતીયે ભણાવી;
ચાર મહાવૃત્ત ધારી એ સાધવી, રાજ્યબાળા સમજાવી. વિ૦ ૧૦
તોપણ જિનમત દ્વેષ હૃદયમાં, કાંઈ અસર નહિં થાવે;
મંત્રી ગૃહે ફરીવાર એ સાધવી, આહાર નિમિત્તે આવે. વિ૦ ૧૧
રાજ્યબાળા આવેલ આંગણે, રૂપમતી હાર [1]પરોતી,
ઉઠી વેરાવવા તવ નૃપ પુત્રી, કપટથી લાગને જોતી. વિ૦ ૧૨
ગઈ થીજ લેવા ઓરડામાં સખી, જોતી [2]અવળી આડી;
સાચા મોતીની [3]માલ સાધ્વીને, કપટે વળગાડી. વિ૦ ૧૩
અણુજાણતી લઈ આહાર સાધ્વી, નિજ ઉપાશ્રય આવે;
રૂપમતી નહિં માલ ભાળતા, કહે સખી એમ ક્યાં જાવે ? વિ૦ ૧૪
રાજ્ય પુત્રી કહે લઈ ગઈ સાધવી, મારી ઉપર કર્યાં નાખો;
માલ અપાવું દીધું નહિં મેં, મમતા અહું તું રાખે. વિ૦ ૧૫
ઇરિયાવહી પડીક્કમતા સાધવી, કરવા આહારની વેળા;
તેમે ઉપાશ્રય દ્વારે પેસતા, બેઉ સખી થઈ ભેળા વિ૦ ૧૬
બેસો બહાર કહે એમ સાધવી, કરવો આહાર અમારે;
અસૂર આવશું પછીથી તમને, વખત થયો છે વધારે. વિ૦ ૧૭
તોપણ રાજ્યપુત્રી ગઈ અંદર, રૂપમતી ને બોલાવે;
એમ કરે શું ? માલ આપો, સાધવી અચરજ પાવે. વિ૦ ૧૮
[illegible]
[illegible] વિ૦ ૧૯
[illegible]
[illegible] વિ૦ ૨૦

* નહિ કરો. ૧ પરોવતી. ૨ [illegible] ૩ [illegible] ૪ [illegible] ૫ [illegible]

તોયે પણ ફાંસો ગળે સાધવી, રોવે ભરાઈ આવે;
પેખી પાડોસણ સુરસુન્દરી ત્યાં ઝટ જઈને છોડાવે. વિ૦ ૨૧
છોડાવી ફાંસો તુરતજ તસ, સમતામાંહે લાવી;
કરે આહાર તવ સમજી સાધવી, પોતે નિજ ઘર આવી. વિ૦ ૨૨
વૈરાગ્ય નૃપ જિતશત્રુ તનૂજ, સુરસેન પ્રતે બેહુ પરણી;
રોષ વધેલો શોક સંબંધે, ભિન્ન ભિન્ન ધર્મની કરણી. વિ૦ ૨૩
કાવ્ય કથા દોહા શીખવેલી, ભેટ કાબર એક આવી;
[1]સુવર્ણ પીંજર ઠવી તિલકમંજરી-ને તાતે મોકલાવી. વિ૦ ૨૪
હર્ષ ભરાણી તિલકમંજરી, કાબર નિત્ય રમાડે;
મેણા દઇ નિત્ય રૂપમતીને, રમાડવા ના પાડે. વિ૦ ૨૫
રૂપમતી ભોળી થઇ પંખીણી, પિતા પાસે મંગાવી;
શોક સંબંધ જાણી ગયો મંત્રી; બહુ સ્થળમાં શોધાવી. વિ૦ ૨૬
હાથ ન [2]લાધી કાબર એહથી, કોસી સુન્દર લાવી;
સોવન પીંજર માંહે ઠવીને, પુત્રીને મોકલાવી. વિ૦ ૨૭
મનહર [3]નરભાષા વદે કાબર, પણ નહિ બોલે કોસી;
રૂપમતી વીલખાણી એહથી, પાંખો નાંખી [4]ખોસી. વિ૦ ૨૮
રૂપમતીની દાસી એહને, નવકાર મંત્ર સુણાવે;
સોળ પહોર દુઃખ પામી આરતધ્યાને પરભવ જાવે. વિ૦ ૨૯
ગિરિ વૈતાઢ્યે ગગન વલ્લભપુર, પવનવેગ નૃપ તેહનો;
કોસી જીવ તસ પુત્રી વીરમતી, વેગવતી કુખ ઉપન્યો. વિ૦ ૩૦
આભાપુરી વીરસેન નરેશને, વીરમતી પરણાવી,
[5]અપચ્છરદત્ત વિદ્યા સાધે તવ, ટળે લખ્યું નહિ ભાવી. વિ૦ ૩૧

---

૧ સોનાના હેમના ૨ આવી. ૩ મનુષ્યભાષા ૪ ખેંચી નાખી.
૫ અપચ્છરાએ આપેલ વિદ્યા.

પંખીણી ઘાત કર્યા પછી પુષ્કળ, રૂપમતી પસ્તાયે;
વીરસેન ચંદ્રાવતી રાણી, સૂત શ્રીચંદ એ થાયે. વિ૦ ૩૨
પોસહશાળાની પાડોસણ, સુરસુન્દરી હિત આણી;
ફાંસો છોડાવેલ તે થઇ ચંદની, પ્રથમ ગુણાવળી રાણી. વિ૦ ૩૩
સુમતી પ્રધાન કોસી રખવાળો, કરૂણા પંખીની ધારી;
શ્રીઅમાલા રૂપમતીની દાસી, કોસી તણી ઉપગારી. વિ૦ ૩૪
રાજસુતા જે તિલકમંજરી, સોરઠ દેશ સોહાવે;
વિમલપુરી મકરધ્વજ નૃપની, પુત્રી એ જીવ થાવે. વિ૦ ૩૫
પ્રેમલાલચ્છી નામ ઠવે તસ, પૂરવ કર્મ પ્રભાવે;
સાધવી જીવ કનકધ્વજ [1]કોઢી સિંહલનૃપ સુત થાવે. વિ૦ ૩૬
થાય [2]સબંધ એ બેહુનો લઘુવય, લગ્ન સમય પણ આવે;
પણ પુરવે ફાંસો નાખેલ એ, કર્મથી રોગ ન જાવે. વિ૦ ૩૭
તાત કનકરથ સિંહલભૂપ તસ, અને કનકવતી માતા;
હિંસક મંત્રી, [3]ધાવ કપીલા, ચિન્તાતુર સહુ થાતા. વિ૦ ૩૮
કપીલા ધાવ એ કાગર પૂરવે, જેણે વઢવાડ લગાડી;
નટવર જીવ એ સુરસેનનો, પકડ્યો જે બેહુ દાડી. વિ૦ ૩૯
કુષ્ટીનો મંત્રી જે હિંસક, તે કાગર રખવાળો;
પાર ન આવે પૂરવ કર્મનો, જિમ [4]ગાડીલીનો ગવાળો. વિ૦ ૪૦
આ જનમાં એમ પૂર્વ સંબંધે, સઘળે ભેગા થાવે;
લગ્ન સમય તીહાં ચંદ નરેશને, ભાગી બેઠી લાવે. વિ૦ ૪૧
પ્રેમલાલચ્છી પરણી ચાલે, સમસ્યા કહી [5]ગૂઢ આવે;
[illegible] વિ૦ ૪૨

૧ કોઢીઓ. ૨ [illegible] ૩ [illegible] ૪ [illegible]
૫ [illegible]

પ્રહસમે કપીલા હિંસક આદિ, મોટી પોક ત્યાં મુકે;
કૌઢી થયો સુત એ કન્યાથી, અવસર કર્મ ન ચુકે. વિ૦ ૪૩
રોપે ભરાણો રાય મકરધ્વજ, વિષકન્યા કહેવાણી;
[1]વધ કરવા આપી પણ છુટે, ભેદ પ્રકાશી શાણી. વિ૦ ૪૪
[2]અપરમાતાયે ચંદ નરેશને, જે કુર્કટ કરી દીધો;
સોળ પહોરનો સોળ વરસ સુધી, બદલો એ અહીં લીધો. વિ૦ ૪૫
પ્રાણપતી શીવનટ પૂરવભવ, શીવમાલા તસ દાસી;
કરે સંભાળ તે નવ વરસ સુધી, કુર્કટ રાયની ખાસી. વિ૦ ૪૬
તીર્થ પ્રભાવે સૂર્ય કુંડમાં, મનુષ્યપણું ફરી પાયે;
પૂર્વે શુદ્ધ જિનમત આરાધન, કીધો એહ પ્રભાવે. વિ૦ ૪૭
મનુષ્યરૂપે થયો ચંદ એ સાંભળી; વીરમતી [3]દુહાયે;
ગઈ હણવા પણ મરીને પોતે, [4]છઠ્ઠી પ્રુહવી જાયે. વિ૦ ૪૮
શ્રી મુનીસુવ્રત સ્વામી પુરવભવ, ચંદ નરેન્દ્રની આગે;
ભાખતા તવ ચારીત્ર લેવાને, નૃપતિને રંઢ લાગે. વિ૦ ૪૯
ચંદનૃપતિ, સાતસો એ રાણી, નટ, નટબાળા, પ્રધાને;
શ્રી મુનિસુવ્રત પાસે દીક્ષા, ગ્રહિ આશા ઉદ્યાને. વિ૦ ૫૦
સાધુકીયા સિદ્ધાંત અનુભવ, કરી જિનરાજ પસાયે;
ઉપશમ રસ થયા મગ્ન [5]રાજર્ષિ, ઘાતીકર્મ ખપાયે. વિ૦ ૫૧
કેવળ શ્રી વરી ભારત ભૂમિથી, જીવ અનેક નિસ્તારતા;
અનુક્રમે વિમલગિરિ રાજર્ષિ, આવે એમ વિચરતા. વિ૦ ૫૨
[6]સંલેષણ કરી માસનું એ ગિરિ, અજરામર પદ પાવે;
ગુણાવળી, પ્રેમલાલચ્છી [7]સાહુણી, એ પણ મોક્ષે જાવે. વિ૦ ૫૩

૧ હણવા-મારી નાખવા. ૨ ઓરમાન માતા ૩ દુહવાણી-કચવાણી
૪ છઠ્ઠી નારકીમાં. ૫ રાજઋષિ. ૬ અણસણ. ૭ સાધ્વી.

પંખીણી ઘાત કર્યા પછી પુષ્કળ, રૂપમતી પસ્તાયે;
વીરસેન ચંદ્રાવતી રાણી, સૂત શ્રીચંદ એ થાયે. વિ૦ ૩૨
પોસહશાળાની પાડોસણ, સુરસુન્દરી હિત આણી;
ફાંસો છોડાવેલ તે થઇ ચંદની, પ્રથમ ગુણાવળી રાણી. વિ૦ ૩૩
સુમતી પ્રધાન કોસી રખવાળો, કરૂણા પંખીની ધારી;
શીવમાલા રૂપમતીની દાસી, કોસી તણી ઉપગારી. વિ૦ ૩૪
રાજ્યસુતા જે તિલકમંજરી, સોરઠ દેશ સોહાવે;
વિમલપુરી મકરધ્વજ નૃપની, પુત્રી એ જીવ થાવે. વિ૦ ૩૫
પ્રેમલાલચ્છી નામ ઠવે તસ, પૂરવ કર્મ પ્રભાવે;
સાધવી જીવ કનકધ્વજ [૧]કોઢી સિંહલનૃપ સુત થાવે. વિ૦ ૩૬
થાય [૨]સબંધ એ બેહુનો લઘુવય, લગ્ન સમય પણ આવે;
પણ પુરવે ફાંસો નાખેલ એ, કર્મથી રોગ ન જાવે. વિ૦ ૩૭
તાત કનકરથ સિંહલભૂપ તસ, અને કનકવતી માતા;
હિંસક મંત્રી, [૩]ધાવ કપીલા, ચિન્તાતુર સહુ થાતા. વિ૦ ૩૮
કપીલા ધાવ એ કાબર પૂરવે, જેણે વઢવાડ લગાડી;
નટવર જીવ એ સુરસેનનો, પરણ્યો જે બેહુ લાડી. વિ૦ ૩૯
કુષ્ટીનો મંત્રી જે હિંસક, તે કાબર રખવાળો;
પાર ન આવે પૂરવ કર્મનો, જિમ [૪]ગહીલીનો ગવાળો. વિ૦ ૪૦
આ ભવમાં ઈમ પૂર્વ સંબંધે, સરવે ભેળા થાવે;
લગ્ન સમય તીહાં ચંદ નરેશને, ભાવી ખેંચી લાવે. વિ૦ ૪૧
પ્રેમલાલચ્છી પરણી ભાડે, સમશ્યા કરી [૫]ગૃહ જાવે;
દીધું કલંક પૂરવે સાધવીને, ઉદય આ સમયે આવે. વિ૦ ૪૨

---

૧ કોઢીયો. ૨ વેવિશાળ. ૩ ધાવમાતા. ૪ ઘેલી સ્ત્રીના ગાણાનો. ...મ ઘર.

પ્રહસમે કપીલા હિંસક આદિ, મોટી પોક ત્યાં મુકે;
દોહી થયો સુત એ કન્યાથી, અવસર કર્મ ન ચુકે. વિ૦ ૪૩
રોષે ભરાણો રાય મકરધ્વજ, વિષકન્યા કહેવાણી;
[1]વધ કરવા આપી પણ છુટે, ભેદ પ્રકાશી થાણી. વિ૦ ૪૪
[2]અપરમાતાયે ચંદ નરેશને, જે કુર્કટ કરી દીધો;
સોળ પહોરનો સોળ વરસ સુધી, બદલો એ અહીં લીધો. વિ૦ ૪૫
પ્રાણપતી **શીવનટ** પૂરવભવ, **શીવમાલા** તસ દાસી;
કરે સંભાળ તે નવ વરસ સુધી, કુર્કટ રાયની ખાસી. વિ૦ ૪૬
તીર્થ પ્રભાવે સૂર્ય કુંડમાં, મનુષ્યપણું ફરી પાવે;
પૂર્વે શુદ્ધ જિનમત આરાધન, કીધો એહ પ્રભાવે. વિ૦ ૪૭
મનુષ્યરૂપે થયો ચંદ એ સાંભળી; વીરમતી [3]દુહાયે;
ગઇ હણવા પણ મરીને પોતે, [4]છઠ્ઠી પુહવી જાયે. વિ૦ ૪૮
શ્રી મુનીસુવ્રત સ્વામી પુરવભવ, ચંદ નરેન્દ્રની આગે;
ભાણતા તવ ચારીત્ર લેવાને, નૃપતિને રંઢ લાગે. વિ૦ ૪૯
ચંદનૃપતિ, સાતસો એ રાણી, નટ, નટબાળા, પ્રધાને;
શ્રી મુનિસુવ્રત પાસે દીક્ષા, ગ્રહિ આશા ઉદ્યાને. વિ૦ ૫૦
સાધુકીયા સિદ્ધાંત અનુભવ, કરી જિનરાજ પસાયે;
ઉપશમ રસ થયા મગ્ન [5]રાજર્ષિ, ઘાતીકર્મ ખપાયે. વિ૦ ૫૧
કેવળ શ્રી વરી ભારત ભૂમિથી, જીવ અનેક નિસ્તરતા;
અનુક્રમે વિમલગિરિ રાજર્ષિ, આવે એમ વિચરતા. વિ૦ ૫૨
[6]સંલેષણ કરી માસનું એ ગિરિ, અજરામર પદ પાવે;
ગુણાવળી, પ્રેમલાલચ્છી [7]સાહુણી, એ પણ મોક્ષે જાવે. વિ૦ ૫૩

૧ હણવા–મારી નાખવા. ૨ ઓરમાન માતા ૩ દુહવાણી–કચવાણી.
૪ છઠી નારકી ગઇ. ૫ રાજઋષી. ૬ અણસણ. ૭ સાધ્વી.

બાકીના સોબતીયો અનુત્તર, વિમાને જઈ ઉપને;
મહાવિદેહ ક્ષેત્રે જન્મીને, વરશે શીવવધૂને. વિ૦ ૫૪
ત્રીશ હજાર વરસ આયુષ્ય સ્થિતિ, ભોગવી ચંદભૂપાળે;
ચારિત્ર એક હજાર વરસનું, આતમ ગુણ અજુઆળે. વિ૦ ૫૫
" દુર્લભ " નરભવ એ દૃષ્ટાંતથી, લ્હેજો સર્વ સુધારી;
આત્મબળે વર્તનમાં સુધરશે, તે તરશે નરનારી. વિ૦ ૫૬

---

(૫૪) "શ્રીગોહિલવાડપ્રાંતની વીશાશ્રીમાળી જ્ઞાતિસંમેલન"

સં. ૧૯૭૮ આસો વદ ૩ વલા (વલ્લભીપુરમાં)
થતા શરૂઆતે માંગલિકય પદ.

(પ્રીયતમ પ્રભુ નમીયે આપને ... ...એ રાગ)

નમીયે ત્રીશલા સૂતવીરને, કાટે જે કર્મ *ઝંઝીરને. નમીયે પદ૦
જીવન ચરિત્ર ધરતા દિલ જેહનું, પામીયે ભવજલ તીરને. ન૦ ૧
વીશાશ્રીમાળી જ્ઞાતિ સંમીલન, ચરણ કમળ ધરી [1]શીરને. ન૦ ૨
શુદ્ધમતી અરપો વક્તાને, વદવા અમૃત [2]ગિરને. ન૦ ૩
રામ નામ [3]રટતા, સમજણ વીણ, સાર જડેશું [4]કીરને. ન૦ ૪
અલ્પ વદે પાળે પરિપૂરણ; ધન્ય ધન્ય એ ધીરને. ન૦ ૫
નિઃસ્વાર્થ નિયમો શુદ્ધ પળાવા, દ્યો બળ જ્ઞાતિવીરને. ન૦ ૬
આગેવાન સહુ હંસ ચંચુવત, પૃથક કરી [5]પય-નીરને. ન૦ ૭
કરે ધારા ધોરણ, શુભ "દુર્લભ" એજ અરજ મહાવીરને. ન૦ ૮

---

* સાંકળ. ૧ મસ્તક-માથું. ૨ વાણી. ૩ બોલતા ૪ પોપટ.
૫ દૂધ-પાણી.

(૫૫) * સદરહુ પ્રસંગે ગવાયેલ ગાયન ૨ જું.

(ક્યાંથી આ સંભળાય મધુર સ્વર ક્યાંથી આ સંભળાય.—એ રાગ)

વલ્લભીપુર મોઝાર મળી આજે, વલ્લભીપુર મોઝાર;
વીશાશ્રીમાળી જ્ઞાતિસંમીલન, શોભા અપરંપાર. મળી૦ (ટેક) ૧
[1]ચરમ તિરથપતી ત્રીશલાનંદન, [2]ત્રિજગના આધાર;
પદપંકજ પ્રણુગી વીનવીયે, અરપો બુદ્ધિ ઉદાર. મળી૦ ૨
ભિન્ન ભિન્ન શહેરના આગેવાનો, કરી અમ અરજ સ્વીકાર;
આવ્યા હાલે જ્ઞાતિ હિત કરવા, માનીયે તસ આભાર. મળી૦ ૩
મનહર સાક્ષર વર્ગથી શોભતો, સભા મંડપ શીકાર;
કરશે ગર્જના જ્ઞાતિ હિતના, ઉચ્ચરી વિમલ વિચાર. મળી૦ ૪
રથખેંચી જાતો ગગને રવી, કરતો કીરણુ પ્રસાર;
સફળ વિચારતા પરિશ્રમ આજનો, પેખત કરી [3]પલકાર. મળી૦ ૫
ઓગણી અઠ્ઠોતેર વિક્રમના આસો માસ મોઝાર;
[4]દ્વિતીય બેઠકે વલ્લભીપુરનો, થાય સફળ સત્કાર. મળી૦ ૬
ફરફ્યાત અણુપટતા ખર્ચો, અગળા હિત હરનાર;
કાઢો ખરાબા જ્ઞાતિહિતનો, કરવા [5]પંથ શીકાર. મળી૦ ૭
ગુલાબચંદ સૂત કહે "દુર્લભ" પામી નર અવતાર;
નિઃસ્વાર્થ જ્ઞાતિહિત હૈયરે, ધરજો સહુ નરનાર. મળી૦ ૮

---

૧ છેલા અંતીમ. ૨ ત્રણ જગત. ૩ દગાકો–પ્રકાશ કરતો. ૪ સં. ૧૯૮૨ ના આસમાં પ્રથમ મોર ટાણા મુકામે ભરાયો ધારા ધોરણ કરેલ હેતો આ બીજી મોક એમ દર્શાવેલ છે. ૫ માર્ગ–રસ્તો
* સદરહુ બન્ને ગાયનો મુનિમહારાજ શ્રી વૃદ્ધિચંદજી જૈન શાળાના બાળકોએ ગાયા હતા

બાકીના સોબતીયો અનુત્તર, વિમાને જઈ ઉપને;
મહાવિદેહ ક્ષેત્રે જન્મીને, વરશે શીવવધૂને. વિ૦ ૫૪
ત્રીશ હજાર વરસ આયુષ્ય સ્થિતિ, ભોગવી ચંદભૂપાળે;
ચારિત્ર એક હજાર વરસનું, આતમ ગુણ અજુઆળે. વિ૦ ૫૫
"દુર્લભ" નરભવ એ દૃષ્ટાંતથી, લ્હેજો સર્વ સુધારી;
આત્મબળે વર્તનમાં સુધરશે, તે તરશે નરનારી. વિ૦ ૫૬

---

(૫૪) "શ્રીગોહિલવાડપ્રાંતની વીશાશ્રીમાળી જ્ઞાતિસંમેલન"

સં. ૧૯૭૮ આસો વદ ૩ વલા (વલ્લભીપુરમાં) થતા શરૂઆતે માંગલિકય પદ.

(પ્રીયતમ પ્રભુ નમીયે આપને ... ...એ રાગ)

નમીયે ત્રીશલા સૂતવીરને, કાટે જે કર્મ *ઝંઝીરને. નમીયે પદ૦
જીવન ચરિત્ર ધરતા દિલ જેહનું, પામીયે ભવજલ તીરને. ન૦ ૧
વીશાશ્રીમાળી જ્ઞાતિ સંમીલન, ચરણ કમળ ધરી [1]શીરને. ન૦ ૨
શુદ્ધમતી અરપો વક્તાને, વદવા અમૃત [2]ગિરને. ન૦ ૩
રામ નામ [3]રટતા, સમજણ વીણ, સાર જડેશું [4]કીરને. ન૦ ૪
અલ્પ વદે પાળે પરિપૂરણ; ધન્ય ધન્ય એ ધીરને. ન૦ ૫
નિઃસ્વાર્થ નિયમો શુદ્ધ પળવા, દ્યો બળ જ્ઞાતિવીરને. ન૦ ૬
આગેવાન સહુ હંસ ચંચુવત, પૃથક કરી [5]પય-નીરને. ન૦ ૭
કરે ધારા ધોરણ, શુભ "દુર્લભ" એજ અરજ મહાવીરને. ન૦ ૮

---

* સાંકળ. ૧ મસ્તક-માથું. ૨ વાણી. ૩ બોલતા ૪ પોપટ. ૫ દુધ-પાણી.

સમયાનુસાર સુકાર્ય કરવા–ને, ધરે [૧]નેતા ગતિ,
વીશાશ્રીમાળી કોમને, વિભુ આપજો રૂડી મતિ. ૧
દઇ દામ મન માન્યાં અને, શ્રીમાન વૃદ્ધ વયે વરે,
બરબાદ જીવન થાતું બાળાનું, બધું નજરે તરે;
જાતો કરો એ ડંડ અબળાની; નિવારે વિપત્તિ, વી૦ ૨
વિક્રય વધી વિદેશમાં, અબળા જતી અટકાવવા,
ફરજીયાત અણુઘટતા ખરચ, અંકુશ માંહે લાવવા;
જેથી રહે જળવાય આખી, કોમની નિર્મળ વૃતિ. વિ૦ ૩
થાયે ફજેતા બાળલગ્ન, [૨]શ્રીમંતના અવસરવડે,
આજીવિકા વીધવા તણી, કરવા સમય અટકી પડે;
એતે સમય શરૂઆતમાં, પડેલા તણી કરી જાગૃતિ. વિ૦ ૪
કરવા [૩]કમી કારંજવરા; બાળક તણાં તો મૂળથી,
[૪]રીબાય રળનારા જતા, સાધારણો એ સૂળથી;
સુધારવાને બાળતો, આવી બધી [૫]અણછાજતી. વિ૦ ૫
ફેશન વધી ફુલાઇને, કંઇ સ્વાતિએ વધતા જતા,
જ્ઞાતિ વિરૂદ્ધ વર્તન કરી, [૬]સ્વેચ્છા પ્રમાણે ચાલતા;
અવલોકતા બાજી ટકે નહિં, જગતમાં કાયમ [૭]રતી. વિ૦ ૬
વધવું ભલું વ્હેવારમાં વધવું ભલું માયા થકી,
વધવું ઉલંઘી જ્ઞાતિ નિયમો, એ નહિં સારૂં નકી;
વિચારણાએ [૮]દક્ષ પુરૂષોના, દિલે વૃદ્ધિ પામતી. વિ૦ ૭
મરહુમ[૯] બેચર શેઠ જ્ઞાતિ, હિતના કાર્યો કરી,

૧ આગેવાનો. ૨ શ્રીમત=અધરણી. ૩ ઓછા. ૪ દુઃખી થાય. ૫ નહિં શોભતી. ૬ પોતાની ઇચ્છા મુજબ. ૭ સારો વખત શોભા. ૮ ડાહ્યા વિદ્વાન પુરૂષો. ૯ ગોહીલવાડ પ્રાંતની વીશાશ્રીમાળી જ્ઞાતિના સ્વર્ગવાસી શેઠ.

પન્યાસજી મહારાજ શ્રીહિંમતવિજયજી ગણી નું જીવનવૃત્તાંત.

(૬૦) ગુરૂગુણ પચ્ચીશી.

([illegible] ....એ રાગ.)

નમું વીર જિનેશ્વર રાયરે, પ્રણમી શુભ શારદ માયરે;
[illegible] હિંમતવિજય ગુરૂરાય, ભવિ ગુરૂરાજ ચરિત્ર સાંભળતારે,
[illegible]........................ભવિ૦ (એ ટેક.)
[illegible] વિક્રમમાંહિ, ગુરૂ જન્મ [1]મરૂભૂમિમાંહિ;
[illegible] માત પિતા ત્યાં મનમાં...............................ભવિ૦ ૨
[illegible][2] [illegible] લાગીરે, [illegible] ત્યાગીરે;
[illegible] ધર્મમાં લગની લાગી..................................ભવિ ૩
[illegible] વિક્રમમાંહિ, લેઈ દિક્ષા [3]પાલી નગરમાંહિ;
[illegible]..ભવિ૦ ૪
ગુરૂ વિનય વિજયજી પાસેરે, લેઈ દિક્ષા [illegible] ઉલ્લાસેરે;
[illegible]..ભવિ૦ ૫
[illegible] દિક્ષા [4][illegible] રે,
[illegible]..ભવિ૦ ૬
[illegible] વિજયજી [illegible]રે, [illegible];
[illegible]..ભવિ૦ ૭
[illegible] વિજય [illegible]રે, [illegible];
[illegible] વિજય [illegible]..ભવિ૦ ૮
[illegible]રે, [illegible].
[illegible]..ભવિ૦ ૯

[illegible]

ગણી ઉમેદ વિજય પન્યાસરે, વૃદ્ધિચંદ મુનિચંદજીના પાસરે;
પરિવારથી ૬૬ શુદ્ધવાસ....................................ભવિ૦ ૧૦
દીક્ષામાં દિક્ષા ગુરૂ પાસરે, હૈના મનુર વિજયજી પન્યાસરે;
નીમે વૃદ્ધિચંદજી શિષ્ય તાસ....................................ભવિ૦ ૧૧
બીજા સુમતિ વિજય મુનિરાયરે, નવી દિક્ષા દેના સુખદાયરે;
નેમિ સુરિ શિષ્ય નિરમાય....................................ભવિ૦ ૧૨
શિષ્ય નરેંદ્ર વિજય તપ ધારીરે, બીજા પ્રધાન વિજય શુભ આગીરે;
ત્રીજા અમૃત વિજય મનોહારી....................................ભવિ૦ ૧૩
ગણી ખાન્તિ વિજય પન્યાસરે, જય ધનરૂપ વિજયજી તાસરે;
પદ શિષ્ય ગુરૂના વિખ્યાત....................................ભવિ૦ ૧૪
[1]જય વિજયજીના કલ્યાણરે, [2]પુષ્પ, ગમરેંદ્ર, ખાંતિના જાણરે;
[3]નરેંદ્રના લબ્ધીને ભાણ....................................ભવિ૦ ૧૫
ઓગણીસો ત્રેપનમાં આયરે, ચાતુર્માસ [4]વલ્લભીપુર થાયરે;
પામ્યા પરિચય પુન્ય પસાય....................................ભવિ૦ ૧૬
સાથે નરેંદ્રવિજય મુનિરાયરે, કરતા [5]સોળભત્તું આંયરે;
ગુરૂ ભક્તિ [6]ઓચ્છવવડે થાય....................................ભવિ૦ ૧૭
ઘરાના બેંતાળીશ ગામરે, કણબી જ્ઞાતિ સબંધી તમામરે;
કાઢી એકયતા કરી આઠામ....................................ભવિ૦ ૧૮
પાર્શ્વનાથ ભીલડીયા માંયરે, પોશ દશમીયે મેળો ભરાયરે;
કર્યું તીર્થ પ્રસિદ્ધ ગુરૂરાય....................................ભવિ૦ ૧૯

૧ જિયવિજયજીના શિષ્ય કલ્યાણવિજય. ૨ ગણી ખાંતીવિજયજી પન્યાસના શિષ્ય પુષ્પવિજય અને ચમરેંદ્રવિજય. ૩ નરેંદ્રવિજયજીના શિષ્ય લબ્ધીવિજય અને ભાણવિજય એ રીતે પ્રશિષ્ય સંખ્યા પાંચ થઈ. ૪ વલામાં. ૫ સોળ ઉપવાસ. ૬ અઠ્ઠાઈ મહોચ્છવ.

કચ્છદેશ તેમજ મારવાડરે, ગુર્જર અને કાઠીયાવાડરે;
કર્યો વિચરી અતિશય[1] પાડ........................ભવિ૦ ૨૦
ઉપગાર વાખ્યા જો લખાયરે, ચરિત્ર ગૌરવ વધી જાયરે;
પ્રભાવીક હતા ગુરૂરાય.................................ભવિ૦ ૨૧
કાળુ વચન ગુપ્તિ પર ધારીરે, તપ, સંયમ, નિયમ, મનોહારીરે;
પ્રતાપ છવાયેલ ભારી.................................ભવિ૦ ૨૨
આડત્રી વરસ ગુરૂરાયરે, પાળી દિક્ષા પર્યાય રે;
ચાતુર્માસ સિદ્ધાચળ જાય.................................ભવિ૦ ૨૩
[2]રતનચંદ ભંડારીમાં જાણુરે, ઓગણી ચોસઠે નિરવાણુરે;
ગયા સ્વર્ગે ચતુર સુજાણુ.................................ભવિ ૨૪
થરાનો સંઘ સમુદાયરે, નીરવાણુ [3]મહોચ્છવ કરે આંયરે;
વળા વાસી " દુર્લભ " ગુણુ ગાય.........................ભવિ૦ ૨૫

---

(૬૧) અંતિમ ઉદ્દગાર.

(હરિગીત છંદ.)

દુર્વ્યસન સપ્ત નિવારી, પાપસ્થાન અષ્ટાદશ તજે,
લહે લાભ દ્વાદશ ભાવના, વિચાર પૂર્વક જે ભજે;
ભક્તિ સ્ફુરે શુભ વિમલ ગિરિને, ચતુર્વિંશ સ્તવન વિષે,
જીનેંદ્ર સ્તવના વિવિધ વિષયો, તત્ત્વ સંબોધક દિસે;

(૧)

ગુણુ ગ્રહણુ કરવા હંસક્ષીર ન્યાયે ગ્રહો શુભ સારને,
લાવી દયા દિયો સ્થાન અંતર નિત્ય પર ઉપગારને

---

૧ ઉપગાર. ૨ રતનચંદ ભંડારીની ધર્મશાળામાં. ૩ થરાના સંઘે નિર્વાણુ મહોચ્છવ પનાલાલ બાણુમાં ધામધુમ પૂર્વક કરેલ.

ફ્તલાવવા નહિં ભાવ પુરણ, શક્તિ ચાહું ક્ષમા ભુલે,
ચંચળ ચડ્યો શુભ સાર અંતર, [1]ધર્મ રત્ન પમાઉલે.

(૨)

દક્ષ પુરૂષ ગુંથેલ-તત્વ વિચાર અંતરમાં ધરી,
મતલબ ગ્રહિ આ કાવ્ય રચના અલ્પ મતિ દ્વારા કરી;
હેતુ સુધરવા આત્મહિતનો, [2]ઓગણી અઠ્ઠોત્તરે,
તારણ તરણ નમી[3] વીર, અંતિમ અરજ 'દુર્લભ' ઉચ્ચરે.

(૩)

દોહરો.

વખત મળ્યો શુભ પુન્યથી, પડ્યો પાંશરો દાવ,
લાભલિયો નર જન્મનો બોધિ દુર્લભ ભાવ.



શ્રીમદ્ રત્નાકરસૂરિ વિરચિત રત્નાકર પચ્ચીશીનો ગુર્જર ભાષાનુવાદ.



(સવૈયા એકત્રીસા.)

મોક્ષરૂપ લક્ષ્મીની માંગલિક્ય, ક્રીડાના મંદીર સમાન,
ચરણ કમળ પ્રણમેલ જેમના, દેવેન્દ્રો તેમજ રાજાન;
ચોત્રીશ અતિશય શ્રેષ્ટ શોભતા, કેવળજ્ઞાન કળા ભંડાર,
એવા હે સર્વજ્ઞ! પ્રભુ તમે, ચીરંકાળ વર્તો જયકાર. ૧

---

૧ ધર્મરત્ન= શ્રીમદ્ વિજય ધર્મ સૂરિના શિષ્ય રત્ન વિજય, મહારાજ
૨ વીક્રમ સંવત ૧૯૭૮ નો સાલમાં ૩ વીર=શ્રી વર્ધમાન સ્વામી.

ત્રીજગના આધારભૂત હે, તેમજ કરૂણાના અવતાર,
દુઃખે નિવારી શકાય એહવા, દુનિયાના દળવા વીકાર;
વૈદ્ય સમાન શ્રી વિત્તરાગ પ્રભુ, જ્ઞાનવંત વિભુ છો વિશેષ,
વિનતી કરૂં છું આપ પ્રતિ હું, ભોળા ભાવ વડે લવલેશ. ૨

બાળક્રીડાએ કરી યુક્ત, વિકલ્પ રહિત મા બાપની પાસ,
નથી બોલતો બાળક શું એ, સત્ય હકીકત કરી પ્રકાશ;
એ રીતે હે નાથ! રહેલો, આપની આગળ હું પસ્તાય,
યથાર્થતા પૂર્વક દર્શાવું, મારો પોતાનો અભિપ્રાય. ૩

પાળ્યું નહિ સુંદર શિઅલવ્રત, તેમજ દીધું નહિં મેં દાન,
તપ્યો નહિં તપ બારે ભેદે, ઉત્તમ ભાવ થયો ન નિદાન,
આશ્ચર્ય હે પ્રભુ! એ વર્તનથી, મેં તો આભવની મોજાર;
ફોગટ ભ્રમણ કરીને નિશ્ચય, એળે ગુમાવ્યો અવતાર. ૪

ક્રોધરૂપ દાવાનળ અગ્નિ, માંહે હું તો દગ્ધ થયેલ,
દુષ્ટ એહવા લોભ નામના, મોટા સર્પથી ડંખાયેલ;
અને રહેલો છું અભિમાન, સ્વરૂપી અજગર વડે ગળાય,
બંધાયો માયારૂપ પાસે, ભજન આપનું શી રીત થાય. ૫

પરહિતકારી કાર્ય નથી મેં, પરભવ માંહે પણ કીધેલ,
હે લોકના ઇશ! તેથી હું, સુખ નથી આ લોકે પામેલ;
હે જિનેશ્વર! એ રીત નિશ્ચય, જન્મ અમારા જેવાનાંજ,
ફકત થયેલા ધારણ ભવની, પરીપૂર્ણતા કરવા કાજ. ૬

હે સુન્દર વર્તનવાળા! હું, મુખરૂપ ચંદ્ર તમારૂં જોય,
લાભવડે એ મોટા આનન્દ, રસને દિલ દ્રવ્યું નહિં તોય;
હે દેવ! જે નિમિત્ત અમારા, જેવા જનના ચિત્ત ચકોર,
માનું છું તે કારણ મનને, પથ્થરથી હું અધિક કઠોર. ૭

પુષ્કળ ભવના ભ્રમણ વડે જે, પ્રાપ્ત ઘણાં કષ્ટેથી થાય,
દર્શન, જ્ઞાન, ચરણ, રૂપ, રત્નત્રયીએ પામ્યો આપ પસાય,
તે ગઇ આળસરૂપ નિદ્રાને, આધિન થાતા તે મોઝાર,
હે સ્વામી ! આ કોની આગળ, જઇ કરવો મારે પોકાર. ૮

થયો મને વૈરાગ્ય રંગ એ, અવર જનો છેતરવા કાજ,
ધર્મતણો ઉપદેશ થયો મમ, લોકો રંજન કરવામાંજ,
ને થયો વાદવિવાદ નિમીત્તે, મારો વિદ્યાનો અભ્યાસ,
હે ઇશ ! હાસ્યજનક વૃત્તાંતએ, કેટલું મારૂં કરૂં પ્રકાશ, ૯
કરી પારકી નિન્દાઓને, દોષવાળું મુખ મેં કીધેલ,
તેમજ પરદારાઓ પેખી, નેત્રો મુજ દોષીત થયેલ;
કઇ ચિંતવીને પરનું મેં, દોષીત ચિત્ત કરેલું એમ,
હે પ્રભુ ! મારૂં શું થાશે ? હું આગળ થઇશ કૃતારથ કેમ? ૧૦
કામદેવરૂપ રોગવ્યથાની, દશામાં દિલ આધીન થયેલ,
કરી વિટંબના આત્માની મેં, વિષયોમાં હું અંધ બનેલ;
તે પણ પ્રગટ કરી દીધું મેં, આપની પાસે લાવી લાજ,
હે સર્વજ્ઞ ! તમે પોતે તો, જાણો છો સરવે અમ કાજ. ૧૧
અવગણના નવકાર મંત્રની, કરી અવર મંત્રે ભરમાય,
શ્રવણ કરી નહીં આગમવાણી, કુશાસ્ત્રના વાકયોને ન્હાય;
અને કુદેવ સંગતથી નિષ્ફળ, ઇચ્છયું મેં કરવાને કામ,
હે નાથ ! નિશ્ચય મુજ મતિમાં, વિભ્રમ એહ થયેલ તમામ. ૧૨
દ્રષ્ટિ લક્ષમાં આવેલા મુજ, એવા મેં છોડીને આપ,
મૂઢ બુદ્ધિવાળાએ હૃદયે, ધ્યાન ધર્યું ખાઇને થાપ;
સ્તન કટાક્ષ ગંભીર નાભિને, કટિ પ્રદેશ સબંધી બાજ;
સ્ત્રીઓના વિલાસો એ મેં; ધ્યાયા ધરી અંતરમાં રાજ. ૧૩

ચપળ નેત્રવાળી સ્ત્રીઓના, પેખી મુખ મુદ્રાના ભાગ,
લાગેલા છે મન સંબંધી લેશ, વિશેષ પ્રકારે રાગ,
ધોયો છતાં પવિત્ર સિદ્ધાંત, રૂપીએ રત્નાકર મોઝાર,
તોપણ દૂર થયો નહિં તેનું, કારણ શું હે તારણહાર. ૧૪

નથી સુશોભિત તન આમારૂં, નહિં સદ્દગુણ સમૂહનો ભાસ;
તેમજ નથી કોઇ મુજ માંહે, એવો નિર્મળ કળા વિલાસ,
દેદિપ્યમાન, કાન્તિ છે જેની, ઠકુરાઇ એવી પણ કોય,
છે નહિં હું અહંકારવડેથી, કદર્થના પામેલો તોય ૧૫

શીઘ્ર જાય આવરદા મારી, પાપબુદ્ધિ તોપણ નહિં જાય,
અને અવસ્થા ગઇ મારી પણ, વિષય વાસના તૃપ્ત ન થાય;
કર્યો પ્રયત્ન ઔષધ વિધિમાં, ધર્મ વિષે નથી યત્ન કરેલ,
હે સ્વામી ! હું કષ્ટ એ રીતે, મોટા મોહ વડે પામેલ. ૧૬

આત્મા, પરભવ, પુન્ય, પાપ કે; કશું નથી એમાંથી કાંય,
ધરી કાને મેં નાસ્તીકોની, એવી કડવી વાણી સ્હાય;
કેવળજ્ઞાન વડે કરી સૂર્ય, સમાન અતિ એવા સાક્ષાત,
હે દેવ ! ધીક્કાર હો મુજને, આપ છતાં રૂચી એ વાત. ૧૭

અર્ચા મેં કરી નહિં દેવની, નહિં સુપાત્ર પૂજા કીધેલ,
તેમજ શ્રાવક અને સાધુનો, ધર્મ નથી પણ મેં પાળેલ,
મનુષ્ય જન્મ પામેલો તોપણ, ગુમાવ્યું સઘળું મેં આમ,
જેથી કરેલ વિલાપ રાનમાં, એવું મારે થયું તમામ ૧૮

અસત્ય એહવા કામધેનુને, કલ્પવૃક્ષ ચિંતામણી રત્ન,
ચીતાથકી મેળવવા મનમાં, ઇચ્છા પૂર્વક કીધા યત્ન;
પણ ઇચ્છયો નહિં જૈન ધર્મ મેં, પ્રગટ સુખ દેનારો જેહ,
વિશેષ પ્રકારે મૂર્ખપણું મુજ, નીરખો હે જિનેશ્વર એહ ૧૯

સરસ સરસ ભોગોની લીલા, નિત્ય ચિંતવી મન મોઝાર,
પણ એ છે રોગોની જ્વાળા, મેં અધમે ન કરેલ વિચાર;
ચિંતવી મેં ધનની પ્રાપ્તીને, મરણ તુલ્ય નહિં એ ધારેલ,
અને ચિંતવી સ્ત્રીઓ દિલથી, નહિ ધારેલ નરકનો [1]ગેહ. ૨૦
સદાચારના સેવનથી હું, સાધુ હૃદયમાં નથી રહેલ,
તેમજ કીર્તિ પર ઉપકારી, કાર્યવડે નથી પ્રાપ્ત કરેલ;
તીર્થોદ્ધાર વિગેરે એવા, નથી કરેલા મેં શુભ કામ,
ફોગટ ગુમાવ્યો નિશ્ચય મેં, એવી રીતે જન્મ તમામ. ૨૧
ગુરૂ ઉપદેશ વડે વૈરાગ્યનો, રંગ નથી મુજને લાગેલ,
તેમજ નથી શાન્તિ દુર્જનના, વચનો માંહે મેં ધારેલ;
અને વળી અધ્યાત્મ જ્ઞાનનો, અંશ નથી મારામાં કાંય;
હે દેવ ! પછી કઇ રીતે આ, ભવસિંધુ મારાથી [illegible] [illegible]
પુણ્ય ઉપાર્જન પુર્વ ભવે મેં, કીધેલું નથી એવું [illegible]
અને આવતા જન્મ વિષે પણ, મારાથી નહિં [illegible]
જે માટે હું એવો મારા, ભૂત, ભાવીને, [illegible]
વ્યર્થ ગયા એ ત્રણે ભવોને, હે ઇશ ! [illegible]
અથવાનો વિશેષ પ્રકારે, ફોગટ હું શું [illegible]
હે દેવ ! હે પુજ્ય આ મારૂં, ચરિત્ર [illegible]
સ્વરૂપ નિરૂપણ ત્રણ જગતનું, [illegible]
કવણ માત્ર તેની આગળ આ, [illegible]

[illegible]

દિનજનનો ઉદ્ધાર કરવામાં [illegible]

૧ જેલ—[illegible]

કોય તેમજ આ લોકમાં.
કૃપાનું ભાજન નથી મારા થકી બીજો કોય, તોપણ હે
જિનેશ્વર રહેલ આ જગમાં;
લક્ષ્મીને માગતો નથી, પરંતુ અર્હન્નદેવ, મોક્ષ
લક્ષ્મીના સમુદ્ર પ્રાર્થના કરૂં છું હું,
અદ્વિતીય સ્થાનરૂપ, મંગળના આપો મને, "દુર્લભ"
સમ્યકત્વ, રત્ન સુખદાય મોક્ષનું. ૨૫

